આચાર્ય કુંદકુંદ અને તેમના ટીકાકાર

# સમયસાર

( ભાગ – ૧ )

## ⊙ પ્રથમ વિભાગ ⊙

## ⊙ સમયસાર ⊙

આત્માનુભવી સંત કુંદકુંદ આચાર્યની સર્વોત્કૃષ્ટ કૃતિ 'સમયસાર'માં શુદ્ધનયની દ્રષ્ટિથી નવતત્વોનું વિવેચન કરવામાં આવ્યું છે, જે તેમનાં અધિકારોનાં નામોથી સ્પષ્ટ છે. 415 ગાથાઓમાં ગૂંથાયેલાં નવ અધિકારોમાં વિભક્ત આ કૃતિનો મુખ્ય ઉદ્દેશ આત્મ સ્વરૂપની ઓળખાણ કરાવવાનો છે, ગ્રંથના મૂળ પ્રતિપાદ્યને સંકેત કરતાં આચાર્ય પોતે કહે છે :-

"तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहेवेण ।"[૧]

"તે એકત્વ - વિભક્ત આત્માને હું મારાં પોતાનાં સ્વવૈભવથી બતાવું છું."

સ્પષ્ટ છે કે પરથી ભિન્ન, સ્વથી અભિન્ન શુદ્ધાત્માનાં દર્શન જ આ કૃતિનું મૂળ પ્રતિપાદ્ય છે. તે ઉદેશ્યની પૂર્તિ માટે આ ગ્રંથમાં વિભિન્ન વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

-------------------------------

૧. આચાર્ય કુંદકુંદ : સમયસાર ગાથા, ૫

આ ગ્રંથની રચના વિસ્તાર રુચિવાળાં ઉત્તમ શિષ્યો માટે કરવામાં આવી હતી, તે જયસેન આચાર્યનાં નીચે આપેલાં કથનથી સ્પષ્ટ છે.

"अथ शुद्धपरमात्मतत्त्वप्रतिपादनमुख्यत्वेन विस्तररुचिशिष्यप्रतिबोधनर्थ श्रीकुन्दकुन्दाचार्यदेवनिर्मिते, समयसार – प्राभृतग्रन्थे [१]

હવે શુદ્ધ પરમાત્મ તત્વના પ્રતિપાદનને મુખ્યરૂપે લક્ષમાં લઈને વિસ્તારથી રુચિ રાખવાવાળાં શિષ્યોનાં પ્રતિબોધન માટે શ્રી કુંદકુંદચાર્યદેવ નિર્મિત સમયસાર પ્રાભૃત ગ્રંથમાં...

આ ગ્રંથનાં નામની વ્યુત્પત્તિ બતાવતાં જયસેન આચાર્ય તેનાં પ્રતિપાદ્યને નીચે પ્રમાણે સ્પષ્ટ કરતાં કહે છે કે :-

"सम्यक् अयः बोधो यस्य स भवति समय आत्मा । अथवा समं एकीभावेनायनं गमनं समयः । प्राभृतं सारं सारः शुद्धावस्था । समयस्य आत्मनः प्राभृतं समयप्राभृतं अथवा समय एव प्राभृतं समयप्राभृतं । [१]

જેમને સમ્યકજ્ઞાન થાય છે, તે સમય અર્થાત્ આત્મા છે. અથવા એકમેક રૂપથી ગમનનું નામ સમય છે. પ્રાભૃતનું તાત્પર્ય સાર વિષે છે. સાર શુદ્ધાવસ્થાને કહેવાય છે. તેથી આત્માની શુદ્ધાવસ્થાનું નામ 'સમય પ્રાભૃત' છે અથવા સમય જ પ્રાભૃત છે, તેથી સમયપ્રાભૃત છે અથવા

-------------------------------

૨. સમયસાર : તાત્પર્યવૃત્તિ ટીકાનો પ્રારંભિક અંશ. ૧. સમયસાર, ગાથા ૧ની તાત્પર્યવૃત્તિ

'प्रकर्षेण आसमन्तात् भृतम इति प्राभृतम'

એટલે કે જે બધી જગ્યાએથી ઉત્કૃષ્ટતાથી ભરેલું હોય, જેમાં પદાર્થોનો પૂર્વાપર વિરોધ - રહિત સાંગોપાંગ વર્ણન હોય, તેને સમયપ્રાભૃત કહેવાય છે.

આ ગ્રંથમાં સમય અર્થાત્ આત્મા અથવા સમસ્ત પદાર્થોનું સાંગોપાંગ (બધાં પડખાંથી, બધી રીતે) વર્ણન છે, તેથી આ સમયપ્રાભૃત છે."

'સમય' શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે :-

समयत एकत्वेन युगज्जनाति गच्छति चेति निरुक्तें'

અર્થાત્ જે એક સાથે સમસ્ત પદાર્થોને જાણે તે જ સમય છે.[૧] અથવા

समयत एकीभावेन स्वगुणपर्यायात् गच्छतीति निरुक्ते

અર્થાત્ જે પોતાનાં ગુણ - પર્યાયોની સાથે એકપણાને પ્રાપ્ત હોય, તે સમય છે.[૨]

ઉપરની વ્યુત્પત્તિઓથી સ્પષ્ટ છે કે શુદ્ધાવસ્થાયુક્ત આત્માનું વર્ણન જ સમયપ્રાભૃત છે અથવા આત્મા આદિ નવ પદાર્થોનું સર્વાંગ રીતે વિવેચન જ સમયસાર છે.

ઉપરનાં બંને કથનોમાં અવિરોધપણું હોવાથી સમયપાહુડનું પ્રચલિત

------------------------------

૧. સમયસાર, ગાથા ૨ની આત્મખ્યાતિ ટીકા.

૨. સમયસાર, ગાથા ૩ની આત્મખ્યાતિ ટીકા.

નામ 'સમયસાર' પણ તે અર્થની ઘોષણા કરે છે, જેમ કે 'સમયપાહુડ'. તેથી બંને નામ ગ્રંથની વિષયવસ્તુને સૂચિત કરવાવાળાં હોવાથી સાર્થક જ છે.

ઉપરનાં વિવેચનથી સ્પષ્ટ છે કે કુંદકુંદાચાર્ય રચિત આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ શુદ્ધાત્માનાં સ્વરૂપનું પ્રતિપાદન છે. તેથી તેમાં શુદ્ધનયની દ્રષ્ટિથી નવ તત્વોનું કથન મુખ્યરૂપે શુદ્ધાત્માના સ્વરૂપથી વર્ણવવામાં આવ્યું છે, કારણ કે સ્વરૂપની ઓળખાણ થવાથી જ તેની પ્રાપ્તિનો ઉપાય કરી શકાય છે.

પ્રસ્તુત કૃતિ લેખકની પોતાની કલ્પના નથી, પણ કેવળી તેમ જ શ્રુતકેવળી કથિત તત્વને પ્રસ્તુત કરવાવાળી છે. આ સંદર્ભમાં ગ્રંથકર્તા આચાર્ય પોતે લખે છે :-

"वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं" [१]

"શ્રુતકેવળી કથિત સમય કહીશ."

આ ગ્રંથ પર પ્રવચન કરતાં તેનાં મહિમાથી અભિભૂત થઈ આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજી સ્વામી કહે છે કે :-

"આ સમયસાર શાસ્ત્ર આગમોનો પણ આગમ છે, લાખો શાસ્ત્રોનો સાર આમાં છે; જૈનશાસનનો આ સ્તંભ છે; સાધક માટે કામધેનુ છે, કલ્પવૃક્ષ છે. આમાંની એક-એક ગાથા છઠ્ઠા - સાતમા ગુણસ્થાનમાં ઝૂલતાં મહામુનિનાં આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. આ શાસ્ત્રના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનનાં સમવશરણમાં ગયાં હતાં અને ત્યાં આઠ દિવસ રહ્યાં હતાં -

------------------------------

૧. સમયસાર, ગાથા ૧નો ઉત્તરાર્ધ.

આ વાત યથાતથ્ય છે, અક્ષરશ: સત્ય છે, પ્રમાણ - સિદ્ધ છે, આમાં લેશમાત્ર પણ શંકાને સ્થાન નથી. તે પરમ ઉપકારી આચાર્ય ભગવાન દ્વારા રચિત આ સમયસારમાં તીર્થંકર દેવની નિરક્ષરી ૐકાર - ધ્વનિમાંથી નીકળેલો જ ઉપદેશ છે."[૨]

આત્મરસમાં નિમગ્ન રહેવાવાળાં અમૃતચંદ્ર આચાર્યે આ ગ્રંથને નાટકનાં રૂપમાં ટીકા કરી તેને સહજ – બોધગમ્ય તેમ જ સરસ બનાવ્યું છે. અમૃતચંદ્ર આચાર્યે આના નાટકનું સ્વરૂપ આપવાના કારણે તે કુંદકુંદત્રયી 'નાટકત્રયી' નામથી પણ પ્રસિદ્ધ પામ્યું છે.

⊙ પૂર્વરંગ :-

પૂર્વરંગમાં મંગલાચરણપૂર્વક ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા કરવાની સાથે ગ્રંથનાં મૂળ પ્રતિપાદ્ય વિષય તેમ જ પ્રતિપાદન શૈલીનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

મંગલાચરણ ઉપરાંત કહેવામાં આવ્યું છે કે દર્શન - જ્ઞાન – ચારિત્રમાં સ્થિત જીવ સ્વસમય છે અને પુદગલકર્મનાં પ્રદેશોમાં સ્થિત જીવ પરસમય. એકત્વ – નિશ્ચયગત સમય જ લોકમાં સર્વત્ર સુંદર છે, કારણ કે એકત્વમાં બંધની વાત વિસંવાદ ઉત્પન્ન કરવાવાળી છે. વિસંવાદ - ઉત્પાદક કામ, ભોગ અને બંધની કથાથી તો સંપૂર્ણ જગત પરિચિત છે, એવું કોઈ નથી કે જેણે તે સાંભળી ન હોય, તેનો અનુભવ કર્યો ન હોય; પરંતુ એકત્વ-વિભક્ત આત્માની વાત ન તો આજ સુધી સાંભળી છે, ન તેનો પરિચય પ્રાપ્ત કર્યો છે, ન તેનો અનુભવ કર્યો છે.

આચાર્યદેવ કહે છે કે તે એકત્વ-વિભક્ત આત્માની વાત હું મારાં

-------------------------------

૨. સમયસાર, ઉપોદ્ઘાત, પેઇજ - ૧૪.

પોતાનાં વૈભવથી બતાવીશ. હે ભવ્ય જીવો! તેને તમે પ્રમાણ કરજો, ક્યાંય કોઈ ભૂલચૂક રહી જાય તો દોષ ગ્રહણ નહીં કરતાં.

તે એકત્વ-વિભક્ત આત્મા ન તો પ્રમત્ત છે, ન અપ્રમત્ત છે; તે તો એક જ્ઞાયક સ્વભાવ સ્વરૂપ જ છે. છતાં પણ વ્યવહારથી એમ કહેવાય છે કે તેમાં દર્શન - જ્ઞાન - ચારિત્ર છે; છતાં નિશ્ચયથી તેમાં જ્ઞાન નથી, દર્શન નથી, અને ચારિત્ર પણ નથી. તે તો માત્ર જ્ઞાયકભાવરૂપ જ છે.

જે પ્રકારે મ્લેચ્છને મ્લેચ્છ ભાષા વિના સમજાવવું શક્ય નથી; તે પ્રકારે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ આપવો અશક્ય છે. તેથી જ્ઞાયકભાવને પણ વ્યવહારથી ભેદ કરીને સમજાવવું પડે છે.

નિશ્ચયથી તો શ્રુતજ્ઞાનથી માત્ર આત્માને જાણવાવાળાં જ શ્રુતકેવળી છે, પણ વ્યવહારથી સંપૂર્ણ શ્રુતનાં જાણકારને શ્રુતકેવળી કહેવામાં આવે છે. વ્યવહારનય અભૂતાર્થ છે અને નિશ્ચયનય ભૂતાર્થ છે, ભૂતાર્થનાં આશ્રયથી જ જીવ સમ્યગ્દ્રષ્ટિ હોય છે. પરમભાવમાં સ્થિત જીવોને એક નિશ્ચયનય જ જ્ઞાતવ્ય છે. પરંતુ જે જીવ અપરમભાવમાં સ્થિત છે, તે જીવ વ્યવહારનય દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

આ પ્રમાણે ૧૨ ગાથાઓ તો ભૂમિકારૂપે છે. ૧૩મી ગાથામાં નવ તત્વોનાં નામ બતાવીને ૧૪મી ગાથાથી જીવતત્વની ચર્ચાનો આરંભ કર્યો છે.

ભૂતાર્થનયથી જાણેલ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ - આ નવતત્વ જ સમ્યકત્વ છે. ભૂતાર્થનયને નિશ્ચયનય અને શુદ્ધનય પણ કહેવાય છે. જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ તેમ જ અસંયુક્ત જાણે છે, તે શુદ્ધનય છે. જે

અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવોથી યુક્ત આત્માને જાણે છે, તે એક પ્રકારથી સર્વ જિનશાસનને જ જાણે છે, કારણ કે સમસ્ત જિનશાસનનો સાર એક શુદ્ધાત્મા જ છે.

પ્રેરણા આપતાં આચાર્ય કહે છે કે સાધુપુરુષોએ દર્શન - જ્ઞાન - ચારિત્રનું નિત્ય સેવન કરવું જોઈએ, કારણ કે તે ત્રણેય નિશ્ચયનયથી એક આત્મા જ છે. જે પ્રકારથી ધનાર્થી પુરુષ રાજાને જાણીને તેનું શ્રદ્ધાન કરે છે અને પ્રયત્નપૂર્વક તેનું જ અનુચરણ કરે છે, તે પ્રકારથી મોક્ષાર્થીએ જીવરૂપી રાજાને જાણવો જોઈએ, તેનું જ શ્રદ્ધાન કરવું જોઈએ તેમ જ તેનું અનુચરણ કરવું જોઈએ.

જે જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મને આત્મામય તેમ જ આત્માને દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમય માને છે, તે અજ્ઞાની છે, અજ્ઞાની જીવ પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તથા પરભાવોમાં અસદ્દભૂત આત્મવિકલ્પ કરે છે તેમ જ જ્ઞાની વસ્તુસ્વરૂપને જાણીને પરદ્રવ્ય તથા પરભાવોમાં અસદ્દભૂત આત્મવિકલ્પ નથી કરતો.

અજ્ઞાનીને સમજાવતાં આચાર્ય કહે છે કે ઉપયોગમય જીવદ્રવ્ય જો પુદ્‌ગલ દ્રવ્યમય થઈ જાય અથવા પુદ્‌ગલ દ્રવ્ય જીવત્વને પ્રાપ્ત થાય તો જ પુદ્‌ગલ દ્રવ્યને પોતાનું કહી શકાય, પરંતુ એવું તો થતું નથી, તેથી પરદ્રવ્યમાં આત્મવિક્લ્પ કરવાનાં છોડી દે!

આ કથન પર અજ્ઞાની શંકા કરે છે કે જો એમ જ છે તો પછી તીર્થંકરો તેમજ આચાર્યોની જે સ્તુતિઓ છે, તે બધી મિથ્યા થઈ જશે, જો તે મિથ્યા નથી તો આત્મા જ દેહ છે - એવું અમે માનીએ છીએ.

ઉપર્યુક્ત શંકાનું સમાધાન આચાર્ય નયવિભાગ દ્વારા કરતાં કહે છે કે વ્યવહારનયથી જીવ અને શરીરને એક કહેવામાં આવે છે, નિશ્ચયનયથી નહીં; તેથી પુદ્ગલમય દેહની સ્તુતિને જિનદેવની સ્તુતિ માનવી વ્યવહાર કથન છે, નિશ્ચય કથન નહીં. નિશ્ચયથી શરીરનાં ગુણ કેવળીનાં નથી હોતાં; તેથી શરીરની સ્તુતિ થકી કેવળીની સ્તુતિ નથી હોતી; પરંતુ કેવળીનાં સ્વદ્રવ્યાશ્રિત ગુણોની સ્તુતિથી જ તેમની વાસ્તવિક સ્તુતિ થાય છે.

ઉપર્યુક્ત નિર્ણય કરીને જે જીવ ઇન્દ્રિયો તથા મોહને જીતીને અન્ય દ્રવ્યોથી પૃથક્ આત્માને જ્ઞાનમય જાણે છે, તેને 'જીતેન્દ્રિય' અને 'જીતમોહી' કહેવામાં આવે છે. જ્યારે આ જીતમોહી સાધુ મોહને સત્તામાંથી પણ ક્ષીણ કરે છે, ત્યારે તેમને 'ક્ષીણમોહ' કહેવામાં આવે છે.

જેમ લોકમાં કોઈ પુરુષ પરવસ્તુને પર જાણીને છોડી દે છે, તેમ જ જ્ઞાની પુરુષ સમસ્ત પરદ્રવ્યો તેમ જ પરભાવોને પર જાણીને છોડી દે છે. પરવસ્તુને પર જાણીને તેનું ગ્રહણ ન કરવું જ ત્યાગ છે, પ્રત્યાખ્યાન છે. તે કારણે જ જ્ઞાની પોતાનાં સિવાય સમસ્ત પરભાવોને પર જાણીને તેનું ગ્રહણ નથી કરતાં. આ પ્રકારે સ્પષ્ટ છે કે જ્ઞાન જ ત્યાગ છે, પ્રત્યાખ્યાન છે.

'મોહ તેમ જ ધર્માદિ દ્રવ્ય મારાં જરા પણ નથી, હું એક ઉપયોગમાત્ર છું.' - એવું જાણવાવાળાંને 'મોહથી નિર્મમત્વ' તથા 'ધર્માદિથી નિર્મમત્વ' કહેવામાં આવે છે.

જ્ઞાની એ જાણે છે કે નિશ્ચયથી પરમાણુ માત્ર પરદ્રવ્ય મારાં નથી, હું તો એક શુદ્ધ, દર્શન – જ્ઞાનમય, સદા અરૂપી છું.

આ પ્રકારે આ ૩૮ ગાથાઓમાં આચાર્યે શુદ્ધનયથી શુદ્ધ જીવનું સ્વરૂપ બતાવીને અજ્ઞાનીની માન્યતા તથા તે માન્યતાનાં હેતુ પણ આ પ્રકરણમાં દર્શાવી દીધાં છે.

⊙ જીવાજીવાધિકાર :-

આ અધિકારમાં પરપદાર્થોથી ભિન્ન જીવનાં શુદ્ધ સ્વરૂપનાં પ્રતિપાદનની સાથે જીવથી સંબંધ રાખવાવાળાં તે બધાં પદાર્થોને અજીવ બતાવવામાં આવ્યાં છે, જે જીવનાં શુદ્ધ સ્વરૂપમાં નથી તેથી અજીવ દ્રવ્ય તો અજીવ છે જ, તેની સાથે જે ઔપાધિક ભાવ છે તે પણ અજીવ જ છે; પરંતુ જીવના વાસ્તવિક સ્વરૂપને ન જાણવાવાળાં ઔપાધિક ભાવોને જ જીવ માની લે છે. તેથી આચાર્ય અજ્ઞાની દ્વારા જીવ માનવાવાળાં ઔપાધિક ભાવોનું વર્ણન કરતાં તેમની માન્યતાને વિપરીત સિદ્ધ કરે છે.

જીવ - અજીવ - બંને અનાદિકાળથી એકક્ષેત્રાવગાહ સંયોગરૂપથી મળેલાં છે અને અનાદિકાળથી જ પુદ્ગલનાં સંયોગથી જીવની અનેક વિકાર સહિત અવસ્થાઓ થઈ રહી છે. પરમાર્થ દ્રષ્ટિથી જોતાં એ પ્રતીત થાય છે કે જીવ પોતાનાં ચૈતન્યત્વ આદિ ભાવોને નથી છોડતાં અને પુદ્ગલ પોતાનાં મૂર્તિક, જડત્વ આદિને નથી છોડતો. જે પરમાર્થને નથી જાણતો, તે સંયોગોથી અધ્યવસાનાદિ ભાવોને જ જીવ કહે છે. પરંતુ પુદ્ગલથી ભિન્ન જીવનું સ્વરૂપ સર્વજ્ઞને દેખાય છે. સર્વજ્ઞની પરંપરાને આગમ દ્વારા જાણી શકાય છે. જેમના મતમાં સર્વજ્ઞ નથી, તે પોતાની બુદ્ધિથી અનેક પ્રકારની કલ્પનાઓ કરતાં કરતાં કહે છે કે અધ્યવસાન જ જીવ છે. કર્મ જ જીવ છે, નોકર્મ જ જીવ છે, અધ્યવસાનોમાં તીવ્ર – મંદ અનુભાગ જ જીવ છે, કર્મનો

ઉદય જ જીવ છે, કર્મનું ફળ જીવ છે, જીવ અને કર્મ મળેલાં છે તેમ જ કર્મોના પરસ્પર સંયોગથી મળેલો જીવ છે, આમ, આ સમસ્ત કથન ઉચિત (યોગ્ય) નથી, કારણ કે આઠે પ્રકારનાં કર્મ દુખનાં હેતુ અને પુદ્દગલમય છે તેમ જ અધ્યવસાનાદિ ભાવ પણ પુદ્ગલ - નિષ્પન્ન હોવાથી પુદ્ગલ સ્વરૂપ છે, તેથી તે જીવ ન હોઇ શકે. શાસ્ત્રોમાં આ ભાવોને જ વ્યવહારથી આત્માના કહેવાય છે, નિશ્ચયથી નહીં. નિશ્ચનનયથી જીવનાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી; શરીર, સંસ્થાન, સંહનન નથી; રાગ-દ્વેષ, મોહ નથી; પ્રત્યય, કર્મ, નોકર્મ નથી; વર્ગ, વર્ગણા, સ્પર્ધક નથી; અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન નથી, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંક્લેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન નથી; અને જીવનાં જીવસ્થાન તથા ગુણસ્થાન પણ નથી, કારણ કે તે પુદ્દગલનાં પરિણામ છે.

ઉક્ત વર્ણાદિથી લઈને ગુણસ્થાનપર્યંત ભાવોનો જીવની સાથે સંયોગ સંબંધ છે, તેથી તેને વ્યવહારથી જીવનાં કહેવામાં આવે છે, પણ નિશ્ચયથી તે જીવમાં નથી; કારણ કે આ સમસ્ત ભાવ ઉપયોગ ગુણથી રહિત છે તેમજ જીવ ઉપયોગ ગુણમય છે.

વર્ણાદિભાવોનો જીવની સાથે તાદાત્મ્યસંબંધ પણ નથી, કારણ કે તે ભાવ સંસારસ્થિત જીવોને જ હોય છે, મુક્ત જીવોને નહીં. જો આમાં તાદાત્મ્ય સંબંધ માનીશું તો જીવ - અજીવનો ભેદ રહેશે નહિ તેમ જ આવી સ્થિતિમાં સંસારસ્થિત જીવ રૂપિત્વમય થઈ જાશે. રૂપિત્વ પુદ્દગલનું લક્ષણ છે તેથી પુદ્ગલ દ્રવ્ય જ જીવ કહેવાશે. આવું થવાથી મોક્ષ પણ પુદ્દગલનો જ થશે, જીવનો નહિ તેમજ મોક્ષ થવાથી પુદ્દગલ

જ જીવત્વને પ્રાપ્ત થયો કહેવાશે. તેથી વર્ણાદિભાવોનો જીવની સાથે તાદાત્મ્ય સંબંધ પણ નથી. જીવ તો અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, અનિર્દિષ્ટસંસ્થાન, અશબ્દ, અલિંગગ્રહણ તેમજ ચેતનામય છે.

આ પ્રકારે આપણે જોયું કે આત્મામાં ઉત્પન્ન થવાવાળાં આત્માનાં વિભાવભાવોને અજીવત્વ સિદ્ધ કરવું જ આ અધિકારનું મૂળ કેન્દ્રબિંદુ છે.

⊙ કર્તા - કર્મ અધિકાર :-

આ અધિકારમાં જીવ-અજીવનાં સ્વરૂપને જ કર્તા-કર્મની મુખ્યતાથી વર્ણવ્યાં છે, જેમાં અજ્ઞાની જીવની કર્તા-કર્મ સંબંધી ભ્રાંતિઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે તથા કર્તા-કર્મના વાસ્તવિક સ્વરૂપને બતાવવામાં આવ્યું છે.

જ્યાં સુધી આ જીવ આત્મા અને આસ્રવનાં ભેદને નથી જાણતો, ત્યાં સુધી તેની ક્રોધાદિક આસ્રવોમાં પ્રવૃત્તિ હોય છે. આ પ્રવૃત્તિ જીવનાં કર્મબંધનો મૂળ હેતુ છે. જ્યારે જીવ આત્મા અને આસ્રવનાં ભેદને જાણે છે, ત્યારે તેને બંધ થતો નથી. આ પ્રકારે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે, કારણ કે જ્યારે જીવ આસ્રવોને અશુચિ, અધ્રુવ, અનિત્ય, અશરણ, સ્વભાવથી વિપરીત, દુ:ખરૂપ તેમજ દુ:ખનાં કારણ જાણે છે, ત્યારે તે તેનાથી નિવૃત્ત થાય છે.

હું તો નિશ્ચયથી એક, શુદ્ધ, નિર્મમ તેમજ જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ છું, તેમજ તેમાં લીન થતાં સર્વ ક્રોધાદિ આસ્રવોનો ક્ષય કરું છું.

જે આત્મા કર્મના પરિણામ અને નોકર્મના પરિણામને નથી કરતાં; માત્ર જાણે છે, તે જ્ઞાની છે તેથી જ્ઞાની અનેક પ્રકારનાં પુદ્દગલ કર્મને, પુદ્દગલ કર્મનાં અનંત ફળને તેમજ અનેક પ્રકારનાં પોતાનાં પરિણામોને

જાણતાં થકા નિશ્ચયથી પરદ્રવ્યની પર્યાયમાં પરિણમીત નથી થતાં, તેને ગ્રહણ નથી કરતાં, તે રૂપે ઉત્પન્ન નથી થતાં, તે જ પ્રકારે પુદ્‌ગલ દ્રવ્ય પણ પોતાનાં ભાવોથી પરિણમન કરતાં પરદ્રવ્યની પર્યાયરૂપ પરિણમિત નથી થતાં, તેને ગ્રહણ નથી કરતાં અને તે રૂપ ઉત્પન્ન નથી થતાં. તેથી સ્પષ્ટ છે કે એક દ્રવ્ય બીજાં દ્રવ્યરૂપ નથી પરિણમતું.

જીવ અને પુદ્‌ગલમાં કર્તા-કર્મ સંબંધ નથી, તેમાં તો નિમિત્ત - નૈમિત્તિક સબંધ છે કારણ કે પરસ્પર નિમિત્તથી બંનેનાં પરિણામ થાય છે. પુદ્‌ગલ, જીવનાં પરિણામનાં નિમિત્તથી કર્મરૂપ પરિણમે છે અને જીવ, પુદ્‌ગલ કર્મનાં નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે. જીવ, કર્મનાં ગુણોને નથી કરતું; કર્મ, જીવનાં ગુણોને નથી કરતું પરંતુ પરસ્પર નિમિત્તથી બંનેનું પરિણમન થાય છે. તેથી સ્પષ્ટ છે કે નિશ્ચયનયથી આત્મા, પુદ્‌ગલ કર્મથી કરેલાં સમસ્ત કર્મોનો કર્તા નથી, પરંતુ પોતાનાં ભાવોનો જ કર્તા છે, ભોક્તા છે અને વ્યવહારનયથી આત્મા અનેક પ્રકારથી પુદ્‌ગલ કર્મનો કર્તા અને ભોક્તા છે.

જો આત્માને, આત્મા તથા પુદ્ગલકર્મ - બંનેના ભાવોનો કર્તા - ભોક્તા માનીશું તો આત્મા બે ક્રિયાઓથી અભિન્ન થશે, પણ તે શક્ય નથી.

મિથ્યાત્વ બે પ્રકારનું છે - જીવ મિથ્યાત્વ અને અજીવ મિથ્યાત્વ. તે પ્રકારે અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ અને કષાય પણ બે પ્રકારનાં છે - જીવ–અજ્ઞાન, અજીવ–અજ્ઞાન, જીવ-અવિરતિ, અજીવ-અવિરતિ, જીવ-યોગ, અજીવ-યોગ, જીવ–મોહ, અજીવ–મોહ, જીવ–કષાય, અજીવ–કષાય.

તેમાં જે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગ અજીવમય છે, તે પુદ્‌ગલ કર્મરૂપ છે; જે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગ જીવમય છે, તે ચૈતન્યનાં પરિણમરૂપ ઉપયોગમય છે.

નિશ્ચયનયથી ઉપયોગ શુદ્ધ, નિરંજન અને એક છે, પરંતુ અનાદિથી મોહયુક્ત હોવાથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ - આ ત્રણે વિકાર પરિણામ અનાદિથી ઉપયોગનાં જ છે. આ વિકારમય ઉપયોગ જે વિકારીભાવને કરે છે, તે ભાવનો જ કર્તા થાય છે.

આત્મા જે ભાવને કરે છે, તે ભાવનો તે કર્તા થાય છે. આત્મા કર્તા હોવાથી પુદ્‌ગલ દ્રવ્ય પોતાની રીતે જ કર્મરૂપ પરિણમિત થાય છે.

આ ત્રણ પ્રકારનો ઉપયોગ જ્યારે ક્રોધાદિ કષાયોમાં 'હું ક્રોધ છું' - એ પ્રકારે થતાં ધર્માદિ દ્રવ્યોમાં 'હું ધર્મદ્રવ્ય છું' -તે પ્રકારે આત્મવિકલ્પ કરે છે, ત્યારે આત્મા તે ઉપયોગરૂપ પોતાનાં ભાવોનો કર્તા થાય છે. આ પ્રકારે અજ્ઞાની તે કર્મોનો કર્તા છે. પરંતુ જ્યારે જીવ પોતાને પરરૂપ અને પરને પોતારૂપ નથી કરતો, ત્યારે તે કર્મોનો અકર્તા હોવાથી સર્વકર્તૃત્વને છોડે છે.

વ્યવહારથી આત્માને ઇંદ્રિયોનો, ઘટ - પટ - રથાદિ વસ્તુઓનો[૧] શરીરાદિ નોકર્મનો અને અનેક પ્રકારથી ક્રોધાદિ દ્રવ્યકર્મોનો કર્તા કહેવામાં આવે છે, પણ તે યોગ્ય નથી, કારણ કે જો આત્મા પરદ્રવ્યોનો કર્તા થાય તો નિયમથી તે તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય, પણ તે તન્મય થતો નથી તેથી તે તેનો કર્તા નથી.

આત્મા, પુદ્‌ગલ કર્મના દ્રવ્ય અને ગુણોને નથી કરતો તેથી તે પુદ્‌ગલનો

------------------------------------

૧. સમયસાર, ગાથા 98

કર્તા નથી. જે દ્રવ્ય, દ્રવ્ય અને ગુણ જેમાં રહે છે તે, અન્ય દ્રવ્ય અને ગુણમાં સંક્રમણને પ્રાપ્ત નથી થતું. અન્ય દ્રવ્ય અને ગુણમાં સંક્રમણને પ્રાપ્ત ન થવાથી તે દ્રવ્ય, અન્ય દ્રવ્ય અને ગુણમાં કેવી રીતે પરિણમન કરાવી શકે? તેથી એમ સિદ્ધ થાય છે કે એક દ્રવ્ય (જીવ) અન્ય દ્રવ્ય (પુદ્‌ગલ)નાં પરિણમનનો કર્તા નથી, પરંતુ જીવનાં નિમિત્તભૂત હોવાથી કર્મબંધનું પરિણામ થવાથી 'જીવે કર્મ કર્યું' - એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહારનયથી આત્મા જ પુદ્‌ગલદ્રવ્યને ઉત્પન્ન કરવાવાળો (કર્તા)[૧], બાંધવાવાળો, પરિણામ કરવાવાળો અને ગ્રહણ કરવાવાળો કહેવામાં આવે છે. વ્યવહારનયથી જીવને જ પુદ્‌ગલદ્રવ્યનાં દ્રવ્ય - ગુણોને ઉત્પન્ન કરવાવાળો પણ કહેવામાં આવે છે.

આત્મા તો યોગ અને ઉપયોગનો કર્તા છે, પરંતુ તે પરદ્રવ્યોનાં કર્તૃત્વમાં નિમિત્ત હોય છે. આત્મા જે શુભ અથવા અશુભ ભાવોને કરે છે, તે ભાવનો તે કર્તા થાય છે, તે તેનાં કર્મ થાય છે અને આત્મા તે ભાવરૂપ કર્મનો ભોક્તા પણ થાય છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ - આ ચાર પ્રકારનાં પ્રત્યય બંધનાં સામાન્ય કારણ છે. તેનાં તેર (૧૩) પ્રકારનાં[૨] ભેદ છે, પણ તે અચેતન છે, કારણ કે તે પુદ્‌ગલ કર્મનાં ઉદયથી થાય છે. આ 'ગુણ'[3] નામક પ્રત્યય કર્મ કરે છે. તેથી સ્પષ્ટ છે કે 'ગુણ' જ કર્મોના કર્તા છે. આત્મા તેનો કર્તા કે ભોક્તા નથી.

-----------------------------------

૧. સમયસાર, ગાથા ૧૦૭

૨. ૧૩ ગુણસ્થાન.

૩. અહીં 'ગુણ'નું તાત્પર્ય ગુણસ્થાનોથી છે.

જીવનો ઉપયોગ તેમજ ક્રોધાદિ અન્ય - અન્ય છે, અનન્ય નહીં, ઉપયોગની જેમ ક્રોધાદિને પણ જીવથી અનન્ય માનવાથી જીવ અને અજીવમાં અનન્યત્વ સિદ્ધ થશે, જેના વડે જગતમાં જે જીવ છે, તે નિયમથી અજીવ સિદ્ધ થશે, પણ તે તો પ્રત્યક્ષ વિરુદ્ધ જ છે.

પ્રત્યય, નોકર્મ અને કર્મને જીવથી અનન્ય માનવા છતાં તેમાં ઉક્ત દોષ આવશે તેથી તે પણ ક્રોધાદિની સમાન આત્માથી ભિન્ન છે.

તે પશ્ચાત્ આચાર્ય પ્રકૃતિ - પુરુષને અપરિણામી માનવાવાળાં સાંખ્યમતને પ્રસ્તુત કરીને તેમાં વિપ્રતિપત્તિ (પરસ્પર વિરુદ્ધ વાક્ય) (Contradiction)નું પ્રદર્શન કરવા ઉપરાંત પુદ્દ્ગલ દ્રવ્યનો પરિણામ - સ્વભાવ સિદ્ધ કરે છે.

પુદ્દ્ગલ દ્રવ્ય જીવમાં સ્વયં નથી બંધાતો અને કર્મભાવથી તે સ્વયં નથી પરિણમતો - એવું માનવાથી પુદ્દ્ગલ અપરિણામી સિદ્ધ થાય છે તેમજ કાર્માણવર્ગણાઓ કર્મભાવથી પરિણમિત ન થવાથી સંસારનો અભાવ સિદ્ધ થાય છે. આ પ્રકારે સાંખ્યમતનો પ્રસંગ આવે છે. જો એમ માનવામાં આવે કે જીવ, પુદ્દ્ગલ દ્રવ્યોને કર્મભાવથી પરિણમાવે છે તો એ પ્રશ્ન ઉત્પન્ન થાય કે જે સ્વયં નથી પરિણમતો તે આ વર્ગણાઓને ચેતન આત્મા કેવી રીતે પરિણમાવી શકે? અથવા જો પુદ્દ્ગલ દ્રવ્ય પોતાની રીતે જ કર્મભાવથી પરિણમે છે, તો જીવ, કર્મરૂપ પરિણમે છે - તે કથન મિથ્યા સિદ્ધ થશે.

ઉક્ત વિપ્રતિપત્તિ (સમસ્યા)નું નિરાકરણ કરતાં આચાર્ય કહે છે કે બધાં દ્રવ્ય પરિણમન સ્વભાવવાળાં છે, તેથી, તે પોત – પોતાનાં ભાવનાં સ્વયં જ કર્તા છે. તેથી કર્મરૂપ પરિણમિત પુદ્દ્ગલ દ્રવ્યનો કર્તા

કર્મ જ છે. - જ્ઞાનાવરણાદિરૂપ પરિણમિત પુદ્ગલ દ્રવ્યનો કર્તા જ્ઞાનાવરણાદિ જ છે.

આ પ્રમાણે પુદ્ગલ દ્રવ્યનું પરિણામપણું સિદ્ધ કર્યા બાદ જીવ દ્રવ્યનું પરિણામપણું સિદ્ધ કરતાં સાંખ્ય મતને પ્રસ્તુત કરે છે.

જીવ કર્મ જાતે (સ્વયં) નથી બાંધતો અને ક્રોધાદિભાવથી જાતે (સ્વયં) નથી પરિણમતો - જો એમ માનીએ તો જીવ અપરિણામી સિદ્ધ થાય અને જીવ જાતે (સ્વયં) ક્રોધાદિરૂપ પરિણમતો ન હોવાથી સંસારનો અભાવ સિદ્ધ થાય. આ પ્રમાણે સાંખ્ય મતનો પ્રસંગ આવે છે પણ જો એમ માનવામાં આવે કે પુદ્ગલ કર્મરૂપ ક્રોધ જીવને ક્રોધરૂપ પરિણમન કરાવે છે તો સ્વયં ન પરિણમતા એવા જીવને ક્રોધ કેવી રીતે પરિણમન કરાવી શકે? અથવા જો આત્મા સ્વયં ક્રોધભાવથી પરિણમે છે તો ક્રોધ જીવને ક્રોધરૂપ પરિણમન કરાવે છે - આ કથન મિથ્યા સિદ્ધ થશે.

તેથી એમ સિદ્ધ થાય છે કે ક્રોધાદિ કષાયમાં ઉપયુક્ત આત્મા ક્રોધાદિ કષાયમય જ છે.

આનાં પરથી એમ સ્પષ્ટ થાય છે કે આત્મા જે ભાવને કરે છે, તે ભાવરૂપ કર્મનો તે કર્તા હોય છે. જ્ઞાનીના ભાવ જ્ઞાનમય હોય છે, જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ ઉત્પન્ન થાય છે, માટે જ્ઞાનીઓનાં સમસ્ત ભાવ જ્ઞાનમય જ છે, તેઓ કર્મોનાં કર્તા નથી, અને અજ્ઞાનીનાં ભાવ અજ્ઞાનમય છે, અજ્ઞાનમય ભાવોમાંથી અજ્ઞાનમય ભાવ ઉત્પન્ન થાય છે, તેથી અજ્ઞાનીઓનાં ભાવ અજ્ઞાનમય જ હોય છે. અજ્ઞાનીને અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગનાં ઉદયનાં કારણે જ દ્રવ્યકર્મનો બંધ થાય છે.

જીવોને વસ્તુસ્વરૂપનું જ્ઞાન ન હોવું જ અજ્ઞાનનો ઉદય, તત્વનું અશ્રદ્ધાન જ મિથ્યાત્વનો ઉદય, અત્યાગભાવ જ અસંયમનો ઉદય, મલિન ઉપયોગ જ કષાયનો ઉદય અને શુભ – અશુભ પ્રવૃત્તિ અથવા નિવૃત્તિરૂપ મન - વચન – કાયાની ચેષ્ટાનો ઉત્સાહ જ યોગનો ઉદય છે.

ઉક્ત ઉદયોના હેતુભૂત થવાથી કાર્માણવર્ગણાઓ જ્ઞાનાવરણાદિ રૂપથી આઠે પ્રકારે પરિણમન કરે છે અને જ્યારે આ કાર્માણવર્ગણાઓ વસ્તુત: જીવથી બંધાય છે, ત્યારે જીવ પોતાની જાતે (સ્વયમેવ) પોતાના અજ્ઞાનમય પરિણામોનો હેતુ થાય છે.

ઉક્ત પરિણામોમાં પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ જીવથી ભિન્ન છે કારણ કે જો પુદ્‌ગલ દ્રવ્યનાં જીવની સાથે જ કર્મરૂપ પરિણામ માનીએ તો પુદ્‌ગલ અને જીવ બંને વસ્તુત: કર્મરૂપ પરિણમિત થઈ જાય; પરંતુ કર્મભાવરૂપ પરિણામ તો એક પુદ્‌ગલ દ્રવ્યનું જ થાય છે. આ પ્રમાણે જીવનાં પરિણામ પણ પુદ્‌ગલ દ્રવ્યનાં કર્મોદયરૂપ નિમિત્તથી ભિન્ન જ છે કારણ કે જો જીવનાં કર્મની સાથે જ રાગાદિ પરિણામ માનીએ તો જીવ અને કર્મ બંને રાગાદિભાવને પ્રાપ્ત થઈ જાય; પરંતુ રાગાદિભાવથી પરિણામ તો એક જીવને જ થાય છે તેથી કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ જીવનાં પરિણામ છે.

અંતમાં આચાર્યદેવ અધિકારનો ઉપસંહાર કરતાં કહે છે કે -"જીવ કર્મપ્રદેશોથી બંધાયેલો અને સ્પર્શિત છે" - આ વ્યવહારનયનું કથન છે, "જીવ અબદ્ધ અને અસ્પર્શિત છે" - આ નિશ્ચયનયનું કથન છે પરંતુ છે તો બંને નયપક્ષ જ. એકમાત્ર સમયસારભૂત શુદ્ધાત્મા જ નયપક્ષથી રહિત છે. જો જીવ નયપક્ષને કિંચિત્ માત્ર પણ ગ્રહણ ન કરે અને માત્ર તેને જાણીને આત્મામાં લીન રહે તો, તે પરિપૂર્ણ સુખને પ્રાપ્ત કરે છે, તે

જ સમ્યગ્દ્રષ્ટિ તેમ જ સમ્યગ્જ્ઞાની છે.

⊙ પુણ્ય - પાપ અધિકાર :-

આ અધિકારમાં 'કર્મ જ બંધનું કારણ છે' - એ સિદ્ધ કરીને શુભાશુભ બંને કર્મો જ બંધનાં હેતુ હોવાથી તેને હેય પ્રતિપાદિત કરતાં, શુદ્ધ પરિણામને જ એકમાત્ર ઉપાદેય બતાવવામાં આવ્યો છે.

અજ્ઞાની જીવ શુભને સુશીલ અને અશુભને કુશીલ (ખરાબ) માને છે, જ્યારે તેની આ માન્યતા યોગ્ય નથી, કારણ કે બંધનની અપેક્ષા બંને કર્મો સમાન જ છે. જે પ્રકારે સોનાની અને લોખંડની બંને બેડીઓ બંધનું કારણ છે, તે પ્રકારે શુભકર્મ અને અશુભકર્મ બંને બંધન અપેક્ષાથી સમાન હોવાથી હેય જ છે, દુ:ખરૂપ છે અને સંસારનાં હેતુ છે. કર્મબંધનો મૂળ હેતુ રાગ છે. રાગનાં કારણે જ શુભાશુભ કર્મોનો બંધ થાય છે, તેથી કર્મોની સાથે રાગને છોડવો જોઈએ.

આ પ્રકારે શુભાશુભ ભાવોને બંધનો હેતુ જાણી તેના પ્રતિ રાગને છોડી જે વૈરાગ્યપૂર્વક જ્ઞાનમયી આત્મામાં, પરમાર્થમાં સ્થિત થાય છે, તે શીઘ્ર જ નિર્વાણને પ્રાપ્ત થાય છે.

પરમાર્થમાં સ્થિત જીવનાં વ્રત-તપાદિ સાર્થક છે. પરમાર્થમાં અસ્થિત જીવનાં વ્રત-તપાદિ તો 'બાળવ્રત' તેમ જ 'બાળતપ' કહેવાય છે. તેનાથી શુભબંધ થઈ સ્વર્ગાદિની પ્રાપ્તિ તો થઈ શકે છે, પણ મુક્તિ નહીં. અજ્ઞાની જીવ મોક્ષનાં વાસ્તવિક કારણને ન જાણીને સંસારગમનનાં હેતુભૂત શુભભાવો (પુણ્ય)ને જ મોક્ષનો હેતુ સમજીને તેને ઈચ્છે છે, અને તેમાં જ પ્રવૃત્તિ કરે છે, જેનું ફળ અનંત સંસાર જ છે, મોક્ષ નહિ.

વસ્તુત: જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન, જીવાદિ પદાર્થોનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન તેમજ રાગાદિનો ત્યાગ સમ્યક્ચારિત્ર છે - આ જ મોક્ષમાર્ગ છે.

ઉક્ત નિશ્ચય મોક્ષમાર્ગમાં સ્થિત મુનિઓનાં જ કર્મોનો નાશ થાય છે. જે નિશ્ચય મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમાં જ પ્રવૃત્તિ કરે છે, તેમને મોક્ષ સંભવ નથી.

જે પ્રકારે મેલથી વ્યાપ્ત વસ્ત્રનો શ્વેત (સફેદ) રંગ તિરોભૂત થઈ જાય છે, તે પ્રકારે મિથ્યાત્વરૂપી મેલથી વ્યાપ્ત હોવાથી સમ્યકત્વ, અજ્ઞાનરૂપી મેલથી વ્યાપ્ત હોવાથી જ્ઞાન, કષાયરૂપી મેલથી વ્યાપ્ત હોવાથી ચારિત્ર પણ તિરોભૂત થઈ જાય છે.

આ પ્રકારે આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી સ્વભાવવાળો હોવા છતાં પણ કર્મફળથી વ્યાપ્ત થયેલો હોવાથી સર્વ પ્રકારથી સર્વને જાણતો - દેખતો નથી.

મોક્ષનાં હેતુભૂત સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ ભાવોના વિરોધી ભાવ મિથ્યાદર્શન - જ્ઞાન - ચારિત્ર છે, તે સમ્યક્ત્વાદિ ભાવોને રોકવાવાળાં છે, તેના ઉદયથી જીવ ક્રમથી મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની તેમ જ અચારિત્રવાન થાય છે.

આ પ્રકારથી આ અધિકારમાં સંસારનાં હેતુભૂત શુભાશુભ કર્મોને હેય તેમ જ મોક્ષનાં હેતુભૂત રત્નત્રયને ઉપાદેય બતાવવામાં આવ્યાં છે.

⊙ આસ્ત્રવ અધિકાર :-

આ અધિકારમાં બંધનાં હેતુ આસ્ત્રવભાવોનું વર્ણન કરતાં જ્ઞાનીનાં અબંધપણાની સિદ્ધિ કરવામાં આવી છે.

આસ્ત્રવ ચાર પ્રકારનાં છે - મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, આ આસ્ત્રવ સંજ્ઞ (જીવ) અને અસંજ્ઞ (પુદ્‌ગલ) બંને પ્રકારનાં છે. વિવિધ ભેદવાળાં સંજ્ઞ આસ્ત્રવ જીવમાં જ ઉત્પન્ન થાય છે અને તે જીવનાં જ અનન્ય પરિણામ છે. જીવકૃત રાગાદિભાવ જ નવીન બંધનાં હેતુ છે. રાગાદિ રહિત ભાવ બંધક નથી, તે માત્ર જ્ઞાયક છે. જે પ્રકારે વૃક્ષમાંથી પાકાં ફળ નીચે પડવાથી તે ફરીથી ડાળીમાં લગાવી નથી શકાતાં, તેવી રીતે જ જીવનાં કર્મભાવ ખરી જવાથી ફરીથી જીવની સાથે જોડાતાં નથી.

સમ્યગ્દ્રષ્ટિને રાગાદિરૂપ ભાવાસ્ત્રવનો અભાવ હોવાથી આસ્ત્રવપૂર્વક બંધ નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવ નવીન કર્મોને નથી બાંધતા અને સત્તામાં વિદ્યમાન પૂર્વબદ્ધ કર્મોને માત્ર જાણે જ છે. આ પૂર્વબદ્ધ પ્રત્યય (દ્રવ્યાસ્ત્રવ) માત્ર કાર્માણ શરીરની સાથે જ બંધાયેલા છે, માટીનાં ઢગલાં સમાન જ પરિણામસ્વરૂપ છે. તેથી દ્રવ્યાસ્ત્રવ તો સદા સ્વભાવથી ભિન્ન જ છે. જ્ઞાનીનાં ભાવાસ્ત્રવનો પણ અભાવ હોવાથી જ્ઞાનીને નિરાસ્ત્રવ કહેવાય છે.

જ્ઞાની નિરાસ્ત્રવ કેવી રીતે હોય છે? - એ સ્પષ્ટ કરતાં આચાર્ય કહે છે કે ચાર પ્રકારનાં દ્રવ્યાસ્ત્રવ જ જ્ઞાન - દર્શન ગુણો દ્વારા અનેક પ્રકારનાં કર્મબંધ કરે છે,[૧] તેથી જ્ઞાની અબંધક છે.

---------------------------------------------

૧. અહીં જ્ઞાન - દર્શન ગુણથી તાત્પર્ય આત્માનાં જ્ઞાન - દર્શન ગુણ નથી, કારણ કે સ્વભાવ બંધનું કારણ હોતું નથી, પરંતુ ઉદયમાં આવેલાં મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્ત્રવ આત્માના જ્ઞાન - દર્શન ગુણને રાગાદિમય અજ્ઞાનભાવના રૂપમાં પરિણમાવે છે. તે સમયે આ જ અજ્ઞાનભાવના રૂપમાં પરિણમેલું જ્ઞાન-દર્શન જ બંધનું કારણ કહેવાય છે.

જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કેવી રીતે છે? એ સમજાવતાં આચાર્ય કહે છે કે આત્માનાં જ્ઞાનગુણ જ્યાંસુધી જઘન્ય અવસ્થામાં રહે છે, ત્યાં સુધી અંતર્મુહૂર્તમાં તેઓ નિર્વિકલ્પતાથી સવિકલ્પતાને પ્રાપ્ત કરતાં રહેતાં હોય છે. તેથી તે સમયે તેઓ નવીન બંધને કરવાવાળાં પણ હોય છે. આ કારણથી જ દર્શન - જ્ઞાન - ચારિત્ર જઘન્યભાવથી પરિણમન કરતી વખતે પણ જ્ઞાની પુદ્ગલ કર્મથી બંધાય છે.

જ્યારે જ્ઞાનગુણનો જઘન્યભાવ બંધનું કારણ છે તો પછી જ્ઞાની નિરાસ્ત્રવ કેવી રીતે છે? - એ સ્પષ્ટ કરતાં આચાર્ય કહે છે કે સમ્યગ્દષ્ટિનાં સમસ્ત પૂર્વબદ્ધ પ્રત્યય સત્તારૂપ વિદ્યમાન છે, અને તે ઉપયોગના પ્રયોગ અનુસાર રાગાદિ દ્વારા નવીન બંધ કરે છે, જોકે આયુ સિવાય જ્ઞાનાવરણાદિ સાત કર્મોનો તથા આયુ સહિત આઠ પ્રકારનાં કર્મોનો બંધ કરવાવાળાં હોય છે, પરંતુ સત્તા અવસ્થામાં આ કર્મ નિરૂપભોગ્ય છે. જેમકે બાળસ્ત્રી પુરુષ માટે નિરૂપભોગ્ય છે તેમ જ તે તરુણાવસ્થામાં ઉપભોગ યોગ્ય હોવાથી પુરુષને રાગ દ્વારા બાંધી લે છે, તે જ પ્રકારે પૂર્વકૃત કર્મ ઉપભોગ યોગ્ય હોવાથી જીવને રાગ અનુસાર બંધનાં કારણ થાય છે.

આસ્ત્રવભાવનાં અભાવમાં પ્રત્યયોને બંધક કહેવામાં નથી આવ્યાં પણ રાગ-દ્વેષ-મોહરૂપ આસ્ત્રવભાવ સમ્યગ્દ્રષ્ટિને હોતાં નથી તેથી સમ્યગ્દ્રષ્ટિનાં દ્રવ્ય પ્રત્યય કર્મબંધનાં કારણ થતાં નથી, માટે જ્ઞાનીને અબંધક કહેવામાં આવ્યાં છે. જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત (પતિત) થાય છે, ત્યારે પૂર્વબદ્ધ દ્રવ્ય પ્રત્યય જીવનાં રાગાદિભાવનું નિમિત્ત પામીને નવીન કર્મનો બંધ કરે છે.

આ પ્રકારે આપણે જોયું કે આ અધિકારમાં આચાર્યએ બંધનું મૂળ કારણ ભાવાસ્ત્રવને કહ્યાં છે, કે જેનાં સદ્ભાવમાં અજ્ઞાની બંધાય છે તેમ

જ જેનો અભાવ હોવાથી, દ્રવ્યાસ્ત્રવ વિદ્યમાન હોવા છતાં પણ જ્ઞાનીને નવીન કર્મબંધ ન હોવાથી તેમને અબંધક કહેવામાં આવે છે.

⊙ સંવર અધિકાર :-

આ અધિકારમાં એમ બતાવ્યું છે કે ભેદવિજ્ઞાનથી શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે. તેનાં હોવાથી આ જીવ મિથ્યાત્વ અને રાગાદિ વિકારભાવ નથી કરતો તેથી તેમને નવાં કર્મોનો સંવર થઈ જાય છે.

નિશ્ચયથી ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધાદિમાં ઉપયોગ નથી અને ક્રોધ ક્રોધમાં જ છે, ઉપયોગમાં ક્રોધ નથી. આ પ્રકારે આઠ પ્રકારનાં કર્મ અને નોકર્મમાં પણ ઉપયોગ નથી અને ઉપયોગમાં પણ કર્મ – નોકર્મ નથી; કારણ કે ઉપયોગ ચૈતન્યનું પરિણામ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ તથા શરીરાદિ નોકર્મ બધાં પુદ્ગલના પરિણામ હોવાથી જડ છે, તેથી ઉપયોગ અને ક્રોધાદિમાં પ્રદેશભિન્નતા હોવાથી અત્યંત ભેદ છે. માટે તેમાં પારમાર્થિક આધાર - આધેય સંબંધ નથી - એવું જ્ઞાન જ ભેદવિજ્ઞાન છે.

જ્યારે જીવને આવું ભેદવિજ્ઞાન થઈ જાય છે, ત્યારે તે ઉપયોગમય જીવ, ઉપયોગ સિવાય અન્ય ભાવને કરતો નથી. ભેદવિજ્ઞાન દ્વારા પોતાનાં શુદ્ધસ્વરૂપને જાણ્યા બાદ જ્ઞાની કર્મોનાં હેરાન કરવા છતાં પણ પોતાનાં જ્ઞાનત્વને છોડતો નથી તેમજ નિરંતર શુદ્ધાત્માનો જ અનુભવ કરે છે, તેથી તેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે. પરંતુ ભેદવિજ્ઞાન - રહિત અજ્ઞાની આત્માનાં સ્વભાવને જાણતો નથી અને રાગને જ આત્મા માને છે, તેથી રાગી - દ્વેષી - મોહી થતો હોવાથી અશુદ્ધ આત્માનો અનુભવ કરે છે અને તે અશુદ્ધ આત્માને જ પ્રાપ્ત કરે છે. આના પરથી

સિદ્ધ થાય છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે. શુદ્ધાત્માની ઉપલબ્ધિ થવાથી રાગ - દ્વેષ - મોહરૂપી આસ્ત્રવનો અભાવ થવાથી નવીન કર્મોનો બંધ થતો નથી.

સંવરનો ક્રમ બતાવતાં આચાર્ય કહે છે કે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગનો અભાવ થવાથી જ્ઞાનીઓને આસ્ત્રવનો નિરોધ હોય છે. આસ્ત્રવનિરોધથી કર્મોનો નિરોધ, કર્મોના નિરોધથી નોકર્મોનો નિરોધ અને નોકર્મોના નિરોધથી સંસારનો અભાવ થાય છે.

તેથી સ્પષ્ટ થાય છે કે ભાવાસ્ત્રવ રહિત ભેદવિજ્ઞાની જીવનાં સંવરનો સદ્‌ભાવ હોવાથી સંસારનો પણ અભાવ શીઘ્ર થાય છે.

આ પ્રકારે જે ભેદવિજ્ઞાની જીવ શુભાશુભ યોગોને રોકીને, દર્શન – જ્ઞાનમાં સ્થિત થઈને, ઇચ્છાથી વિરક્ત પામીને, સર્વસંગથી રહિત થતો, કર્મ - નોકર્મનું ધ્યાન ન કરતા એવા આત્માને, આત્મા દ્વારા જ ધ્યાવે છે, એકત્વનું જ ચિંતવન કરે છે, તે દર્શન - જ્ઞાનમય તેમ જ અનન્યમય થતો એવો અલ્પકાળમાં જ કર્મોથી રહિત આત્માને પ્રાપ્ત કરે છે.

આ પ્રકારે સ્પષ્ટ છે કે આ અધિકારમાં આચાર્યએ મિથ્યાત્વાદિને આસ્ત્રવનો મૂળ હેતુ બતાવીને, શુદ્ધાત્મતત્વની ઉપલબ્ધિ કરવા માટે સંવરનું મૂળ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે અને તેમાં જ લીન થવાની પ્રેરણા આપતાં અધિકારની સમાપ્તિ કરી છે.

⊙ નિર્જરા અધિકાર :-

આ અધિકારમાં દ્રવ્યનિર્જરા, ભાવનિર્જરા, જ્ઞાનશક્તિ અને વૈરાગ્યશક્તિનું સામાન્ય તેમ જ વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે. સમ્યગ્દષ્ટિ ઇન્દ્રિયો દ્વારા ચેતન તથા અચેતન દ્રવ્યોનો ઉપભોગ કરે

છે, તે બધું નિર્જરાનું નિમિત્ત છે. જ્યારે રાગાદિના સદ્ભાવથી આ ઉપભોગ મિથ્યાદ્રષ્ટિને બંધનું નિમિત્ત થાય છે, તથા રાગાદિના અભાવથી આગામી બંધ ન હોવાનાં કારણે તે જ્ઞાનીને દ્રવ્યનિર્જરાનું નિમિત્ત થાય છે.

પરદ્રવ્યને ભોગવવાથી થતા કર્મોદયનાં નિમિત્તથી જીવને સુખરૂપ અથવા દુ:ખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે. મિથ્યાદ્રષ્ટિને રાગાદિના કારણે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરિત થાય છે, પણ તેને નિર્જરિત કહેવામાં નથી આવતા. મિથ્યાદ્રષ્ટિ, પરદ્રવ્યને ભોગવે છે તો બંધ જ થાય છે અને સમ્યગ્દષ્ટિને રાગાદિ ન હોવાનાં કારણે આગામી બંધ કર્યા વગર જ ભાવ નિર્જરિત થઈ જાય છે, તેથી તેને નિર્જરિત કહેવામાં આવે છે. આ પ્રકારે સમ્યગ્દષ્ટિને ભાવનિર્જરા હોય છે માટે એમ કહેવામાં આવે છે કે સમ્યગ્દષ્ટિ પરદ્રવ્યને ભોગવે તો પણ તેને નિર્જરા જ થાય છે. જે પ્રકારે વૈદ્ય ઝેરને ખાય છે છતાં પણ મરતો નથી અને અરતિભાવથી મદ્યપાન કરવાં છતાં પણ પુરુષ મતવાલો (નશાવાળો) થતો નથી, તે પ્રકારે જ્ઞાની પુરુષ પણ પુદ્‌ગલકર્મના ઉદયને ભોગવે છે છતાં અરતિભાવથી દ્રવ્યનો ઉપભોગ કરવાથી બંધાતા નથી.

તેથી સ્પષ્ટ છે કે જ્ઞાન અને વૈરાગ્યના સામર્થ્યથી જ્ઞાની - વૈરાગી જીવ ઇંદ્રિયોના વિષયોનું સેવન કરવા છતાં પણ તેનું સેવન કરવાવાળાં નથી કહેવાતા, કારણ કે વિષયસેવનનાં ફળસ્વરૂપે થવાવાળાં રાગપરિણામનો બંધ જ્ઞાનીને થતો નથી.

જ્ઞાની જીવ વિચાર કરે છે કે હું એક જ્ઞાયકભાવ છું તેમજ અનેક પ્રકારનાં કર્મોદયનો વિપાક (ફળ) મારો સ્વભાવ નથી. આ તો રાગાદિ પુદ્દગલકર્મના ફળસ્વરૂપે ઉત્પન્ન થાય છે. તેથી આ રાગાદિ

પુદ્ગલકર્મજન્ય ઉદય વિપાક (ફળ)ને છોડીને તત્વને યથાર્થ જાણતો થકો જ્ઞાયકસ્વભાવને જાણે છે. આ પ્રકારે જે સ્વ-પરને જાણે છે, તે સમ્યગ્દષ્ટિ છે; જે સ્વ-પરને નથી જાણતો, તે ભલેને સર્વ આગમને જાણતો હોય તો પણ સમ્યગ્દષ્ટિ નથી.

ત્યારબાદ આચાર્ય આશ્રયભૂત પદને પ્રાપ્ત કરવાની પ્રેરણા આપતાં કહે છે કે આત્માને સદા અપદભૂત[૧] પરદ્રવ્યો તેમ જ તેના ભાવોને છોડીને સ્થિર, નિશ્ચિત, એક સ્વભાવનો જ અનુભવ કરવો જોઈએ.

મતિ, શ્રુત, અવધિ, મન:પર્યય અને કેવળજ્ઞાન - આ બધાં એક જ પદ છે, કારણ કે જ્ઞાનનાં સમસ્ત ભેદ જ્ઞાન જ છે, જ્ઞાન સામાન્ય રીતે પરમાર્થ જ છે, જેને પ્રાપ્ત કરતાં આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે. જ્ઞાનમાં લીન થવાથી પરમસુખની પ્રાપ્તિ થાય છે, તેથી જ્ઞાનમાં જ રત (પ્રીતિ, રુચિ) રહેવાથી તેમાં સંતુષ્ટ રહેવું જોઈએ.

ઉપદેશ આપતાં આચાર્ય કહે છે કે જ્ઞાનગુણથી રહિત લોકો અનેક પ્રકારનાં કર્મ કરવાં છતાં પણ જ્ઞાનસ્વરૂપ પદને પ્રાપ્ત કરતાં નથી. તેથી હે ભવ્ય! જો તું કર્મથી સદા મુક્ત થવા ઈચ્છતો હોય તો જ્ઞાનને જ ગ્રહણ કર, જ્ઞાનમાં જ નિત્ય રત (પ્રીતિ) રહે, સંતુષ્ટ થા, તૃપ્ત થા ! તને અવશ્ય ઉત્તમ સુખની પ્રાપ્તિ થશે.

જ્ઞાનીને પરદ્રવ્યરૂપ પરિગ્રહ નથી, જ્ઞાની જીવ તો, સ્વને જ સ્વપરિગ્રહ માને છે. પરદ્રવ્યને તો તે પોતાનો પરિગ્રહ માનતાં પણ નથી. જ્ઞાની વિચારે છે કે જો પરદ્રવ્ય મારો પરિગ્રહ થાય તો તેની સાથે હું પણ અજીવપણાને પ્રાપ્ત થઈ જઉં, પણ હું તો જ્ઞાતા જ છું; તેથી

---

૧. જ્ઞાન જ આત્માનું પદ છે, બાકી બધાં વર્ણાદિથી ગુણસ્થાન સુધીના ભાવ અપદ છે.

પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી. આ કારણથી જ જ્ઞાની પરદ્રવ્યનાં તૂટવાથી, ફુટવાંથી અથવા અપહરણ થઈ જાય તો પણ દુ:ખી થતાં નથી તેમજ મળવાથી હર્ષિત થતાં નથી.

અનિચ્છક (ઇચ્છા વગર) જ અપરિગ્રહી છે, જ્યારે જ્ઞાનીને ખાવા - પીવાની, ધર્મ-અધર્મ[1] વગેરે કોઈ પણ પ્રકારનાં ભાવોની ઇચ્છા ન હોવાથી તેમને તેમાં કોઈ પણ પ્રકારનો પરિગ્રહ હોતો નથી. તેથી જ્ઞાની ઉપર્યુકત બધાં ભાવોને ઇચ્છતા નથી પણ માત્ર જ્ઞાયક જ રહે છે.

જ્ઞાની વર્તમાન કાળનાં ઉદયનો ભોગ, વિયોગ બુદ્ધિથી કરતા હોય છે તેથી આગામી ઉદયની વાંછા (ઇચ્છા) કરતાં નથી, કારણ કે તે વેદકભાવ[2] અને વેદ્યભાવ[3] બંને પ્રતિ સમય નષ્ટ થઈ જ જાય છે. જ્ઞાનીને તો બંધ અને ઉપભોગના નિમિત્તભૂત સંસાર સબંધી અને દેહ સબંધી અધ્યવસાનોના[4] ઉદયમાં પણ રાગ નથી; તેથી કર્મોની વચ્ચે રહેવા છતાં પણ કર્મોથી લેપાતાં નથી; પરંતુ અજ્ઞાન રાગવશ કર્મોથી લેપાઈ જાય છે.

જ્ઞાની સચિત્ત – અચિત્ત – મિશ્રાદિ પદાર્થોને ભોગવે તો પણ અજ્ઞાની થતા નથી, પરંતુ જો તે જ્ઞાનસ્વભાવને છોડીને અજ્ઞાનરૂપ પરિણમે, ત્યારે તેને અજ્ઞાનતા પ્રાપ્ત થાય છે.

જ્ઞાનીની સમસ્ત વ્રત-તપાદિ ક્રિયાઓ વાંછા (ઇચ્છા) રહિત હોય છે;

------------------------------------------------------------

૧. અહીં પુણ્ય-પાપના અર્થમાં ધર્મ-અધર્મનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

૨. જે ભાવ વેદે છે, તે વેદક ભાવ છે, વેદનાર, અનુભવનાર.

૩. જે ભાવ વેદાય છે, તે વેદ્યભાવ છે, તે વેદાવા યોગ્ય.

૪. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ - એ અધ્યવસાન છે.

તેથી તે તેના ફળને પ્રાપ્ત કરતા નથી, જ્યારે અજ્ઞાની સમસ્ત ક્રિયાઓને વિષયસુખની ઈચ્છા સાથે જ કરે છે; તેથી તે તેના ફળને પ્રાપ્ત કરે છે, રાગાદિ પરિણામ ઉત્પન્ન કરવાવાળાં આગામી ભોગોની ઉપલબ્ધિ તેને થાય છે.

તે ઉપરાંત ૨૨૮ થી ૨૩૬ સુધીની ૯ ગાથાઓમાં જ્ઞાની (સમ્યગ્દષ્ટિ)ના આઠ ગુણોનું (અંગો) વર્ણન કરવામાં આવ્યું.

આ પ્રકારે આપણે જોયું કે આ અધિકારમાં સર્વત્ર જ્ઞાનગુણનો જ મહિમા બતાવવામાં આવ્યો છે તેમજ વાંછારહિત જ્ઞાનીને નિર્જરા હોય છે તે ઉદાહરણો આપી સમજાવ્યું છે.

⊙ બંધ અધિકાર :-

રાગ - દ્વેષ - મોહ જ બંધનું કારણ છે - એ સિદ્ધ કરતાં આચાર્ય કહે છે કે મિથ્યાદ્રષ્ટિ જીવ રાગાદિથી યુક્ત છે તેથી અનેક પ્રકારની ક્રિયાઓ કરવાં છતાં તે બંધને પ્રાપ્ત થાય છે, પરંતુ રાગાદિ રહિત સમ્યગ્દ્રષ્ટિ જીવ તે જ ક્રિયાઓને કરે છે છતાં પણ કર્મબંધને પ્રાપ્ત થતાં નથી, તેથી કર્મબંધનું મૂળકારણ રાગાદિ જ છે.

મિથ્યાદ્રષ્ટિ જીવ એમ માને છે કે હું પરને મારું છું, જીવાડું છું, દુ:ખી - સુખી કરું છું અને પર પણ મને મારે છે, જીવાડે છે, દુ:ખી - સુખી કરે છે; પરંતુ આ બધી માન્યતાઓ નિરર્થક હોવાથી મિથ્યા છે; કારણ કે બધાં જીવ આયુ કર્મના ક્ષયથી મરે છે, આયુકર્મના ઉદયથી જીવે છે અને આ પ્રકારે કર્મના ઉદયથી જ સુખી - દુ:ખી થાય છે. જો આપણે પરનું આયુકર્મ લઈ શકીએ અથવા પર આપણું આયુકર્મ લઈ શકે તો આપણે પરને અને પર આપણને મારી શકે. એજ પ્રકારે જો આપણે પરને આયુકર્મ આપી શકીએ અને પર આપણને આયુકર્મ આપી શકે તો

આપણે પરને અને પર આપણને જીવાડી શકે. એ જ પ્રકારે દુ:ખ – સુખ વિષે પણ છે અને જો આપણે આયુકર્મ આપી શકતા નથી, લઈ શકતા નથી તે તો આપણી મિથ્યા માન્યતા જ ઠરી તેથી મેં માર્યું, મેં જીવાડ્યું - એવું માત્ર અજ્ઞાની જ માને છે, જ્ઞાની તો પોતાની માન્યતામાં વસ્તુસ્વરૂપને બરાબર સમજે છે કે વસ્તુત: જીવ કર્મના ઉદયથી મરે છે, જીવે છે, દુ:ખી - સુખી થાય છે, હું ન તો કોઈને મારી શકું છું, ન જીવાડી શકું છું, ન દુ:ખી - સુખી કરું છું, ન તો પર મારામાં કંઇ કરી શકે છે.

અજ્ઞાની જીવની 'હું પરને દુ:ખી-સુખી કરું છું - એ માન્યતા જ બંધનું કારણ છે. આ અધ્યવસાનોનાં કારણે જ પાપ-પુણ્યનો બંધ થાય છે, કોઈ પણ પ્રકારની ક્રિયાથી નહીં. તેથી જે અધ્યવસાન છે તે જીવને મારો અથવા ન મારો, બંધ નિશ્ચિત થશે. આ પ્રકારે હિંસા સમાન જ જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહમાં જે અધ્યવસાન છે, તેનાથી પાપનો બંધ થાય છે અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં જે અધ્યવસાન છે, તે પુણ્ય - બંધનું કારણ છે.

વળી જીવોને જે અધ્યવસાન થાય છે તે વસ્તુના અવલંબનથી થાય છે, પણ વસ્તુથી બંધ થતો નથી. અધ્યવસાનથી જ બંધ થાય છે. જ્યારે અધ્યવસાન જ કર્મબંધનું કારણ છે અને અધ્યવસાનના નિમિત્તથી જ મોક્ષમાર્ગમાં સ્થિત જીવો કર્મોથી છૂટે છે તો પછી. 'હું બાંધું છું, હું છોડું છું.' - આ આપણી માન્યતા સહજ જ મિથ્યા સિદ્ધ થાય છે.

જીવ અધ્યવસાનના ભાવથી તિર્યંચ, નારક, દેવ, મનુષ્ય એ સર્વ પર્યાયોને, અનેક પ્રકારનાં પુણ્ય - પાપને અને ધર્મ – અધર્મ, જીવ – અજીવ, લોક - અલોક - એ બધાં રૂપ પોતાને કરે છે, આ પ્રકારે જીવ બંધને પ્રાપ્ત થાય છે. જેમને અધ્યવસાન નથી, તે મુનિઓ અશુભ -

શુભકર્મથી લેપાતાં નથી. બુદ્ધિ, વ્યવસાય, મતિ, વિજ્ઞાન, ચિત્ત, પરિણામ અને અધ્યવસાન આ બધાં એકાર્થવાચી છે.

મોક્ષની શ્રદ્ધા ન કરવાવાળાં અજ્ઞાની અભવ્યનાં ભોગનાં નિમિત્તે કરવામાં આવેલાં અનેક પ્રકારનાં વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપરૂપ ક્રિયાઓ અને અનેક શાસ્ત્રોનું જ્ઞાન બધું કર્મબંધનું જ નિમિત્ત છે, કર્મક્ષયનું નહિ. તેથી બધી ક્રિયાઓ કરવા છતાં પણ તેઓ અજ્ઞાની છે, નિશ્ચયનયના આશ્રિત મુનિ નિર્વાણને પ્રાપ્ત થાય છે. નિશ્ચયનયથી આત્મા જ જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, સંવર છે, યોગ છે અને પ્રત્યાખ્યાન છે અને વ્યવહારનયથી આચારંગાદિ શાસ્ત્ર જ્ઞાન છે,[૧] જીવાદિ તત્વ દર્શન છે,[૨] અને છ જીવ - નિકાય ચારિત્ર છે.[૩]

ખરેખર આત્મા પરિણમન સ્વભાવવાળો હોવાથી શુદ્ધસ્વભાવત્વને કારણે પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, આત્મા પરદ્રવ્યનાં નિમિત્તે જ શુદ્ધભાવથી ચ્યુત થતો થકો રાગાદિરૂપે પરિણમે છે, અજ્ઞાની કર્મોદયથી થવાવાળાં ભાવોને પોતાનાં સમજીને રાગ-દ્વેષ અને કષાયરૂપે પરિણમે છે, તેથી તે તેનો કર્તા થાય છે અને વારંવાર આગામી કર્મોને બાંધે છે અને જ્ઞાની રાગ-દ્વેષ અને કષાય કર્મોદયથી થવાવાળાં ભાવોને પોતે કરતાં નથી અને તે રૂપે પરિણમતાં નથી. તેથી જ્ઞાની તે ભાવોનાં કર્તા થતાં નથી. તેના ફળ સ્વરૂપે તેમને બંધ પણ થતો નથી.

અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બે - બે પ્રકારનાં છે - દ્રવ્ય સંબંધી

-----------------------------------------------

૧. આચારંગાદિ શાસ્ત્રોને જાણવું જ્ઞાન છે.

૨. જીવાદિ તત્વોનું શ્રદ્ધાન દર્શન છે.

૩. છ કાયના જીવોની રક્ષા કરવી ચારિત્ર છે.

અપ્રતિક્રમણ, ભાવસંબંધી અપ્રતિક્રમણ, દ્રવ્ય સંબંધી અપ્રત્યાખ્યાન અને ભાવસંબંધી અપ્રત્યાખ્યાન.

જ્યારે આત્મા આ દ્રવ્ય અને ભાવનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કરે છે, ત્યારે તે તેનો કર્તા હોય છે અને જ્યારે દ્રવ્ય અને ભાવનું અપ્રતિક્રમણ – અપ્રત્યાખ્યાન નથી કરતો, ત્યારે તે કર્મોનો અકર્તા હોય છે.

અધ:કર્મ[૧] અને ઉદ્દેશિક[૨] – નિત્ય અચેતન તેમજ પુદ્‍ગલ દ્રવ્યનો દોષ છે, તેથી જ્ઞાની તેના કર્તા નથી.

અધિકારના અંતે આચાર્યએ પરદ્રવ્ય અને આત્માની નિમિત્ત - નૈમિતિકતા બતાવીને નિમિત્તનો આશ્રય છોડાવીને સ્વભાવભૂત આત્માનો આશ્રય કરવાની પ્રેરણા આપી છે.

⊙ મોક્ષ અધિકાર :-

અનાદિકાળથી આ જીવ કર્મબંધનથી બંધાયેલો છે. આ બંધન પ્રકૃતિ - પ્રદેશ - સ્થિતિ - અનુભાગને જાણવાથી અથવા કર્મોના વિચારમાત્રથી છૂટતા નથી; પરંતુ જ્યારે બંધનથી બંધાયેલો પુરુષ બંધોના સ્વભાવ તેમજ આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે વિરક્ત થઈને, રાગાદિને દૂર કરી બંધોનો છેદ કરે છે, ત્યારે કર્મોથી મુક્ત થઈ મોક્ષને પ્રાપ્ત કરે છે.

-----------------------------------------

૧. જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધ:કર્મ કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ અધ:કર્મ કહેવામાં આવે છે.

૨. જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે.

જીવ અને બંધના સ્વભાવને જાણીને જીવ નિશ્ચિત કરે છે કે બંધ છેદવા યોગ્ય છે અને શુદ્ધાત્મા ગ્રહણ કરવા યોગ્ય છે.

શુદ્ધાત્માનું ગ્રહણ પ્રજ્ઞા દ્વારા થાય છે. પ્રજ્ઞા દ્વારા આત્મા નિશ્ચય કરે છે કે હું એક છું, ચેતન છું, જ્ઞાતા-દ્રષ્ટા છું. અન્ય શેષ ભાવ મારાથી પર છે, આ પ્રકારે જ્ઞાની સમસ્ત પરભાવોને પર જાણે છે, પરદ્રવ્યને સ્વ માનવારૂપના અપરાધથી રહિત થઈ પોતાને એકમાત્ર શુદ્ધ જાણતો થકો 'હું નહીં બંધાઉં' - એ પ્રકારે બંધનથી નિ:શંક થઈ ફરે છે અને 'જે શુદ્ધાત્મા છે, તે હું છું' - એવું જાણીને આરાધનામાં લીન રહે છે.

સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત, આરાધિત - આ બધાં નિરપરાધ દશાના સૂચક પર્યાયવાચી શબ્દ છે અને જે આત્મા અપગત રાધ અર્થાત્ નિરપરાધ દશાથી રહિત હોય તો તે આત્મા 'અપરાધ' છે. અપરાધી આત્મા નિ:શંક હોતો નથી, પણ નિરપરાધી જ નિ:શંક હોય છે.

પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ - એ આઠ પ્રકારનાં વિષકુંભ છે, કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે અને અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ - એ અમૃતકુંભ છે, કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે; માટે બંધ થતો નથી.[૧]

⊙ સર્વવિશુદ્ધજ્ઞાનાધિકાર :-

નવતત્વોનું ભૂતાર્થનયની મુખ્યતાથી વર્ણન કર્યા બાદ આ અધિકારમાં મુક્તિમાર્ગનાં આધારભૂત સર્વવિશુદ્ધજ્ઞાનનું વર્ણન કરવામાં આવ્યું છે.

---

૧. નિશ્ચયની પ્રધાનતાથી જ ગ્રંથકર્તા આચાર્યે ઉપરનું આ કથન કર્યું છે. વ્યવહારનયની પ્રધાનતાથી તો પ્રતિક્રમણાદિ અમૃતકુંભ અને અપ્રતિક્રમણાદિ વિષકુંભ કહેવાય છે. આચાર્ય અમૃતચંદ્રએ ગાથા ૩૦૬ - ૩૦૭ની ટીકામાં આ અંતર સ્પષ્ટ કર્યું છે, જે મૂળમાં પઠનીય છે.

આત્મા પરદ્રવ્યના કર્તૃત્વથી રહિત હોય છે તેનું સમર્થન આપતાં એમ કહ્યું છે કે પ્રત્યેક દ્રવ્ય પોતાનાં ગુણ - પર્યાયોથી અનન્ય હોય છે.

તેથી જીવ અને અજીવનાં જે પરિણામ[૨] હોય છે, તે પરિણામ જીવ અને અજીવથી અનન્ય હોય છે. એ કારણથી જ આત્મા પોતાનાં ગુણ – પર્યાયોનો જ કર્તા હોય છે, કર્મોનો કર્તા નહીં. કર્મોનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે, કારણ કે જ્ઞાનાવરણાદિરૂપ પરિણમન પુદ્‌ગલ દ્રવ્યમાં થઈ રહ્યું હોય છે. આ પ્રકારે રાગાદિનો કર્તા આત્મા જ છે, પરદ્રવ્ય નહીં; કારણ કે રાગાદિરૂપ પરિણમન આત્મા જ કરે છે.

બધાં દ્રવ્યોનું પરિણમન ભિન્ન – ભિન્ન છે. તેથી બધાં દ્રવ્ય પોત-પોતાનાં પરિણામોનો કર્તા હોય છે અને પરિણામ તે દ્રવ્યોનાં કર્મ હોય છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યનો કોઈ દ્રવ્ય સાથે કર્તા-કર્મ સંબંધ નથી. તેથી જીવ-અજીવ પણ પોતાનાં પરિણામનાં કર્તા હોય છે અને તે પરિણામ તેનાં કર્મ હોય છે, આ પ્રકારે નિશ્ચયથી આત્મા અને કર્મ પ્રકૃતિને કર્તા - કર્મનો અભાવ છે, જ્યારે અજ્ઞાની અજ્ઞાનનાં કારણે પોતાને પરનો કર્તા માને છે તેથી બંધને પ્રાપ્ત થતો થકો કર્મોને કરતો તેમ જ કર્મફળને ભોગવે છે, જ્યારે જ્ઞાની ભેદજ્ઞાનના બળથી માત્ર તેને જાણે છે, કરતો કે ભોગવતો નથી, માટે વૈરાગ્યને પ્રાપ્ત જ્ઞાનીને અકારક અને અવેદક કહેવામાં આવ્યા છે.

---------------------------------------------

૨. સર્વવિશુદ્ધજ્ઞાનાધિકારની ૩૦૮ થી ૩૧૧ ગાથા અને તેની આત્મખ્યાતિ ટીકામાં ક્રમબદ્ધપર્યાયનાં બીજ વિદ્યમાન છે. પૂજ્ય શ્રી કાનજી સ્વામીએ આ ગાથાઓનું વિસ્તૃત વિવેચન કરી પ્રવચન કર્યા છે, જે જ્ઞેયસ્વભાવ-જ્ઞાનસ્વભાવ નામથી પ્રકાશિત થયા છે. તેના સંદર્ભમાં ડો. હુકમચંદ ભારિલ્લની 'ક્રમબદ્ધ પર્યાય' નામની કૃતિ પણ દ્રષ્ટવ્ય છે.

આત્માના કર્તૃત્વનું સ્પષ્ટથી ખંડન કરતાં આચાર્ય કહે છે કે આત્માને કર્તા માનવાવાળાં મુનિ થઈને પણ લૌકિકજન સમાન જ છે, કારણ કે લોકો ઈશ્વરને કર્તા માને છે અને તે મુનીઓએ આત્માને કર્તા માન્યો. માટે એને માન્યતાઓ સમાન જ થઈ. આમ, કર્તૃત્વની માન્યતાથી લૌકિકજન અને મુનિ બંનેની મુક્તિ સંભવ નથી.

મિથ્યાત્વભાવનો કર્તા નિશ્ચયથી કોણ છે? - એ વાત પર વિચાર કરતાં આચાર્ય કહે છે કે જો મિથ્યાત્વ નામની પુદ્ગલ દ્રવ્યમય મોહકર્મની પ્રકૃતિ જ આત્માને મિથ્યાદ્રષ્ટિ કરે છે તો અચેતન પ્રકૃતિ મિથ્યાત્વભાવની કર્તા બની, તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો અથવા એમ માનવામાં આવે કે જીવ જ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને કરે છે તો પછી પુદ્ગલદ્રવ્ય જ મિથ્યાદ્રષ્ટિ ઠરશે, જીવ નહીં. અથવા એમ માનવામાં આવે કે જીવ તેમજ પ્રકૃતિ બંને પુદ્ગલદ્રવ્યને મિથ્યાભાવરૂપ કરે છે તો તેનું ફળ બંને ભોગવે, અથવા જો એમ માનવામાં આવે કે પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વભાવરૂપ, નથી પ્રકૃતિ કરતી કે નથી જીવ કરતો, તો પુદ્ગલદ્રવ્ય સ્વભાવથી જ મિથ્યાત્વભાવરૂપ સિદ્ધ થશે, પણ એવું તો છે નહિ. આથી એમ સિદ્ધ થાય છે કે જીવના મિથ્યાત્વભાવનો કર્તા જીવ જ છે અને તેનાં નિમિત્તે પુદ્ગલ પરમાણુ પિંડમાં મિથ્યાત્વ કર્મરૂપ બનવાની શક્તિ આવી જાય છે.

તે ઉપરાંત ૧૩ ગાથાઓમાં 'કર્મ જ કર્મનો કર્તા છે, આત્મા તો અકારક છે' - તેનું વિવેચન કરતાં આચાર્ય કહે છે કે જો જીવ કર્મો દ્વારા જ જ્ઞાની - અજ્ઞાની કહેવામાં આવે છે, કર્મો જ સુવાડે - જગાડે છે, દુ:ખી - સુખી થાય છે, મિથ્યાત્વી - અસંયમી થાય છે, ઉર્ધ્વ - અધો - મધ્યલોકમાં ભ્રમણ કરે છે અને જે કંઇ પણ શુભાશુભ થઈ રહ્યું છે, તે

બધું કર્મો દ્વારા જ થઈ રહ્યું છે, કર્મ જ કર્તા - હર્તા છે, તો જીવ અકારક ઠરે છે. આ પ્રકારે પુરુષવેદ સ્ત્રીનો અભિલાષી છે, સ્ત્રીવેદ પુરુષનો અભિલાષી છે તો આપનાં મત પ્રમાણે કોઈ પણ અબ્રહ્મચારી ન હોવો જોઈએ, કારણ કે કર્મ જ કર્મને ઈચ્છે છે - એવું શાસ્ત્રમાં કહ્યું છે, તેમ જ પરને હણે, પર દ્વારા હણાય, તે પરઘાત નામક પ્રકૃતિના કારણે થાય છે, માટે જીવ ઉપઘાતક નથી; કારણ કે કર્મએ જ કર્મને હણ્યો - એવું શ્રમણો સાંખ્યમતની સમાન માને છે તો તેમના મત પ્રમાણે જીવ અકારક ઠરશે, તેના ફળ સ્વરૂપે જીવને કર્મોનો અભાવ થશે, કર્મોનો અભાવ થવાથી સંસારનો અભાવ થશે, પણ તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. માટે આ માન્યતા યોગ્ય નથી.

આત્માને આત્મદ્રવ્યનો કર્તા માનવો પણ યુક્તિસંગત નથી, કારણ કે આત્મામાં શું કરવું, આત્મા તો નિત્ય અસંખ્યાતપ્રદેશી દ્રવ્ય છે, તેમાં કંઇ હીન - અધિક થઈ શકતું નથી, માટે તેમાં કંઇ કરવાની કલ્પના કરવી મિથ્યા છે અથવા એમ કહી શકાય કે જ્ઞાયકભાવ તો પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્થિત રહે છે. ત્યાં જ એના પરથી પણ એમ સિદ્ધ થાય કે આત્મા સ્વયં પોતાના આત્માને કરતો નથી.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે આત્માને કર્મનો સર્વથા અકર્તા અને કર્મને કર્મનો સર્વથા કર્તા માનવો યોગ્ય નથી, કારણ કે અજ્ઞાનદશામાં પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા આત્મા છે.

હવે ક્ષણિકવાદનો નિષેધ કરતાં આચાર્ય કહે છે કે 'જે ભોગવે છે, તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે અથવા જે કરે છે તે જ ભોગવે છે' અથવા બીજો જ ભોગવે છે' અથવા 'જે કરે છે, તે નથી ભોગવતો, અથવા બીજો કરે છે, બીજો ભોગવે છે.' આવું એકાંત રીતે માનવું યોગ્ય

નથી, કારણ કે જીવ કેટલીક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલીક પર્યાયોથી વિનાશ પામતો નથી. ઉપર્યુકત બધામાં સ્યાદવાદ ઘટિત થશે. પર્યાયદ્રષ્ટિથી એક પર્યાય કરે છે, અન્ય પર્યાય ભોગવે છે, કારણ કે પર્યાય ક્ષણિક છે અને દ્રવ્યદ્રષ્ટિથી જે કરે છે, તે જ ભોગવે છે, કારણ કે દ્રવ્ય નિત્ય છે.

વ્યવહારનયથી જીવ પુદ્‌ગલ કર્મોને કરે છે, પુદ્‌ગલ કર્મોના ફળને ભોગવે છે, મન - વચન - કાયરૂપ કારણોને ગ્રહણ કરે છે અને તેમનાં દ્વારા કર્મ કરે છે, પરંતુ કોઇથી તન્મય થતાં નથી.

નિશ્ચયનયથી જીવ પોતાનાં પરિણામરૂપ કર્મને કરે છે અને પરિણામરૂપ કર્મના ફળને ભોગવે છે. આ પરિણામોથી જીવ અનન્ય છે.

આના પરથી સ્પષ્ટ થાય છે કે વ્યવહારથી તો કર્તા-કર્મના ભેદ છે, પણ નિશ્ચયથી જે કર્તા છે, તે કર્મ છે. નિશ્ચયનયથી પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેય – જ્ઞાયક, દ્રશ્ય – દર્શક, ત્યાજ્ય – ત્યાજક વગેરે સંબંધ નથી. જે પ્રકારે નિશ્ચયથી ખડી (સેટિકા) પર (ભીંત)ની નથી, ખડી તે તો ખડી જ છે, તે પ્રકારે જ્ઞાયક, પરદ્રવ્યનો નહીં, જ્ઞાયક તે તો જ્ઞાયક જ છે, દર્શક પરદ્રવ્યનો નથી, દર્શક તો દર્શક જ છે, સંયત (ત્યાગ કરનારો) પરનો નથી, સંયત તો સંયત જ છે, અને દર્શન પણ પરનો નથી, દર્શન તે તો દર્શન જ છે તથા જેમ વ્યવહારનયથી ખડી પોતાના સ્વભાવથી પરદ્રવ્યને (ભીંતને) સફેદ કરે છે, તેમ જ્ઞાતા પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને જાણે છે. જીવ પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને દેખે છે, જ્ઞાતા પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યને ત્યાગે છે અને સમ્યગદષ્ટિ પણ પોતાના સ્વભાવથી પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે શુદ્ધનયથી આત્મા ચેતનામાત્ર છે, જાણવું - દેખવું, શ્રદ્ધાન કરવું, નિવૃત્ત હોવું એ તેના પરિણામ છે. નિશ્ચયનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક, દર્શક, શ્રદ્ધાન કરવાવાળો કહી ન શકાય, કારણ કે નિશ્ચય નયથી પરદ્રવ્યને આત્મા સાથે કોઈ સંબંધ નથી, પરંતુ ઉપર્યુકત બધાં કથનો વ્યવહારથી કહેવામાં આવ્યા છે, કારણ કે પરદ્રવ્ય અને આત્મા વચ્ચે નિમિત્ત - નૈમિત્તિક ભાવ છે.

આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગ - દ્વેષ - મોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન - જ્ઞાન – ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્‌ગલદ્રવ્ય હણાતાં દર્શન - જ્ઞાન – ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ પણ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી. - આવું જાણતાં સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી.

રાગ - દ્વેષ – મોહ પુદ્‌ગલદ્રવ્યમાં નથી, તે જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઉપજે છે; જ્યારે અજ્ઞાનનો અભાવ થાય છે, અર્થાત્ આત્મા સમ્યગ્દષ્ટિ થાય છે, ત્યારે રાગ – દ્વેષાદિ ઉત્પન્ન થતાં નથી.

આ રીતે રાગ - દ્વેષ – મોહ પુદ્‌ગલમાં નથી તેમજ સમ્યગ્દષ્ટિમાં પણ નથી તેથી શુદ્ધદ્રવ્યદ્રષ્ટિથી જોતાં તેઓ છે જ નહીં અને પર્યાયદ્રષ્ટિથી જોતાં જીવની અજ્ઞાન અવસ્થામાં છે.

પરદ્રવ્ય જીવને રાગાદિ ઉત્પન્ન કરાવી શકતાં નથી કારણ કે એક દ્રવ્યથી બીજાં દ્રવ્યનાં ગુણોની ઉત્પત્તિ થઈ શકતી નથી. સર્વ દ્રવ્ય પોતાના સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. તેથી આત્માના રાગાદિ પરિણામ આત્માનાં જ અશુદ્ધ પરિણામ છે, અન્ય દ્રવ્ય તો તેમાં નિમિત્તમાત્ર છે.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ પુદ્ગલદ્રવ્યનાં ગુણ છે. તેઓ આત્માને કાંઈ કહેતાં નથી કે તું અમને જાણ અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા તેમના પ્રત્યે જતો નથી. જેમ શબ્દાદિક સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે, જેમ શબ્દાદિક સમીપ ન હોય ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે, તેમ શબ્દાદિક સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે. આમ પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને પોત-પોતાનાં સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિતમાત્ર પણ વિકાર કરતાં નથી. આવો વસ્તુસ્વભાવ છે, તો પણ જીવ શબ્દ સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શી, ગુણદ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની રાગ-દ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.

ભૂતકાળનાં દોષોનો ત્યાગ પ્રતિક્રમણ છે, ભવિષ્યમાં કર્મ બંધાય – એવાં દોષોનો ત્યાગ પ્રત્યાખ્યાન છે, વર્તમાનનાં દોષોનો પરિહાર - આલોચના છે, - આ ત્રણેમાં પ્રવર્તમાન આત્મા ચારિત્ર છે. નિશ્ચયથી જે આત્મા પોતાને ત્રિકાલ કર્મોથી ભિન્ન જાણે છે, શ્રદ્ધા કરે છે, અનુભવ કરે છે, તે આત્મા સ્વયં જ પ્રતિક્રમણ છે, પ્રત્યાખ્યાન છે, આલોચના છે. આ પ્રકારે પ્રતિક્રમણ - પ્રત્યાખ્યાન – આલોચના સ્વરૂપ આત્માનો નિરંતર અનુભવ જ નિશ્ચય ચારિત્ર છે.

નિશ્ચય ચારિત્ર જ જ્ઞાનચેતના (જ્ઞાન નો અનુભવ) છે. અજ્ઞાન ચેતના બે પ્રકારની છે :- કર્મચેતના અને કર્મફળચેતના.

જ્યારે જીવ કર્મ અને કર્મફળને નિજરૂપ કરતો થતો 'કર્મફળને મેં કર્યું.' આવાં પ્રકારની કર્તૃત્વની માન્યતાથી સુખી - દુ:ખી થાય છે, ત્યારે તે દુ:ખનાં હેતુભૂત આઠ પ્રકારનાં કર્મોથી બંધાય છે.

જ્ઞાનને સ્પષ્ટ રીતે અન્ય વસ્તુઓથી ભિન્ન બતાવતાં આચાર્ય કહે છે કે શાસ્ત્ર, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, કર્મ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ અને અધ્યવસાન આદિ કંઇ પણ જ્ઞાન નથી, કારણ કે તે અચેતન છે. જ્ઞાન આ બધાંથી ભિન્ન છે અને ચૈતન્યમય જીવથી અભિન્ન છે, અનન્ય છે. જ્ઞાન અને જ્ઞાનીમાં કોઈ ભેદ નથી. જ્ઞાની જીવ જ્ઞાનને જ સમ્યગ્દર્શન, સંયમ, અંગપૂર્વગતસૂત્ર, ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ) અને દીક્ષા માને છે.

જ્ઞાનસ્વરૂપ આત્મા અમૂર્તિક અને અનાહારક છે. આહાર તો કર્મ – નોકર્મરૂપ પુદ્ગલમય મૂર્તિક છે. તેથી નિશ્ચયથી આત્માને પુદ્ગલમય આહાર નથી.

આત્મા પ્રાયોગિક[૧] અને વૈસ્ત્રસિક[૨] ગુણના કારણે પરદ્રવ્યનું ગ્રહણ - ત્યાગ પણ કરી શકતો નથી. તે તો પોતાનાં જ પરિણામનો ગ્રહણ - ત્યાગ કરે છે.

આમ જ્ઞાનને સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાની પર્યાયોથી અભિન્ન બતાવ્યા બાદ આચાર્ય વાસ્તવિક મોક્ષમાર્ગને બતાવતાં કહે છે કે લિંગ[3] મોક્ષમાર્ગ નથી, કારણ કે લિંગ દેહમય છે. દેહ પુદ્ગલ દ્રવ્યમય છે. તેથી આત્મા માટે લિંગ મોક્ષમાર્ગ નથી પરંતુ દર્શન - જ્ઞાન – ચારિત્રરૂપ આત્મપરિણામ જ નિશ્ચયથી મોક્ષમાર્ગ છે. આચાર્ય પ્રેરણા આપતાં કહે છે કે મુનિ અને ગૃહસ્થનાં લિંગો મોક્ષમાર્ગ નથી

----------------------------------------------

૧. પર નિમિત્તથી ઉત્પન્ન.

૨. સ્વાભાવિક.

૩. અહીં લિંગથી તાત્પર્ય દ્રવ્યલિંગથી છે.

પરંતુ દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. તેથી સાગારો અને અણગારો વડે ગ્રહાયેલાં લિંગોને છોડીને તું આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ જોડાઈ જા, તે જ મોક્ષમાર્ગ છે.

આવાં મોક્ષમાર્ગનું જ ધ્યાન કરવું જોઈએ, તેમાં જ આત્માને સ્થાપ, તેનો જ અનુભવ કરવો જોઈએ. જેઓ બહુ પ્રકારનાં મુનિલિંગોમાં અથવા ગૃહસ્થલિંગોમાં મમત્વ કરે છે, તેમણે સમયસારને (શુદ્ધાત્મા ને) નથી જાણ્યો, તેથી તેમને મુક્તિ પ્રાપ્ત થતી નથી.

જો કે વ્યવહારનય બંને લિંગોને મોક્ષમાર્ગ કહે છે, પરંતુ નિશ્ચયનય બધાં લિંગોનો નિષેધ કરે છે.

ગ્રંથનાં અંતે આચાર્ય કહે છે કે જે આત્મા આ સમયપાહુડને (સમયપ્રાભૃતને) જાણીને અર્થ અને તત્વને સારી રીતે જાણીને તેના અર્થમાં સ્થિત થશે, તે ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.

::::::::::: સમાપ્ત : :::::::::

સમયસાર બૂક ભાગ-1 : જિનલબેન : તા. ૪-૪-૨૦૨૧

૪ th પ્રૂફ કોંપલિત

આચાર્ય કુંદકુંદ અને તેમના ટીકાકાર

# પ્રવચનસાર

## ⊙ પ્રવચનસાર ⊙

જ્ઞાનતત્વપ્રજ્ઞાપન, જ્ઞેયતત્વપ્રજ્ઞાપન અને ચરણાનુયોગ સૂચક ચૂલિકા - આ ત્રણ મહા અધિકારોમાં વિભક્ત 'પ્રવચનસાર' આચાર્ય કુંદકુંદની એક એવી પ્રૌઢતમ કૃતિ છે, જેમાં પ્રમાણ-વ્યવસ્થા અને પ્રમેય-વ્યવસ્થાનું ઊંડાણપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. જ્ઞાનતત્વપ્રજ્ઞાપનમાં સર્વજ્ઞતાનું સ્વરૂપ અને જ્ઞેયતત્વપ્રજ્ઞાપનમાં ઉત્પાદ-વ્યવ-ધ્રૌવ્યનું સ્વરૂપ જેવી રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે, તે પોતાનાંમાં અદ્દભુત અને મૂળત: પઠનીય છે, ચરણાનુયોગ સૂચક ચૂલિકામાં ચારિત્રનાં સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

આની રચના આસન્નભવ્ય શિવકુમાર મહારાજ વગેરે મધ્યમ રુચિવાળા, સંસારદુ:ખોથી ભયભીત કિંચિત્ અભ્યાસી શિષ્યો માટે કરવામાં આવી હતી.

આ ગ્રંથનાં સ્પષ્ટરૂપે બે ખંડ છે, પ્રથમ ખંડમાં બે અને દ્વિતીય ખંડમાં એક મહા અધિકાર છે, જેને આચાર્ય અમૃતચંદ્રે શ્રુતસ્કંધ નામથી

સૂચિત કરેલું છે, તે તેનાં ત્રણ મહાઅધિકારોની ઉપસંહારાત્મક પંક્તિઓથી સ્પષ્ટ થાય છે.

ઉપર્યુક્ત બંને ખંડો એટલા વિભક્ત છે કે બંને સ્વતંત્ર ગ્રંથની જેમ પ્રતીત થાય છે. બંનેના એક જેવા જ સ્વતંત્ર મંગલાચરણ કરવામાં આવ્યાં છે. પ્રથમ ખંડની સમાપ્તિ કરતાં ઉપસંહાર એવી રીતે કરવામાં આવ્યો છે કે જાણે ગ્રંથની સમાપ્તિ થઈ ગઈ હોય. બીજા ખંડનો આરંભ એવી રીતે કર્યો છે કે જાણે ગ્રંથનો જ આરંભ થઈ રહ્યો હોય.

આચાર્ય અમૃતચંદ્રે તત્વપ્રદીપિકા ટીકાના ત્રીજા મહાઅધિકારમાં પ્રથમ ગાથાની ટીકા પ્રારંભ કરતાં પહેલાં તેમની સંધિ કરવા માટે જ્ઞાનતત્વપ્રજ્ઞાપન અધિકારની મંગલાચરણની ત્રણ ગાથાઓ લખી છે. આ સંદર્ભમાં ચારિત્ર અધિકારના પ્રારંભમાં કથિત આચાર્ય જયસેનનું નીચેનું કથન દ્રષ્ટવ્ય છે :-

'कार्य प्रत्यत्रैव ग्रन्थसमाप्त इति ज्ञातव्यम् । कस्मादिति चेत् । 'उवसंपयामि सम्मं इति प्रतिज्ञासमाप्तेः ।'

કુંદકુંદ આચાર્ય મૂળમાં જિન-અધ્યાત્મના પ્રતિષ્ઠાપક આચાર્ય છે અને તેમનાં સમગ્ર કૃતિઓનું પ્રયોજન દુ:ખી જીવોને મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરવાનું છે. માટે તેમની કૃતિઓમાં આધ્યાત્મિક અંશ તો સર્વત્ર જોવા મળે જ છે તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું પણ નિરૂપણ હોય છે, આ કારણે જ જયસેન આચાર્યએ પ્રવચનસારની વિષયવસ્તુને ત્રણ મહાઅધિકારોમાં વહેંચી છે, જેને તેમણે ક્રમથી સમ્યગ્જ્ઞાન અધિકાર, સમ્યગ્દર્શન અધિકાર અને સમ્યક્ચારિત્ર અધિકાર એમ કહી છે.

## ⊙ પ્રથમ મહાઅધિકાર - જ્ઞાનતત્વપ્રજ્ઞાપન :-

આ જ્ઞાનતત્વપ્રજ્ઞાપન અધિકારમાં ચાર અવાંતર અધિકાર છે :-

(૧) શુધ્ધોપયોગ અધિકાર

(૨) જ્ઞાન અધિકાર

(૩) સુખ અધિકાર

(૪) શુભપરિણામ અધિકાર.

ગ્રંથના આરંભમાં થવાવાળાં મંગલાચરણ ઉપરાંત આચાર્યદેવ સર્વપ્રથમ સમ્યગ્દર્શન - જ્ઞાન - પ્રધાન વીતરાગ ચારિત્રનાં સ્વરૂપને પ્રકાશે છે.

તેઓ કહે છે કે - મોહ (દર્શન મોહ, મિથ્યાત્વ) - ક્ષોભ (ચારિત્ર મોહ, રાગ, દ્વેષ) રહિત આત્માનું પરિણામ જ સામ્ય છે, તે જ ધર્મ છે અને તે જ વાસ્તવમાં ચારિત્ર છે. ચારિત્રભાવથી પરિણત આત્મા સ્વયં જ ચારિત્ર છે; કારણ કે દ્રવ્ય જે સમયે, જે ભાવરૂપે પરિણમે છે, તે સમયે તે તેનાથી તન્મય હોય છે.

પરિણામ વગર વસ્તુનું અસ્તિત્વ હોતું નથી તથા વસ્તુ વગર પરિણામ હોતાં નથી. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેવાવાળી છે. જીવ પણ દ્રવ્ય હોવાથી પરિણામસ્વભાવી છે. જ્યારે જીવ શુભ, અશુભ અથવા શુદ્ધભાવરૂપ પરિણમે છે; ત્યારે તે સ્વયં જ શુભ, અશુભ અથવા શુદ્ધભાવરૂપ થાય છે. શુદ્ધ ઉપયોગમય પરિણત આત્મા મોક્ષસુખ, શુભ ઉપયોગરૂપ પરિણત આત્મા સ્વર્ગસુખ અને અશુભ ઉપયોગરૂપ પરિણત આત્મા નરકાદિનાં દુ:ખો ભોગવે છે.

આમ આપણે જોયું કે ભૂમિકારૂપ આ આરંભની ૧૨ ગાથાઓમાં મંગલાચરણ ઉપરાંત એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ચારિત્ર જ ધર્મ છે અને સમ્યક્ ચારિત્ર રૂપે પરિણત આત્મા જ ધર્માત્મા છે.

ચારિત્ર બે પ્રકારનાં છે - નિશ્ચયચારિત્ર અને વ્યવહારચારિત્ર. નિશ્ચયચારિત્રને શુદ્ધોપયોગ અથવા વીતરાગ ચારિત્ર પણ કહેવાય છે. આમ, વ્યવહારચારિત્રને શુભ ઉપયોગ અથવા સરાગચારિત્ર પણ કહેવાય છે.

સર્વાધિક મહત્વપૂર્ણ હોવાથી આની વિસ્તારથી ચર્ચા નિશ્ચય (વીતરાગ) ચારિત્રનું પ્રતિપાદન કરતાં શુદ્ધોપયોગ અધિકારમાં લખવામાં આવી છે.

ત્યારબાદ શુદ્ધોપયોગના ફળસ્વરૂપે થવાવાળાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે ક્રમથી જ્ઞાન અધિકાર અને સુખ અધિકારનું વર્ણન કર્યું છે.

જો કે ઇંદ્રિયસુખ અને અતીન્દ્રિયસુખનાં ભેદથી સુખ બે પ્રકારનાં હોય છે. અતીન્દ્રિયસુખનાં કારણ રૂપે શુદ્ધોપયોગ (નિશ્ચય ચારિત્ર)નું વર્ણન થઈ ચૂક્યું છે. માટે, અંતે ઇંદ્રિયસુખનાં કારણભૂત શુભ પરિણામ અધિકારનું વર્ણન કરવામાં આવ્યું છે.

આમ, આ જ્ઞાનતત્વ પ્રજ્ઞાપન નામના મહા અધિકારમાં ચાર અવાંતર અધિકાર થઈ જાય છે.

## ⊙ શુદ્ધોપયોગ અધિકાર :-

હવે સર્વપ્રથમ શુદ્ધોપયોગ અધિકારનો આરંભ કરે છે :-

આ અધિકારમાં એમ બતાવવામાં આવ્યું છે કે શુદ્ધોપયોગથી પ્રાપ્ત થવાવાળો આનંદ આત્મોત્પન્ન, અતીન્દ્રિય, અનુપમ, અતૂટ, અને અવિનાશી હોય છે. જિનસૂત્રોનાં મર્મજ્ઞ (જાણવાવાળાં), સુખદુ:ખમાં સમબુદ્ધિવાળાં વીતરાગી શ્રમણ જ શુદ્ધોપયોગી હોય છે. આવા પરમ વીતરાગી શ્રમણ જ જ્ઞેયોથી પાર, પ્રાપ્ત કરવાવાળી સર્વજ્ઞતાને પ્રાપ્ત કરે છે અને તે સર્વજ્ઞ જ સ્વયંભૂ[૧] કહેવાય છે.

આ સ્વયંભૂ આત્મા મોહ-રાગ-દ્વેષની પરિણતિનો એવો વિનાશ કરે છે કે જેનો ક્યારેય ઉત્પાદ થતો નથી અને અતીન્દ્રિય આનંદનો એવો ઉત્પાદ કરે છે કે જેનો ક્યારેય વિનાશ નથી થતો.

⊙ <u>જ્ઞાનાધિકાર</u> :-

આ અધિકારમાં સર્વજ્ઞતાના સ્વરૂપને સ્પષ્ટ કરતાં આચાર્યદેવ કહે છે કે સર્વજ્ઞના જ્ઞાનમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સમસ્ત પર્યાયો વર્તમાનવત્ જ પ્રત્યક્ષ છે; તેમને માટે કંઇ પણ પરોક્ષ નથી.

આત્મા જ્ઞાનપ્રમાણ છે અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. જો કે જ્ઞેય તો સંપૂર્ણ લોકાલોક જ છે; માટે જ્ઞાન સર્વગત છે.

જ્ઞાન સર્વગત હોવાથી જ્ઞાનમય જિનવર પણ સર્વગત છે.

જે પ્રકારે ચક્ષુ રૂપને સ્પર્શ કર્યા વગર જ જાણે છે, તે પ્રકારે આત્મા પણ પરપદાર્થોને તેમાં પ્રવેશ કર્યા વગર જ જાણે છે, પરંતુ વ્યવહારથી તેને પરમાં પ્રવેશ કરવાવાળો પણ કહેવામાં આવે છે.

---------------------------------------------------------------

૧. પોતાનાં પરિણામમાં પૂર્ણ સ્વતંત્ર હોવાથી સ્વયંભૂ કહેવાય છે.

આ સંદર્ભમાં ગાથા ૨૯નો ભાવાર્થ દ્રષ્ટવ્ય છે, જેમાં સંપૂર્ણ વાત સ્પષ્ટ કરવામાં આવી છે.

"જો કે આંખ પોતાનાં પ્રદેશોથી રૂપી પદાર્થોને સ્પર્શ નથી કરતી, માટે તે નિશ્ચયથી જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે; પણ તે રૂપી પદાર્થોને જાણે - દેખે છે, માટે વ્યવહારથી એમ કહેવાય છે કે મારી આંખો ઘણાં પદાર્થોમાં જઈ પહોંચે છે. આ પ્રકારે કેવલજ્ઞાન - પ્રાપ્ત આત્મા પોતાનાં પ્રદેશો દ્વારા જ્ઞેયપદાર્થોને સ્પર્શ નથી કરતો, માટે તે નિશ્ચયથી તો જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે; તથા જ્ઞાયક-દર્શક શક્તિની કોઈ પરમ અદ્દભુત વિચિત્રતાનાં કારણે (નિશ્ચયથી દૂર રહીને પણ) તે સમસ્ત જ્ઞેયાકારોને જાણે-દેખે છે, માટે વ્યવહારથી એમ કહેવામાં આવે છે કે આત્મા સર્વ દ્રવ્ય - પર્યાયોમાં પ્રવિષ્ટ થઈ જાય છે. આમ વ્યવહારથી જ્ઞેય પદાર્થોમાં આત્માનો પ્રવેશ સિદ્ધ થાય છે."

સર્વજ્ઞના જ્ઞાનનો પદાર્થોમાં પ્રવેશ એટલે કે દૂધમાં પડેલા ઇંદ્રનીલમણિની પ્રભા સમાન હોય છે. આ જગતનાં સંપૂર્ણ પદાર્થ સર્વજ્ઞના જ્ઞાનમાં ન હોય, તો જ્ઞાનને સર્વગત ન માની શકાય. માટે જો જ્ઞાન સર્વગત છે તો જગતનાં પદાર્થ જ્ઞાનગત કેમ નહીં?

આ પ્રકારે એ સહજ સિદ્ધ થાય છે કે જ્ઞાન સર્વગત છે અને સર્વ પદાર્થ જ્ઞાનગત છે.

ઉક્ત સ્થિતિ હોવા છતાં પણ કેવળી ભગવાન જગતને માત્ર દેખે - જાણે જ છે; પરને ગ્રહણ નથી કરતાં, છોડતાં નથી, પરરૂપ પરિણમિત નથી થતાં; માટે તેઓ બંધાતાં નથી.

જ્ઞાન, જ્ઞેયપદાર્થરૂપ પરિણમિત નથી થતાં, ન તો જ્ઞેયાર્થ

પરિણમનરૂપ ક્રિયા જ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ મોહના ઉદયથી જ જ્ઞેયાર્થ પરિણમનરૂપ ક્રિયા અને ક્રિયાફળ થાય છે, માટે જ્ઞેયાર્થ પરિણમનરૂપ ક્રિયા અને ક્રિયાફળનો અનુભવ રાગી-દ્વેષી-મોહી જીવોને થાય છે. આ ભાવ જ બંધનું કારણ છે, માત્ર દેહાદિ નહીં. માટે વીતરાગી કેવળીની ક્રિયાઓ[૧] બંધનો હેતુ નથી.

જ્ઞપ્તિ (જાણન ક્રિયા) - અપેક્ષા કેવળી અને શ્રુતકેવળીની એકતા સ્થાપિત કરતાં આચાર્ય કહે છે કે શુદ્ધાત્માનો અનુભવ કરવાવાળાં કેવળી અને શ્રુતકેવળીમાં કોઈ ભેદ નથી, કારણ કે શ્રુતની જ્ઞપ્તિ જ શ્રુતજ્ઞાન છે, માટે શ્રુતજ્ઞાન પણ જ્ઞાન જ છે. શ્રુતરૂપ ઉપાધિનાં કારણે જ્ઞાનમાં કોઈ ભેદ હોતો નથી. ઉપાધિ હોવાનાં કારણે શ્રુત ઉપાદેય નથી. જ્ઞપ્તિ, કેવળી અને શ્રુતકેવળીનાં આત્માનુભવ સમાન જ છે, માટે જ્ઞપ્તિ અપેક્ષા બંનેમાં કોઈ ભેદ નથી. આમાં ભેદ માત્ર એટલો જ છે કે કેવળીના જ્ઞાનમાં ચૈતન્યનાં સમસ્ત વિશેષ એક જ સાથે જ્ઞાત થાય છે, જ્યારે શ્રુતકેવળીમાં ચૈતન્યનાં કેટલાંક વિશેષ ક્રમથી જ્ઞાત થાય છે. જ્ઞાન અને આત્મામાં ભેદ નથી. જે જ્ઞાયક છે, તે જ જ્ઞાન છે. જ્ઞાન દ્વારા આત્મા જ્ઞાયક નથી, પરંતુ આત્મા જ્ઞાનરૂપે સ્વયં પરિણમિત થઈ સ્વતંત્રપણે જ જાણે છે, માટે આત્મા જ જ્ઞાન છે.

જ્ઞાન સમસ્ત જ્ઞેય દ્રવ્યોને જાણવાવાળો સ્વ-પર જ્ઞાયક છે. કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોની અતીત, અનાગત અને વર્તમાનની સમસ્ત

--------------------------------------------------------------------

૧. ઊભાં રહેવું, બેસવું, વિહાર કરવું, ધર્મોપદેશાદિ શારીરિક ક્રિયાઓ ઔદયિક ક્રિયાઓ છે.

અનુત્પન્ન, વિનષ્ટ, અપ્રદેશ-સપ્રદેશ, મૂર્ત-અમૂર્ત પર્યાયોને એકસાથે જાણવાથી જ અતીન્દ્રિય અને દિવ્ય છે.

ઇન્દ્રિય જ્ઞાન ઈહાદિક દ્વારા હોવાથી અનુત્પન્ન – વિનષ્ટાદિ પર્યાયોને જાણવામાં સમર્થ નથી, જે આત્માનું જ્ઞાન પદાર્થોનું અવલંબન લઈ ઉત્પન્ન થાય છે, તે જ્ઞાન નિત્ય નથી, સર્વગત નથી, ક્ષાયિક પણ નથી. ક્ષાયિક જ્ઞાન તો એક સાથે સર્વ આત્મપ્રદેશોના સર્વક્ષેત્રનાં ત્રૈકાલિક સમસ્ત પદાર્થોને જાણે છે.

⊙ સુખ અધિકાર :-

આ અધિકારમાં એમ બતાવવામાં આવ્યું છે કે જે પ્રકારે ઇન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાનનાં ભેદથી જ્ઞાન બે પ્રકારનું હોય છે, તે પ્રકારે ઇન્દ્રિય અને અતીન્દ્રિયનાં ભેદથી સુખ પણ બે પ્રકારનાં હોય છે. તથા જેમ ઇન્દ્રિયજ્ઞાન હેય અને અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય છે, તેમ ઇન્દ્રિયસુખ હેય અને અતીન્દ્રિય સુખ ઉપાદેય છે, કારણ કે અતીન્દ્રિય સુખ જ પારમાર્થિક સુખ છે.

કેવળજ્ઞાન જ અતીન્દ્રિય જ્ઞાન છે. તેની સાથે ઉત્પન્ન થવાવાળું સુખ જ અતીન્દ્રિયસુખ છે. માટે એમ કહી શકાય કે કેવળજ્ઞાન જ પારમાર્થિક સુખસ્વરૂપ છે.

કેવળજ્ઞાનીને ઘાતિ કર્મનો ક્ષય થઈ જવાથી દુ:ખનો અભાવ છે, તેમ જ સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થઈ જવાથી તેમનું સુખ ઉત્કૃષ્ટ સુખ હોય છે. આચાર્ય કહે છે કે જે તેને સ્વીકારે છે, તે ભવ્ય છે અને જે નથી સ્વીકારતાં, તે અભવ્ય છે.

ઇંદ્રાદિકને પણ પારમાર્થિક સુખ નથી, કારણ કે દુ:ખ સહન ન કરી શકવાનાં કારણે જ તેઓ રમ્ય વિષયોમાં પ્રવૃત્તિ કરે છે, જેમને વિષયોમાં રતિ છે, તેમને દુ:ખી જ જાણો; અન્યથા વિષયોમાં વ્યાપાર જોવા મળતો નથી. ઇંદ્રિયસુખનું સાધન શરીર પણ નથી, કારણ કે સ્વર્ગમાં પણ શરીર, શરીરી (જીવ)ને સુખ નથી આપતું, આત્મા જ વિષયોને વશ થઈ સુખ-દુ:ખરૂપે પરિણમિત થાય છે.

શરીરનાં સમાન પંચેન્દ્રિયોનાં વિષયો પણ સુખનાં સાધન નથી; જે પ્રકારે તિમિર- (અંધકાર) નાશક દ્રષ્ટિવાળાને દીપકની આવશ્યકતા નથી રહેતી, તે પ્રકારે સ્વયં સુખરૂપ પરિણમિત જીવોને વિષયોની શું આવશ્યકતા?

જે પ્રકારે આકાશમાં સૂર્ય સ્વયં જ ઉષ્ણ, તેજસ્વી અને દેવ છે તે પ્રકારે સિદ્ધ ભગવાન પણ સ્વયં જ જ્ઞાની, સુખી અને દેવ છે.

માટે સુખાભિલાષી જીવોએ વિષયાવલંબી ભાવોને છોડીને નિરાવલંબી પરમાનંદ સ્વભાવરૂપ પરિણમન કરવું જોઈએ.

⊙ શુભપરિણામ અધિકાર :-

આ અધિકારમાં ઇન્દ્રિયસુખનાં સાધનભૂત શુભ પરિણામોનું કથન કરવામાં આવ્યું છે, અને તેમની હેયોપાદેયતા પર વિચાર કરવામાં આવ્યો છે.

દેવ - શાસ્ત્ર - ગુરુની પૂજન – ભક્તિ, દાન – ઉપવાસાદિમાં લીન આત્મા શુભ પરિણામવાળા છે. શુભ પરિણામોથી ઇન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે. આમાં સર્વાધિક અનુકૂળતા પ્રાપ્ત કરવાવાળાં દેવોને પણ સ્વાભાવિક (અતીન્દ્રિય) સુખ નથી, તેઓ પણ શરીરની વેદનાને કારણે

જ વિષયોમાં રમણ કરે છે. જો વેદના ન હોત તો તેઓ પાપબંધનાં હેતુ વિષયોમાં રમણ શા માટે કરત? આથી સિદ્ધ થાય છે કે તેઓ પણ દુ:ખી જ છે. જ્યારે શુભ પરિણામવાળાં પણ દુ:ખી છે અને અશુભ પરિણામવાળાં પણ દુ:ખી છે, તો પછી આમાં ભેદ માનવાથી શું લાભ?

પુણ્યભાવોની સત્તા તો અવશ્ય છે, કારણ કે પુણ્યથી પ્રાપ્ત થવાવાળાં ભોગોને ઇન્દ્ર, ચક્રવર્તી આદિ ભોગવે છે, પરંતુ આ ભોગ દેવોમાં પણ તૃષ્ણા જ પેદા કરે છે અને તેઓ આ તૃષ્ણાથી દુ:ખી હોય છે અને મરણ સુધી સંતાપમાં રહીને તે દુ:ખને જ ભોગવે છે.

ઇંદ્રિયોથી પ્રાપ્ત સુખ પરસબંધયુક્ત, બાધાસહિત, તૂટક, વિષમ અને બંધનું કારણ હોવાથી દુ:ખ જ છે. તેથી સ્પષ્ટ થાય છે કે શુભોપયોગજન્ય પુણ્યફળરૂપ દેવાદિકની સંપદા, પાપફળસ્વરૂપ નારકાદિની આપદા, પરમાર્થથી આપદા જ છે, કારણ કે તે બંને દુ:ખરૂપ જ છે, માટે હેય છે. આચાર્ય તો ત્યાં સુધી કહે છે કે જે વ્યક્તિ 'પુણ્ય અને પાપમાં ભેદ નથી' - એવું નથી માનતા, તેઓ મોહાચ્છાદિત થતાં થકા અપાર ઘોર સંસારમાં જ પરિભ્રમણ કરે છે.

મોહક્ષયનો ઉપાય બતાવતાં આચાર્ય કહે છે કે જે દ્રવ્ય - ગુણ - પર્યાયથી અરહંતને જાણે છે, તે પોતાનાં આત્માને પણ જાણે છે, તેનો જ મોહ નાશ થાય છે. જેમનો મોહ નષ્ટ થઈ જાય છે, તેઓ રાગ-દ્વેષને છોડી શુદ્ધાત્માની પરિપૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે. બધાં અરહંત ભગવાન પણ આ પ્રકારે સર્વ કર્માંશોનો ક્ષય કરીને મોક્ષ પામ્યા છે.

દ્રવ્ય - ગુણ – પર્યાય સબંધી મૂઢભાવ જ મોહ છે, મોહયુક્ત જીવ રાગી - દ્વેષી થતો થકો વિવિધ પ્રકારનાં બંધ કરે છે, માટે તે સંપૂર્ણ રીતે

ક્ષય કરવાં યોગ્ય છે.

પદાર્થોનું અયથાર્થ ગ્રહણ, તિર્યંચ, મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, ઇષ્ટ વિષયોમાં પ્રીતિ, અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ - આ બધાં મોહનાં લક્ષણ છે.

સમસ્ત મોહનાં ક્ષય કરવાનાં ઉપાયોની જાણકારી માટે આચાર્ય, આગમનાં અધ્યયનની પ્રેરણાં આપતાં કહે છે કે જે સ્વ-પરને નિજ - નિજ દ્રવ્યથી સંયુક્ત જાણે છે તેમ જ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણીને દ્રવ્યમાં રાગ – દ્વેષ નથી કરતાં તેઓ મોહાદિનો ક્ષય કરીને અલ્પકાળમાં સર્વ દુ:ખોથી મુક્ત થાય છે. માટે શાસ્ત્રોનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરવું જોઈએ.

આગળ તેઓ કહે છે કે જે જીવ પોતાનું નિર્મોહપણું ઈચ્છે છે, તેમણે સ્વ - પર - વિવેક (ભેદજ્ઞાન) અવશ્ય કરવું જોઈએ, કારણ કે સ્વ – પરનાં વિવેકથી જ મોહનો નાશ કરી શકાય છે.

અંતે તેઓ કહે છે કે જે જિનકથિત અર્થોનું શ્રદ્ધાન નથી કરતો, અર્થાત્ જેમને સમ્યગ્દર્શન નથી, તેઓ શ્રમણ નથી, તેમને ધર્મનો ઉદ્ભવ નથી; પરંતુ જેઓ આગમમાં કુશળ છે, મોહદ્રષ્ટિ જેમની સમાપ્ત થઈ ગઈ છે, જેઓ વીતરાગચારિત્રમાં આરુઢ છે, તે મહાત્મા શ્રમણ સ્વયં ધર્મરૂપ છે.

આ પ્રકારે આચાર્યદેવે ગાથા ૮માં કથિત

'धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो'

ને સહેતુક પ્રસ્તુત કરી છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે આ મહાઅધિકારમાં આચાર્યદેવે નિર્વાણ સુખનાં સાધનભૂત શુદ્ધોપયોગનું, શુદ્ધોપયોગથી ઉત્પન્ન થવાવાળાં અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખનું તથા ઇન્દ્રિયસુખ અને તેમનાં કારણભૂત શુભભાવોનું સમ્યક્ વિવેચન પ્રસ્તુત કર્યું છે.

## ⊙ દ્વિતીય મહાઅધિકાર – જ્ઞેયતત્વપ્રજ્ઞાપન :-

'જ્ઞેયતત્વપ્રજ્ઞાપન' નામના મહાઅધિકારમાં મૂળરૂપે બે અવાંતર અધિકાર છે - દ્રવ્યસામાન્ય - અધિકાર અને દ્રવ્યવિશેષ - અધિકાર. એક ત્રીજું પ્રકરણ પણ છે, જે જ્ઞાન-જ્ઞેય વિભાગ - અધિકારના નામથી ઓળખવામાં આવે છે. જો કે તે જ્ઞેયતત્વપ્રજ્ઞાપનમાં જ સમાહિત છે, તો પણ આ જ્ઞાનતત્વ અને જ્ઞેયતત્વને વિભાગ કરવાવાળો હોવાથી બંને મહાઅધિકારોનાં ઉપસંહાર જેવો જ છે, જે પ્રકારે આરંભની ૧૨ ગાથાઓની ભૂમિકા અને મંગલાચરણ જુદાં હોવાં છતાં પણ તેનો જ્ઞાનતત્વ પ્રજ્ઞાપન મહાઅધિકારમાં સમાવેશ કરવામાં આવ્યો છે, તે પ્રકારે બંને મહાઅધિકારોનો આ ઉપસંહારાત્મક અંશ જ્ઞેયતત્વપ્રજ્ઞાપનમાં જ સમ્મિલિત કરી લેવામાં આવ્યો છે. તેથી આપણે એમ કહી શકીએ કે જ્ઞેયતત્વપ્રજ્ઞાપનમાં ત્રણ અવાંતર અધિકાર છે. આ જ્ઞાનજ્ઞેયવિભાગ અધિકાર પણ અત્યંત મહત્વપૂર્ણ અધિકાર છે, કારણ કે જ્ઞાન અને જ્ઞેય વચ્ચે ભેદવિજ્ઞાન કરવું જ જિનાગમનું મૂળ પ્રયોજન છે.

## ⊙ દ્રવ્યસામાન્ય અધિકાર :-

દ્રવ્યસામાન્ય અર્થાત્ વસ્તુવ્યવસ્થાનો સામાન્ય પરિચય આપતાં આચાર્ય કહે છે કે દ્રવ્યનું લક્ષણ સત્ છે. તે ઉત્પાદ – વ્યય – ધ્રૌવ્યથી યુક્ત છે, આ સત્ ને જ સત્તા અથવા અસ્તિત્વ કહેવાય છે, આ અસ્તિત્વ

બે પ્રકારનાં છે - સાદૃશ્ય અસ્તિત્વ અને સ્વરૂપ - અસ્તિત્વ, સાદૃશ્ય અસ્તિત્વને મહાસત્તા અને સ્વરૂપ - અસ્તિત્વને અવાંતરસત્તા પણ કહે છે.

ગુણ, પર્યાય અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન - ભિન્ન નથી, કારણ કે તે પરસ્પર એકબીજાંથી જ નિષ્પન્ન હોય છે. આમ ઉત્પાદ - વ્યય – ધ્રૌવ્ય દ્રવ્યથી જ નિષ્પન્ન હોય છે અને દ્રવ્ય ઉત્પાદ - વ્યય – ધ્રૌવ્ય દ્રવ્યથી જ નિષ્પન્ન છે. માટે ગુણ - પર્યાયોથી અને ઉત્પાદ - વ્યય – ધ્રૌવ્યથી દ્રવ્યનું અસ્તિત્વ, દ્રવ્યનો સ્વભાવ જ છે.

અસ્તિત્વના અને દ્રવ્યના પ્રદેશભેદ નથી માટે દ્રવ્ય, અસ્તિત્વથી પૃથક્ પદાર્થ નથી તેથી સાદૃશ્ય અસ્તિત્વની અપેક્ષાએ દ્રવ્યનું સર્વગત્ લક્ષણ 'સત્' કહેવામાં આવે છે.

આવું હોવા છતાં પણ સ્વરૂપ - અસ્તિત્વની અપેક્ષાથી દ્રવ્યોમાં અનેકત્વ છે, કારણ કે છ પ્રકારોનાં પ્રત્યેક દ્રવ્યનું પોત-પોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન – ભિન્ન છે, પરંતુ સાદૃશ્ય - અસ્તિત્વની અપેક્ષાથી સર્વદ્રવ્યોમાં એકત્વ છે, કારણ કે સત્ લક્ષણ સર્વદ્રવ્યોમાં સામાન્ય છે.

ઉત્પાદ, વ્યયરહિત નથી હોતું, વ્યય, ઉત્પાદરહિત નથી હોતું તથા ઉત્પાદ અને વ્યય, ધ્રૌવ્ય પદાર્થ વગર નથી હોતા. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યમાં અવિનાભાવી છે, તે દ્રવ્યથી પૃથક નથી, કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોનાં આધારે છે, માટે સર્વ એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી, આમ સ્પષ્ટ થાય છે કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેનો સમુદાય દ્રવ્ય છે.

દ્રવ્યની એક પર્યાય ઉત્પન્ન થાય છે, બીજી નષ્ટ થાય છે, પરંતુ દ્રવ્ય ન તો ઉત્પન્ન થાય છે, ન નાશ પામે છે, તે તો ધ્રુવ જ રહે છે. દ્રવ્ય

સ્વયં જ એક ગુણ-પર્યાયમાંથી અન્ય ગુણ-પર્યાયરૂપ પરિણમિત થાય છે. માટે ગુણ - પર્યાયોને પણ દ્રવ્ય કહેવામાં આવ્યાં છે.

ભિન્નતા બે પ્રકારની હોય છે - પૃથકત્વલક્ષણ અને અન્યત્વલક્ષણ, વિભક્તપ્રદેશત્વ[૧] પૃથકત્વ છે, તે સત્તા અને દ્રવ્યમાં સંભવ નથી, કારણ કે ગુણ-ગુણીમાં વિભક્ત-પ્રદેશત્વનો અભાવ હોય છે. અતદ્દભાવ અન્યત્વ[૨]નું લક્ષણ છે. આ (અતદ્દભાવ) સત્તા અને દ્રવ્યનાં જ છે, કારણ કે ગુણ-ગુણીમાં તદ્દભાવનો અભાવ હોય છે. સર્વથા અભાવ અતદ્દભાવ નથી, પરંતુ કથંચિત્ અભાવ અતદ્દભાવ છે. તેથી સ્વરૂપ અપેક્ષાએ જે દ્રવ્ય છે, તે ગુણ નથી અને જે ગુણ છે, તે દ્રવ્ય નથી. દ્રવ્ય અને સત્તામાં અતદ્દભાવ છે, કારણ કે કથંચિત્ સત્તા દ્રવ્યરૂપ નથી, દ્રવ્ય કથંચિત્ સત્તારૂપ નથી. આમ સ્પષ્ટ થાય છે કે જે દ્રવ્યના સ્વભાવભૂત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામ છે, તે સત્ થી અવશિષ્ટ - સત્તાથી અભિન્ન ગુણ છે, તેથી સ્વભાવમાં સમવસ્થિત હોવાથી દ્રવ્ય સત્ છે. સત્ અને દ્રવ્યમાં ગુણ-ગુણી સંબંધ છે, ગુણ-ગુણીમાં પૃથકત્વ હોતું નથી. ગુણ અને પર્યાય, ગુણી (દ્રવ્ય)થી પૃથક્ નથી હોતાં, માટે અભેદનયથી દ્રવ્ય સ્વયમેવ સત્તા છે.

દ્રવ્યનાં દ્રવ્યાર્થિકનયથી સત્ - ઉત્પાદ[૩] અને પર્યાયાર્થિક નયથી

---------------------------------------------------------------

૧. જે વસ્તુઓનાં પ્રદેશ ભિન્ન-ભિન્ન હોય છે,તેને વિભક્તપ્રદેશત્વ કહે છે.

૨. જેમનાં પ્રદેશ ભિન્ન ન હોય, પરંતુ જેમાં સ્વરૂપ-ભિન્નતા (ભાવ-ભિન્નતા) હોય, તેને અતદ્દભાવ કહે છે.

૩. જે પહેલાં વિદ્યમાન હતું, તેની ઉત્પત્તિને સત્ - ઉત્પાદ કહે છે.

અસત્ - ઉત્પાદ[1] છે. જ્યારે પર્યાયોને મુખ્ય કરી દ્રવ્યનું કથન કરવામાં આવે છે, ત્યારે જે પર્યાય શક્તિરૂપે દ્રવ્યમાં વિદ્યમાન હતી, તે ઉત્પન્ન થાય છે, કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળમાં વિદ્યમાન છે; માટે દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યનો સત્ - ઉત્પાદ છે, ઉદાહરણ રૂપે જીવ દ્રવ્ય મનુષ્યાદિ સર્વ પર્યાયોમાં અનન્ય છે, તેનો તે જ રહે છે, દ્રવ્યત્વને છોડતું નથી; તેથી તેનો સત્ - ઉત્પાદ છે.

જ્યારે દ્રવ્યને ગૌણ કરીને મુખ્યરૂપે પર્યાયોનું કથન કરવામાં આવે છે, ત્યારે જે પર્યાય વ્યક્ત રૂપથી દ્રવ્યમાં વિદ્યમાન નહોતી, તે ઉત્પન્ન થાય છે, કારણ કે વર્તમાન પર્યાય ભૂતકાળમાં ઉત્પન્ન નહોતી. ઉદાહરણ રૂપે, મનુષ્ય, તે દેવ અથવા તિર્યંચ નથી અને દેવ, તે મનુષ્ય અથવા તિર્યંચ નથી. તેથી પર્યાય - અપેક્ષાથી તેમનો અસત્ ઉત્પાદ છે.

પ્રત્યેક દ્રવ્ય સામાન્ય - વિશેષાત્મક છે, માટે પ્રત્યેક દ્રવ્ય તે તો તે જ રહે છે અને બદલાય પણ છે. દ્રવ્યનું સ્વરૂપ જ એવું હોવાથી દ્રવ્યનાં અનન્યત્વ અને અન્યત્વમાં વિરોધ નથી. દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય સામાન્ય જ હોય છે, માટે દ્રવ્ય અનન્ય છે. પર્યાયાર્થિકનયથી દ્રવ્યની પર્યાયરૂપે વિશેષ જ્ઞાત થાય છે, તેથી દ્રવ્ય અન્ય – અન્ય ભાસિત થાય છે. આમ બંને નયોને એક સાથે જોવાથી દ્રવ્ય સામાન્ય અને દ્રવ્યવિશેષ બંને જ્ઞાત થાય છે, માટે દ્રવ્ય અનન્યરૂપ તેમજ અન્ય – અન્યરૂપ ભાસિત થાય છે. એ જે વિરોધ પ્રતિભાસિત થાય છે, તે સપ્તભંગી ન્યાયથી સહજ રીતે સ્પષ્ટ થઈ જાય છે. તે સપ્તભંગી આ પ્રમાણે છે :-

---

૧. જે પહેલાં વિદ્યમાન ન હતું, તેની ઉત્પત્તિને અસત્- ઉત્પાદ કહે છે.

દ્રવ્ય કોઈ પર્યાયથી અસ્તિ, કોઈ પર્યાયથી નાસ્તિ, કોઈ પર્યાયથી અવક્તવ્ય, કોઈ પર્યાયથી અસ્તિ - નાસ્તિ, કોઈ પર્યાયથી અસ્તિ - અવક્તવ્ય, કોઈ પર્યાયથી નાસ્તિ - અવક્તવ્ય અને કોઈ પર્યાયથી અસ્તિ - નાસ્તિ - અવક્તવ્ય છે.

નારકાદિની પર્યાયો શાશ્વત નથી. જ્યારે જીવ રાગ-દ્વેષભાવ કરે છે, ત્યારે તેને કર્મબંધ થાય છે, કર્મબંધથી જીવનાં સ્વભાવનો પરાભવ થાય છે, જેનાથી નારકાદિ પર્યાયો ઉત્પન્ન થાય છે, વિનષ્ટ પામે છે.

વસ્તુત: તો પ્રતિક્ષણ ઉત્પાદ – વિનાશવાળાં આ જીવલોકમાં ન તો કોઈ ઉત્પન્ન થાય છે, ન તો નષ્ટ; કારણ કે જેનો ઉત્પાદ છે, તેનો વિનાશ છે. તથા ઉત્પાદ અને વિનાશ અન્ય - અન્ય (ભિન્ન – ભિન્ન) પણ છે, કારણ કે ઉત્પાદ અને વિનાશને અનન્યપણું અને અન્યપણું છે. જ્યારે ઉત્પાદ અને વિનાશનાં (અનેકપણું) અપેક્ષા લેવામાં આવે છે ત્યારે પૂર્વપક્ષ ફલિત થાય છે અર્થાત્ ન કોઈ ઉત્પન્ન થાય છે, ન નાશ પામે છે; જ્યારે ઉત્પાદ અને વિનાશનાં અન્યપણાની (અનેકપણું) અપેક્ષા લેવામાં આવે છે ત્યારે, ઉત્તરપક્ષ ફલિત થાય છે અર્થાત્ ઉત્પાદ અન્ય છે અને વિનાશ અન્ય છે.

જીવ, દ્રવ્યરૂપથી અવસ્થિત હોવા છતાં પણ પર્યાયથી અનવસ્થિત (અસ્થિર) છે. સંસરણશીલ (પરિણમનશીલ) આ જગતમાં સ્વભાવથી અવસ્થિત કોઈ નથી, કારણ કે સંસાર તો સંસરણ કરતા દ્રવ્યની ક્રિયા છે.

આ જીવનાં સંસારનું કારણ દ્રવ્યકર્મ છે અને દ્રવ્યકર્મનું કારણ કર્મથી મલિન આત્માનાં પરિણામ છે.[૧] આ પરિણામ જ કર્મ છે, તેનાથી જ જીવને સંસારમાં પુદ્દગલનો સંબંધ થાય છે.

પરિણામ પોતે આત્મા છે. પરિણામ જીવમયી ક્રિયા છે અને ક્રિયાને કર્મ માનવામાં આવ્યાં છે, માટે આત્મા પરિણામરૂપ ભાવકર્મનો જ કર્તા છે, પુદ્દગલ પરિણામરૂપ દ્રવ્યકર્મનો નહીં. તેનો કર્તા તો સ્વયં પુદ્દગલ જ છે. આમ સ્પષ્ટ થાય છે કે આત્મા પુદ્દગલરૂપે પરિણમિત નથી થતો, આત્મ સ્વરૂપે (ચેતના) જ પરિણમિત થાય છે.

ચેતના ત્રણ પ્રકારની છે - જ્ઞાનસંબંધી, કર્મસંબંધી, અને કર્મફળ સંબંધી. જ્ઞાનપરિણત જ્ઞાનચેતના, કર્મપરિણત કર્મચેતના અને કર્મફળ પરિણત કર્મફળ ચેતના છે.

અર્થ વિકલ્પ 'જ્ઞાન' છે. જીવો વડે કરાયેલો ભાવ 'કર્મ' છે. કર્મ વડે ઉત્પન્ન થવાવાળાં સુખ-દુ:ખ 'કર્મફળ' છે.

આ ત્રણે વાસ્તવમાં આત્મા જ છે, કારણ કે આત્મા પરિણામ સ્વરૂપ છે, પરિણામ ચેતનાસ્વરૂપ છે; જ્ઞાન, કર્મ અને કર્મફળ ચેતનામય છે. માટે જ્ઞાન, કર્મ અને કર્મફળ આત્મા જ છે.

------------------------------------------------------------

૧. અહીં ઈતરેતરાશ્રય દોષ નથી, કારણ કે નવાં દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ આત્મપરિણામ છે અને અશુદ્ધ આત્મપરિણામનું કારણ તે જ દ્રવ્યકર્મ નહીં, પરંતુ પહેલાનું દ્રવ્યકર્મ છે.

જે વ્યક્તિ આ પ્રકારે નિર્ણય કરીને જ્યારે પરદ્રવ્યરૂપ પરિણમિત નથી થતો, ત્યારે તે શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે.

## ⊙ દ્રવ્યવિશેષ અધિકાર :-

આ અધિકારમાં આચાર્યદેવ જીવાદિ છ દ્રવ્યોનું વિશેષ વર્ણન કરે છે. જીવ, પુદ્દગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - આ છયે દ્રવ્યોને ઘણાં યુગ્મોમાં વિભાજિત કરીને સમજાવ્યાં છે. જેમકે, જીવ – અજીવ, મૂર્ત – અમૂર્ત, લોક – અલોક, ક્રિયાવાન – ભાવવાન, સપ્રદેશી - અપ્રદેશી વગેરે.

ઉપયોગમયી ચેતન જીવદ્રવ્ય છે અને શેષ પુદ્દગલાદિ પાંચ દ્રવ્ય અચેતન હોવાથી અજીવ છે. આકાશનાં જેટલાં પ્રદેશમાં જીવાદિ છ દ્રવ્યો રહે છે, તે લોક છે, બાકી સર્વ અલોક છે. ભાવવાન (પરિવર્તનશીલ) તો છ એ દ્રવ્યો છે, પરંતુ જીવ અને પુદ્દગલ ક્રિયાવાન (ગમનશીલ) પણ છે. પુદ્દગલ મૂર્ત છે, શેષ દ્રવ્ય અમૂર્ત છે, કાળદ્રવ્ય એકપ્રદેશી છે, બાકી દ્રવ્ય બહુપ્રદેશી છે.

ગુણોથી દ્રવ્ય ઓળખાય છે, કારણ કે મૂર્ત દ્રવ્યોનાં ગુણ મૂર્ત હોય છે અને અમૂર્ત દ્રવ્યોનાં ગુણ અમૂર્ત હોય છે. ઇન્દ્રિયગ્રાહ્ય ગુણોને મૂર્ત કહેવાય છે અને જે ઇન્દ્રિયગ્રાહ્ય ન હોય, તે ગુણ અમૂર્ત જાણવાં જોઈએ.

વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, આદિ ગુણ સર્વ પુદ્દગલોને હોય છે. શબ્દ પુદ્દગલની પર્યાય છે, ગુણ નહીં.

આકાશનો ગુણ અવગાહનહેતુત્વ, ધર્મદ્રવ્યનો ગુણ ગમનહેતુત્વ, અધર્મ દ્રવ્યનો ગુણ સ્થિતિહેતુત્વ, કાળનો ગુણ વર્તના હેતુત્વ અને આત્માનો ગુણ ઉપયોગ છે.

જીવ, પુદ્દગલ, ધર્મ, અધર્મ અને આકાશ પ્રદેશવાળાં છે, તેમજ કાળ અપ્રદેશી છે.[૧] જો કે પરમાણુ પણ અપ્રદેશી છે, પરંતુ તેને પ્રદેશોદ્દભવ હોય છે, તેથી તેને પણ પ્રદેશી જ માનવામાં આવે છે. પરંતુ કાળને તો પુદ્દગલ પરમાણુની જેમ શક્તિ- અપેક્ષા (પર્યાયથી) પણ અનેકપ્રદેશીપણું નથી; માટે તે અપ્રદેશી જ છે.

જે રીતે આકાશના પ્રદેશો છે, તે રીતે બાકીનાં દ્રવ્યોનાં પણ પ્રદેશો છે, જો કે આકાશની જેમ પરમાણુરૂપી માપદંડથી મપાય છે, પણ કાળ અપ્રદેશી છે.

લોકાકાશનાં અસંખ્યાત પ્રદેશ છે, જેનાં એક - એક પ્રદેશ પર એક - એક કાલાણુ સ્થિત છે, તે કાલાણુ સ્નિગ્ધ-રુક્ષ ગુણનાં અભાવને કારણે રત્નોની રાશિની જેમ પૃથક – પૃથક જ રહે છે, પુદ્દગલ પરમાણુઓની જેમ પરસ્પર મળતાં નથી.

પરમાણુને એક આકાશપ્રદેશથી બીજાં અનંતર આકાશપ્રદેશ પર મંદગતિથી જતાં જેટલો કાળ લાગે છે, તેને 'સમય' કહેવામાં આવે છે, આ કાળદ્રવ્યની સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે. કાળદ્રવ્ય નિત્ય છે, સમય (વ્યવહાર કાળ) ઉત્પન્ન – પ્રધ્વંસી છે. સમય, પ્રદેશની માફક નિરંશ છે.

આકાશનાં એક પરમાણુથી વ્યાપ્ત અંશ આકાશ-પ્રદેશ છે તથા આ આકાશપ્રદેશ સર્વ પરમાણુઓને અવકાશ દેવા માટે સમર્થ છે.

---------------------------------------------------------------

૧. અહીં એમ નથી સમજવાનું કે કાળને પ્રદેશ હોતાં જ નથી, તે તો એક પ્રદેશી છે, અનેક પ્રદેશી ન હોવાથી તેને અહીં અપ્રદેશી કહેવામાં આવ્યું છે.

આકાશદ્રવ્ય અવસ્થિત (સ્થિર) તથા અનંતપ્રદેશી છે. ધર્મ અને અધર્મદ્રવ્ય અવસ્થિત તથા અસંખ્યાત પ્રદેશી તેમ જ જીવદ્રવ્ય અનવસ્થિત (અસ્થિર) તથા અસંખ્યપ્રદેશી છે. પુદ્ગલ દ્રવ્ય (પરમાણુ) અનેકપ્રદેશીપણાની શક્તિથી યુક્ત એક પ્રદેશવાળો છે તથા પર્યાય (સ્કંધ)ની અપેક્ષાએ સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશવાળો છે, માટે આ બધાં દ્રવ્યોને તિર્યક્ પ્રચય[૧] છે, પરંતુ કાળને તિર્યક્ પ્રચય નથી, કારણ કે તે શક્તિ અને વ્યક્તિ બંને અપેક્ષાએ એક પ્રદેશવાળો જ છે.

ઊર્ધ્વપ્રચય[૨] તો બધાં દ્રવ્યોને હોય જ છે, અને સમયનો પ્રચય જ કાળદ્રવ્યનો ઊર્ધ્વપ્રચય છે, કારણ કે, દ્રવ્યોની વૃત્તિ ભૂત-વર્તમાન-ભવિષ્ય ત્રણે કાળોને સ્પર્શે છે, ફરક એટલો છે કે સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તો પુદ્ગલાદિ દ્રવ્યોનો ઊર્ધ્વપ્રચય છે, અને સામનો પ્રચય જ કાળદ્રવ્યનો ઉર્ધ્વ-પ્રચય છે, કારણ કે બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાંતરભૂત (અન્ય) હોવાથી સમયવિશિષ્ટ છે અને કાળદ્રવ્યની વૃત્તિ તો પોતે સમય સ્વરૂપે છે, માટે તે સમય વિશિષ્ટ નથી.

કાળપદાર્થની પ્રત્યેક વૃત્તિના અંશમાં ઉત્પાદ અને વિનાશ યુગપદ્ હોય છે. સમય કાળપદાર્થનો વૃત્યંશ (સૂક્ષ્માતિસૂક્ષ્મ પર્યાય) છે, તે વૃત્યંશમાં અવશ્ય  ઉત્પાદ અને વિનાશ સંભવે છે, કારણ કે પરમાણુનાં અતિક્રમણ દ્વારા સમયરૂપી વૃત્યંશ ઉત્પન્ન થાય છે, માટે કારણપૂર્વક છે. પરમાણુ દ્વારા એક આકાશપ્રદેશનું મંદ ગતિથી ઓળંગવું કારણ છે અને

---------------------------------------------------------------

૧. પ્રદેશોનાં સમૂહને તિર્યક્ પ્રચય કહેવામાં આવે છે.

૨. સમયવિશિષ્ટ વૃત્તિઓનાં સમૂહને ઊર્ધ્વપ્રચય કહેવામાં આવે છે. સમયરૂપી વૃત્યંશ તે કારણનું કાર્ય છે, માટે તેમાં કોઈ પદાર્થનો ઉત્પાદ અને વિનાશ થતો હોવો જોઈએ. આમ સ્પષ્ટ થાય છે કે કારણપૂર્વક થવાવાળાં કાળપદાર્થના વૃત્યંશમાં ઉત્પાદ અને વિનાશ યુગપદ્ હોય છે, કારણ કે જે વૃત્તિમાનના જે વૃત્યંશમાં તે વૃત્યંશની અપેક્ષાએ ઉત્પાદ છે, તે ઉત્પાદ તે વૃત્તિમાનના તે વૃત્યંશના પૂર્વ વૃત્યંશની અપેક્ષાએ વિનાશ છે, અર્થાત્ કાળપદાર્થના જે વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે, તે જ પૂર્વ પર્યાયની અપેક્ષાએ વિનાશ છે. આમ ઉત્પાદ અને વિનાશ, કાળના એક કાળમાં પણ સંભવિત છે, માટે તે ખંડિત નથી, સ્વભાવે ધ્રુવ છે.

જે પ્રકારે કાળનાં એક વૃત્યંશમાં ઉત્પાદ - વ્યય – ધ્રૌવ્ય હોય છે, તે પ્રકારે તે કાળનાં સર્વ વૃત્યંશોમાં પણ હોય છે; આનાથી કાલાણુની સિદ્ધિ થાય છે. કાલાણુનાં સિદ્ધ થવાથી તણા પ્રદેશવાનપણાની સિદ્ધિ પણ સ્વતઃ જ છે, કારણ કે જે પદાર્થના પ્રદેશ અથવા એક પ્રદેશ જ્ઞાત નથી થતા, તે શૂન્ય છે, તેનું કોઈ અસ્તિત્વ નથી.

અહીં વિરોધ પ્રતીત થાય છે કારણ કે પહેલાં તો આચાર્યદેવે કહ્યું હતું કે 'समओ दु अप्पदेशो' [૧] સમય અપ્રદેશી છે. તેમ જ અહીં એમ કહે છે કે 'जस्स णा संति पदेसा पदेसमत्तं व तच्चदो णादु' [૨] જેમાં પદાર્થનાં પ્રદેશ અથવા એક પ્રદેશ જ્ઞાત નથી થતાં, તે વાસ્તવમાં હોતાં જ નથી.

---

૧. પ્રવચનસાર, ગાથા ૧૩૮,

૨. પ્રવચનસાર, ગાથા ૧૪૪ પૂર્વાર્ધ.

ઉક્ત કથનમાં કોઈ વિરોધ નથી, કારણ કે એક પ્રદેશને અપ્રદેશી પણ કહેવામાં આવે છે.

⊙ જ્ઞાન-જ્ઞેય વિભાગ અધિકાર :-

આ અધિકારમાં જ્ઞાનતત્વ અને જ્ઞેયતત્વનું નિરૂપણ એ પ્રકારે કરવામાં આવ્યું છે કે જેનાથી ભેદજ્ઞાનની ઉત્પત્તિ થાય. જ્ઞાન (જીવ) અને જ્ઞેય (શરીરાદિ)નો સંબંધ અનાદિકાળથી કેવી રીતે થઈ રહ્યો છે અને તે કેવી રીતે છૂટે, મુક્તિમાર્ગમાં અત્યંત ઉપયોગી તે વિષયને આ અધિકારમાં સરળતાથી સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

સર્વ જ્ઞેયપદાર્થોને જાણવાવાળો જ્ઞાયકસ્વભાવી આત્મા અનાદિકાળથી ઇન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છવાસ - આ ચાર પ્રાણોથી યુક્ત છે. તેથી સંસારી જીવનું સ્વરૂપ પણ આ પ્રકારે જાણવામાં આવે છે કે જે આ ચાર પ્રાણોથી જીવે છે, જીવતો હતો અને જીવશે, તે જીવ છે. આવું હોવા છતાં પણ આ પ્રાણ પુદ્ગલદ્રવ્યથી નિષ્પન્ન છે જીવદ્રવ્યથી નહીં.

મોહાદિક જડકર્મોથી બંધાયેલો જીવ આ પ્રાણોને ધારણ કરતો થકો અને પ્રાણોથી કર્મફળને ભોગવતો થકો મોહ-રાગ-દ્વેષ ને પ્રાપ્ત થાય છે. મોહાદિભાવોથી સ્વ-પરનાં દ્રવ્ય-ભાવપ્રાણોને બાધા પહોંચાડતો થકો જ્ઞાનાવરણાદિ જડકર્મોથી બંધાય છે.

જ્યાંસુધી આ આત્મા દેહાદિ વિષયોમાં મમત્વ નથી છોડતો, ત્યાંસુધી આ દુષ્ચક્ર ચાલુ જ રહે છે. જે આત્મા જિતેન્દ્રિય થઈ જ્ઞાનસ્વભાવી આત્માનું ધ્યાન કરે છે, તે કર્મોથી રંજિત ન થવાનાં કારણે પ્રાણોને પણ ધારણ નથી કરતો અર્થાત્ મુક્ત થઈ જાય છે. તાત્પર્ય એ

છે કે દેહરૂપ વ્યવહારપ્રાણ આત્માથી અત્યંત ભિન્ન હોવાથી ઉક્ત વિધિથી ઉચ્છેદ કરવા યોગ્ય છે.

આ વાતનો વિસ્તાર આપતાં આચાર્યદેવ આગળ કહે છે કે સ્વ-પરનાં વિભાગ વગર અનાદિકાળથી આ પ્રાણી મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવ પર્યાયોને ધારણ કરી ચર્તુંગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જ્ઞાન-દર્શન સ્વભાવી આ આત્મા, જ્યારે શુભભાવરૂપ પરિણમિત થાય છે ત્યારે પુણ્યનો બંધ કરે છે અને જ્યારે અશુભભાવરૂપ પરિણમિત થાય છે ત્યારે પાપનો બંધ કરે છે. જ્યારે શુભ અને અશુભ બંને ભાવોનો અભાવ કરી વીતરાગભાવરૂપ પરિણમિત થાય છે, ત્યારે કર્મબંધ થતો નથી.

જે પરિણામ (ઉપયોગ) અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ - આ પાંચ પરમેષ્ઠીને જાણે છે, તેમની શ્રદ્ધા કરે છે અને પ્રાણીઓ પ્રત્યે દયાવાન હોય છે, તે પરિણામને શુભોપયોગ કહેવાય છે. તેમજ વિષયકષાયમાં મગ્ન, કુમતિ, કુવિચાર અને કુસંગતિમાં લગ્ન (લાગેલો), ઉગ્ર અને ઉન્માર્ગમાં સંલગ્ન (જોડાયેલો) ઉપયોગ અશુભોપયોગ છે.

બંધનનાં કારણ ઉક્ત બંને ઉપયોગોના ત્યાગની પ્રેરણાં આપતાં - ભાવના કરતાં આચાર્યદેવ કહે છે કે અન્ય દ્રવ્યમાં મધ્યસ્થ થતો થકો, અશુભોપયોગમાં ઉપયુક્ત ન થતો થકો હું જ્ઞાનાત્મક આત્માને ધ્યાવું છું, કારણ કે હું તો દેહ નથી, મન નથી અને વાણી પણ નથી, તેમનું કારણ પણ નથી, કર્તા પણ નથી, કરાવનાર (કારયિતા) પણ નથી અને કર્તાનો અનુમોદક પણ નથી.

'દેહ, મન, વાણી પુદ્‌ગલદ્રવ્યાત્મક છે' એવું વીતરાગદેવે કહ્યું છે. જો કે હું પુદ્‌ગલદ્રવ્ય નથી અને ન તે પુદ્‌ગલ મારા દ્વારા પિંડરૂપે કરાયેલા છે;

માટે હું દેહ નથી અને દેહનો કર્તા પણ નથી. દેહના પરમાણુ સ્નિગ્ધતા અને રૂક્ષતાના કારણે સ્વયં જ પિંડરૂપે પરિણમિત થાય છે.

ત્યારબાદ આચાર્યદેવ પુદ્ગલ પરમાણુઓની બંધન-પ્રક્રિયાનું વર્ણન કરે છે, જે મૂળમાં પઠન કરવા યોગ્ય છે. ઉક્ત પ્રક્રિયાનું વર્ણન કર્યા બાદ આચાર્યદેવ સમજાવે છે કે આ લોક કર્મને યોગ્ય પુદ્ગલોથી પરિપૂર્ણ છે. તે પુદ્ગલ-સ્કંધ જીવની શુભાશુભ પરિણતિનું નિમિત્ત પામીને સ્વયં કર્મભાવને પ્રાપ્ત થાય છે, જીવ તેમાં કંઇ કરતું નથી. ઔદારિકાદિ બધાં શરીર પુદ્ગલજન્ય જ છે તથા આત્મા તેનાથી સર્વથા ભિન્ન જ છે.

માટે જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, અશબ્દ, અલિંગગ્રહણ, અનિર્દિષ્ટસંસ્થાન અને ચેતનાગુણથી યુક્ત જાણવો.

મૂર્ત પુદ્ગલની સાથે અમૂર્ત આત્માના બંધનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં આચાર્યદેવ કહે છે કે જે રીતે અરૂપી જીવ રૂપી દ્રવ્યોને અને તેનાં ગુણોને દેખે છે, જાણે છે, તે રીતે તેની સાથે બંધને પણ પ્રાપ્ત થાય છે. વિવિધ વિષયોને પ્રાપ્ત કરી તેનાથી મોહ, રાગ અને બંધ કરવાવાળાં જીવ તેનાથી બંધને પ્રાપ્ત થાય છે. સ્પર્શોની સાથે પુદ્ગલોનો બંધ, રાગાદિની સાથે જીવનો બંધ અને અન્યોન્ય અવગાહ જીવ-પુદ્ગલાત્મક બંધ કહેવામાં આવ્યો છે. અસંખ્યપ્રદેશી આત્માના પ્રદેશોમાં પુદ્ગલસમૂહ પ્રવેશ કરે છે, રહે છે, જાય છે અને બંધાય પણ છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે રાગી આત્મા કર્મ બાંધે છે અને રાગરહિત આત્મા કર્મોથી મુક્ત થાય છે.

મોહ - રાગ - દ્વેષ પરિણામોથી બંધ થાય છે. મોહ અને દ્વેષ પરિણામ તો અશુભ જ હોય છે, રાગ શુભ પણ હોય છે અને અશુભ પણ. પરનાં પ્રત્યે શુભ પરિણામ પુણ્ય છે અને અશુભ પરિણામ પાપ છે; પરંતુ જે પરિણામ પરનાં પ્રત્યે પ્રવર્તમાન નથી - એવા સ્વભાવસન્મુખ પરિણામ શુદ્ધ હોવાથી દુ:ખક્ષયનું કારણ છે.

સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ તેમ જ પરદ્રવ્યથી નિવૃત્તિ કરાવવા માટે આચાર્યદેવ સ્વ-પરના વિભાગને વધારે વિશેષ સ્પષ્ટ કરતાં કહે છે કે :-

ત્રસ, સ્થાવર આદિ ભેદોથી પણ જીવ ભિન્ન જ છે. આ તથ્યથી અપરિચિત લોકો પરમાં એકત્વબુદ્ધિ કરે છે, પરંતુ આત્મા તો માત્ર પોતાનાં ભાવોનો જ કર્તા છે, પુદ્‌ગલદ્રવ્યમય પરભાવોનો નહીં. પુદ્‌ગલોની વચ્ચે રહેવા છતાં પણ જીવ ન તો પુદ્‌ગલ કર્મોને કરે છે, ન ગ્રહણ કરે છે અને ન છોડે છે. જીવ રાગાદિ સ્વપરિણામોનો કર્તા થતો થકો કર્મરજને ગ્રહણ કરે છે, છોડે પણ છે. નિશ્ચયથી બંધનું આ જ સ્વરૂપ છે. વ્યવહારથી અન્યરૂપ પણ કહેવામાં આવે છે.

માટે જે શ્રમણ, દેહ અને ધનાદિકમાં મમત્વને નથી છોડતાં, તેઓ ઉન્માર્ગી જ છે. 'હું પરનો નથી, પર મારું નથી, હું તો એક જ્ઞાનરૂપ જ છું' - આ પ્રકારનું ધ્યાન કરવાવાળાં જ સાચાં શ્રમણ છે.

આચાર્યદેવ કહે છે કે હું તો આત્માને જ્ઞાનાત્મક, દર્શનભૂત, ધ્રુવ, અચલ, શુદ્ધ, નિરાવલંબી અને અતીન્દ્રિય મહાપદાર્થ માનું છું.

શરીર, ધન, સુખ-દુ:ખ, શત્રુ-મિત્ર કોઈ પણ ધ્રુવ નથી, ધ્રુવ તો એક ઉપયોગાત્મક આત્મા જ છે - જે વિશુદ્ધાત્મા આ પ્રકારે પરમ આત્માનું ધ્યાન કરે છે, તેઓ જ મોહ દુર્ગ્રંથિનો નાશ કરે છે, મોહ - રાગ - દ્વેષનો

ક્ષય કરવાવાળાં શ્રમણ જ અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.

અંતે આચાર્યદેવ તે બધાં જિન, જિનેન્દ્ર - શ્રમણોને નમસ્કાર કરે છે, કે જે ઉક્ત માર્ગ પર આરુઢ થઈ સિદ્ધ થયા છે. ઉક્ત માર્ગને પણ નમસ્કાર કરતાં અંતમાં સ્વયંના નિર્મમત્વ થવાની પણ ઘોષણા કરે છે.

## ⊙ તૃતીય મહાઅધિકાર - ચરણાનુયોગસૂચક ચૂલિકા :-

'ચરણાનુયોગસૂચક ચૂલિકા' નામના આ ચારિત્ર મહાઅધિકારમાં ચાર અવાંતર અધિકાર છે, જેના નામ ક્રમથી આ પ્રમાણે છે :-

(૧) આચરણ - પ્રજ્ઞાપન અધિકાર

(૨) મોક્ષમાર્ગ - પ્રજ્ઞાપન અધિકાર

(૩) શુભોપયોગ - પ્રજ્ઞાપન અધિકાર

(૪) પંચરત્ન - પ્રજ્ઞાપન અધિકાર

## ⊙ આચરણ - પ્રજ્ઞાપન અધિકાર :-

મંગલાચરણ ઉપરાંત ચારિત્ર ધારણ કરવાની પ્રેરણા આપતાં આચાર્ય લખે છે કે જો દુ:ખોથી મુક્તિ ઇચ્છતા હો તો શ્રામણ્યનો સ્વીકાર કરો. શ્રામણ્યને અંગીકાર કરવાની વિધિ બતાવતાં કહે છે કે માતા-પિતા, પત્ની-પુત્ર અને બંધુવર્ગ પાસેથી અનુમતિ લઈ પંચાચરણનાં ધારી, શ્રેષ્ઠ શ્રમણોમાં ઉત્તમ આચાર્યની પાસે જઈ દીક્ષા લેવાની ભાવના પ્રગટ કરો અને ભાવના ભાવો કે ન તો હું કોઈનો છું, અને જગતમાં મારું કોઈ નથી. આ પ્રકારે યથાજાત નગ્ન દિગંબર રૂપને ધારણ કરો.

શ્રમણલિંગ – હિંસાદિ, શૃંગારાદિ, મૂર્ચ્છા, અને આરંભથી રહિત, ઉપયોગ અને યોગની શુદ્ધિથી સહિત હોય છે. દાઢી - મૂછના લોંચથી

સહિત આ યથાજાત લિંગ જિનેન્દ્રદેવે પરની અપેક્ષાથી રહિત કહ્યાં છે. આ જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

આમ પરમગુરુ દ્વારા પ્રદત્ત (દેવામાં આવેલા) અંતર્બાહ્ય દિગંબર શ્રામણ્યને ધારણ કરી શ્રમણ આત્મસ્થ થાય છે. અચેલપણું (વસ્ત્રોનો ત્યાગ), અસ્નાન, ભૂમિશયન, અદંતધોવન, ઊભાં - ઊભાં ભોજન, એકવાર આહાર – શ્રમણોનાં મૂળગુણ છે. આ મૂળગુણોમાં પ્રમત્ત થવાવાળાં શ્રમણ છેદોપસ્થાપક કહેવાય છે.

સંયમનાં છેદ બે પ્રકારનાં હોય છે - બહિરંગ અને અંતરંગ.

કાયચેષ્ટા સંબંધી છેદ બહિરંગ છેદ છે. ઉપયોગ સબંધી છેદ અંતરંગ છેદ છે.

જ્યારે શ્રમણે પ્રયત્નપૂર્વક કરેલી કાયચેષ્ટામાં કથંચિત્ બહિરંગ છેદ થાય છે, ત્યારે તેમણે આલોચનાપૂર્વક[૧] ક્રિયા કરવી જોઈએ. જ્યારે ઉપયોગ સંબંધી છેદ થાય ત્યારે તેમણે વ્યવહારજ્ઞ તેમ જ પ્રાયશ્ચિત કુશળ શ્રમણની પાસે જઈ પોતાનાં દોષનું નિવેદન કરી જેમ તેઓ ઉપદેશ આપે તેમ કરવું જોઈએ.

સર્વ પરદ્રવ્ય શ્રામણ્ય માટે છેદનાં આયતન છે. સંયોગના નિમિત્તભૂત આગમોક્ત આહાર, અનશન, ગુફાદિ - નિવાસ, વિહાર, દેહમાત્ર પરિગ્રહ, અન્ય મુનિઓનો પરિચય અને ધાર્મિક ચર્ચા-વાર્તા

---

૧. સૂક્ષ્મતાથી જોવું, સૂક્ષ્મતાથી વિચારપૂર્વક કરેલી ક્રિયા આલોચના હોય છે.

પ્રત્યે પણ રાગાદિ કરવાં ઉચિત નથી; કારણ કે તેનાથી પણ સંયમનો છેદ થાય છે. માટે જે પરદ્રવ્ય પ્રત્યે મમત્વને છોડીને છેદવિહીન થઈ ગુરુની પાસે અથવા અન્ય સ્થળે રહેતાં થકા જ્ઞાન - દર્શન અને મૂળગુણોમાં[૧] પ્રયત્નપૂર્વક વિચરણ કરે છે. તે પરિપૂર્ણ શ્રમણ છે.

શ્રમણની ઉક્ત આહાર - વિહારાદિ અપ્રમત્તચર્યા (અસાવધાની) નિત્ય હિંસા છે, કારણ કે ત્યાં નિયમથી અશુદ્ધોપયોગ જ હોય છે; માટે અપ્રયત આચરણવાળાથી જીવ મરે અથવા ન મરે, પરંતુ અંતરંગ હિંસા નિશ્ચિત જ થાય છે. અપ્રમત્ત આચરણવાળાને તો શાસ્ત્રોમાં છ કાય સંબંધી વધના કરવાવાળાં કહેવામાં આવ્યાં છે. જ્યારે પ્રમત્ત સમિતિવાનને બાહ્ય હિંસા થવા છતાં પણ હિંસા માત્રથી બંધ થતો નથી. માટે અંતરંગ છેદ સર્વથા નિષેધ છે.

આમ કાયચેષ્ટાપૂર્વક જીવનાં મરવાથી તો ક્યારેક બંધ થાય છે, ક્યારેક નહીં; પરંતુ ઉપધિ (પરિગ્રહ)થી તો નિશ્ચિત જ બંધ થાય છે; કારણ કે ઉપધિ અંતરંગ છેદ છે. તેના રહેવાથી ભાવોમાં વિશુદ્ધિ થતી નથી તથા મૂર્છા, આરંભ અને અસંયમનો સદ્ભાવ રહે છે. માટે પરિગ્રહના સદ્ભાવમાં શ્રમણ આત્માને સાધી શકતાં નથી, ન તો તેમને કર્મનો ક્ષય સંભવે છે.

જો કે શ્રમણે સર્વ ઉપધિનો ત્યાગ કરવો જોઈએ. આ જ સામાન્ય નિયમ છે, છતાં પણ વિશિષ્ટ ક્ષેત્ર-કાળને

-------------------------------------------------------

૧. અહીં મૂળગુણનું તાત્પર્ય નિશ્ચય મૂળગુણ અથવા નિશ્ચય મૂળગુણના આધારભૂત પરમાત્મદ્રવ્ય છે.

વશ શ્રમણ અનિષિદ્ધ[૧] ઉપધિ ગ્રહણ કરી શકે છે; કારણ કે તે ઉપધિથી છેદ થતો નથી. જેમ કે -આહાર – નિહારાદિ માટે અનિષિદ્ધ ઉપધિનું ગ્રહણ કરવું.

જિનેન્દ્ર દેવે તો દેહને પણ પરિગ્રહ કહ્યો છે, તેનાં પણ સંસ્કાર ન કરવાનો ઉપદેશ આપ્યો છે, તો પછી અન્યની તો વાત જ શું કરવી? માટે જો સામર્થ્ય હોય તો સર્વ પરિગ્રહનો જ ત્યાગ કરવો જોઈએ. અરહંતોએ પણ આ જ કર્યું છે, કારણ કે ઉત્સર્ગ જ વસ્તુ ધર્મ છે. અપવાદ નહીં.

તેમાં અનિષિદ્ધ ઉપધિ અપવાદ છે, જે શ્રામણ્યના સહકારી કારણરૂપે ઉપકાર કરવાવાળો હોવાથી ઉપકરણ છે. યથાજાત રૂપ,[૨] ગુરુનાં વચન,[3] સૂત્રોનું અધ્યયન,[૪] અને વિનય[૫]ને ઉપકરણ કહેવામાં આવ્યાં છે.

--------------------------------------------------------

૧. અનિંદિત, અસંયત જનો દ્વારા અપ્રાર્થનીય, મૂર્ચ્છાદિનાં ઉત્પાદન રહિત ઉપધિ-અનિષિદ્ધ ઉપધિ છે.

૨. જે શ્રમણની શ્રામણ્ય પર્યાયની સહકારી કારણભૂત, સર્વ કૃત્રિમતાઓથી રહિત યથાજાતરૂપ સન્મુખ વૃત્તિ જાય, તેને કાયનો પરિગ્રહ છે.

3. જે શ્રમણની ગુરુનો ઉપદેશ – શ્રવણમાં વૃત્તિ રોકાય, તેને વચન પુદ્દગલોનો પરિગ્રહ છે.

૪. જે શ્રમણની સૂત્રાધ્યયનમાં વૃત્તિ રોકાય, તેને સૂત્ર-પુદ્દગલોનો પરિગ્રહ છે.

૫. જે શ્રમણને યોગ્ય વિનયરૂપ પરિણામ હોય, તેને મનનાં પુદ્દગલોનો પરિગ્રહ છે.

અપવાદ ઉપકરણભૂત આ ઉપધિનો નિષેધ નથી, તથાપિ આ વસ્તુ ધર્મ ન હોવાથી ઉત્સર્ગમાર્ગ નથી.

શ્રમણ શુદ્ધાત્મતત્વની ઉપલબ્ધિનાં સાધકભૂત શ્રામણ્ય પર્યાયનાં પાલન માટે યુક્તઆહાર - વિહારી હોય છે, ન તો વર્તમાન અથવા ભાવિ દિવ્ય શરીરનાં અનુરાગ માટે; તેથી યુક્તાહારી સાક્ષાત્ તેઓ અનાહારી અને અવિહારી જ છે. જો કે તેઓ દેહમાં મમત્વપૂર્વક અનુચિત આહાર ગ્રહણ નથી કરતાં, તેથી તે શ્રમણ યુક્તાહારી છે. આહાર, આત્માનો સ્વભાવ નથી; એવાં પરિણામ યોગ શ્રમણને હોવાથી તેઓ યોગી છે, માટે તેમનો આહાર યુક્તાહાર (યોગીનો આહાર) છે.

યુક્તાહાર ભિક્ષાચરણથી, દિવસમાં એક વાર, યથાલબ્ધ, રસની અપેક્ષાથી રહિત તેમજ મધ-માંસ રહિત હોય છે.

આ પ્રકારે આચાર્યદેવે શ્રમણનાં દ્રવ્યલિંગ અને ભાવલિંગનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે કેવળ નગ્નતારૂપ દ્રવ્યલિંગ, ભાવલિંગ વગર વ્યર્થ છે, ભાવલિંગધારી શ્રમણને જ સાચાં સુખની પ્રાપ્તિ થાય છે.

તેથી બાળ, વૃદ્ધ, પરિશ્રમી, રોગીએ પણ પોતાને યોગ્ય અતિ કઠોર આચરણ જ કરવું જોઈએ.[૧] - આ ઉત્સર્ગ માર્ગ છે. તેમજ અપવાદ માર્ગમાં બાળ, વૃદ્ધ, શ્રાંત (થાકેલા), ગ્લાન (રોગી) શ્રમણે સંયમનો છેદ જેમ ન થાય, તેમ પોતાને યોગ્ય મૃદુ (કોમળ) આચરણ જ કરવું જોઈએ.

------------------------------------------------------------

૧. પ્રવચનસાર, ગાથા ૨૩૦ની ટીકા.

આ પ્રકારે જે શ્રમણ આહાર-વિહારમાં દેશ, કાળ, શ્રમ, ક્ષમતા (સહનશક્તિ), તથા ઉપધિને જાણીને આચરણ કરે છે, તે અલ્પલેપી હોય છે.

જ્યાં સુધી શુદ્ધોપયોગમાં લીનતા ન થાય, ત્યાં સુધી શ્રમણે આચરણની સુસ્થિતિ માટે ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી સાધવી જોઈએ. તેમણે પોતાની નિર્બળતાને લક્ષ્યમાં રાખ્યા વગર માત્ર ઉત્સર્ગના આગ્રહ માટે કેવળ અતિ કર્કશ આચરણની હઠ ન કરવી જોઈએ તથા ઉત્સર્ગ રૂપ ધ્યેયને ચૂકીને માત્ર અપવાદના આશ્રયે કેવળ મૃદુ આચરણરૂપ શિથિલતાનું સેવન પણ ન કરવું જોઈએ; પરંતુ એવો વ્યવહાર કરવો જોઈએ કે જેમાં હઠ પણ ન હોય અને શિથિલતાનું સેવન પણ ન હોય.

ઉક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે કુંદકુંદ આચાર્ય જેટલાં શિથિલાચારનાં વિરોધી હતા, તેટલાં જ શક્તિ બહાર અતિ કઠોર આચરણનાં પણ. તેઓ પોતાની શક્તિ-અનુસાર પદની મર્યાદાની અંદર યથાસંભવ મૃદુ-કઠોર આચરણનાં સમર્થક હતાં. જેમ તેમણે મૃદુ આચરણનાં નામ પર થયેલી શિથિલતા વિરુદ્ધ કઠોર વલણ અપનાવ્યું હતું, તેમ શક્તિ બહાર અતિ કઠોર આચરણનો પણ ખૂલીને નિષેધ કર્યો હતો.

આમ આપણે જોયું કે આ અધિકારમાં આચાર્યે સંયમભંગના અંતરંગ અને બહિરંગ સ્વરૂપ, કારણ, સંયમભંગથી બચવાની વિધિ, આલોચના, ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગનું સ્વરૂપ તથા ઉપાદેયતા, શ્રમણનાં ૨૮ મૂળગુણ આદિ સર્વ શ્રમણો સંબંધી વિષયો પર પ્રકાશ

નાંખ્યો છે, જેનાથી શ્રમણનાં સ્વરૂપનું બિંબ આપણી આંખો સામે પ્રતિબિંબિત થાય છે.

## ⊙ મોક્ષમાર્ગ - પ્રજ્ઞાપન અધિકાર :-

આ અધિકારમાં મોક્ષમાર્ગનાં નિરૂપક આગમનાં અધ્યયન પર સૌથી વધારે બળ આપ્યું છે અને અંતે દર્શન - જ્ઞાન – ચારિત્રની એકતાને જ મોક્ષમાર્ગ સિદ્ધ કરવામાં આવ્યું છે.

આગમ વગર પદાર્થોનો નિશ્ચય થતો નથી, પદાર્થોનાં નિશ્ચય વગર એકાગ્રતા થતી નથી, એકાગ્રતા વગર શુદ્ધાત્મ – પ્રવૃત્તિ ન હોવાથી મુનિપણું થતું નથી. આગમ વગર સ્વ-પરનું ભેદજ્ઞાન થતું નથી અને ભેદજ્ઞાન ન હોવાથી કર્મોનો ક્ષય થતો નથી. તેથી આગમચેષ્ટા જ મુખ્ય છે અર્થાત્ આગમનું ઊંડું અધ્યયન જ મુખ્ય છે; કારણ કે આગમહીન શ્રમણ ન તો પોતાને જાણે છે, અને ન પરને. પોતાનાં અને પરનાં જ્ઞાનથી શૂન્ય શ્રમણ કર્મોનો નાશ કેવી રીતે કરી શકે?

સામાન્ય જન ઇન્દ્રિય-ચક્ષુ હોય છે, દેવ અવધિ-ચક્ષુ હોય છે, સાધુ આગમ-ચક્ષુ હોય છે અને સિદ્ધ ભગવાન સર્વત: ચક્ષુ હોય છે. આગમ-ચક્ષુ હોવાથી સાધુ બધાંને આગમરૂપી નેત્રો વડે જ દેખે (જુએ) છે. જે શ્રમણની દ્રષ્ટિ આગમ અનુસાર નથી, તે શ્રમણ સંયમી નથી, તેથી તેમની મુક્તિ પણ સંભવ નથી.

જે કર્મ અજ્ઞાની લક્ષકોટિ ભવોમાં નષ્ટ કરે છે, તે જ્ઞાની મન - વચન - કાયાની એકાગ્રતાથી ઉચ્છવાસમાત્રમાં નષ્ટ કરે છે. પરંતુ જો શ્રમણને શરીરાદિ પ્રત્યે પરમાણુમાત્રની પણ મૂર્છા હોય તો તેઓ સર્વ આગમનાં જાણકાર હોવા છતાં પણ તેમને સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી.

જે શ્રમણ પાંચ ઇંદ્રિયોથી વિરક્ત, કષાયોને જીતવાવાળા, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુક્ત, દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ છે. તે શ્રમણ શત્રુ-મિત્ર, સુખ-દુ:ખ, જીવન-મરણ, માટી - સોનામાં સામ્યભાવ રાખે છે.

આમ જે દર્શન - જ્ઞાન - ચારિત્રમાં યુગપદ્ આરુઢ છે, તે જ વાસ્તવિક શ્રમણ છે.

⊙ શુભોપયોગ - પ્રજ્ઞાપન અધિકાર :-

જો કે વાસ્તવિક મુનિધર્મ તો શુદ્ધોપયોગ જ છે, પણ મુનિરાજોમાં શુભોપયોગ પણ જોવા મળે છે. મુનિરાજોની ભૂમિકા અનુસાર શુભોપયોગ કેવો હોય છે - આ વાતનું વિસ્તારથી વિવેચન આ અધિકારમાં કરવામાં આવ્યું છે.

અરહંતાદિ પ્રત્યે ભક્તિ તેમ જ પ્રવચનરત જીવો પ્રત્યે વાત્સલ્ય શ્રમણોની શુભચર્યા છે. શ્રમણો પ્રત્યે વંદન – વૈયાવૃત્યાદિ રાગચર્યા પણ શુભોપયોગી શ્રમણોમાં નિષેધ્ય નથી. આ તત્વનો ઉપદેશ, શિષ્યોનું ગ્રહણ - પોષણ પણ સરાગી શ્રમણોની ચર્યા છે. જો કે વૈયાવૃત્ય માટે ઉદ્યમવંત શ્રમણ છ કાયનાં જીવોને પીડિત કરે છે, તો તે શ્રમણ નથી, ગૃહસ્થ છે; કારણ કે આવી વૈયાવૃત્તિ શ્રાવકોનું કાર્ય છે.

રોગી, ગુરુ, બાળ તથા વૃદ્ધ શ્રમણોને રોગથી, ક્ષુધાથી, તૃષાથી, તથા શરમથી દુ:ખી દેખીને પોતાની શક્તિ અનુસાર તેમની વૈયાવૃત્યાદિ કરવી જોઈએ તેમજ તેમના નિમિત્તે ગૃહસ્થો સાથે કરેલી શુભોપયોગી વાતચીત પણ નિંદિત નથી.

આ બધી ક્રિયાઓ શ્રમણોને ગૌણરૂપે અને ગૃહસ્થોને મુખ્યરૂપે હોય છે.

પ્રશસ્તરાગરૂપ શુભોપયોગ સમાન હોવા છતાં પણ પાત્રની વિપરીતતાથી ફળ વિપરીત હોય છે. કારણ કે વિપરીતતાથી અવિપરીત ફળની પ્રાપ્તિ થઈ શકતી નથી; માટે વિષય - કષાયોમાં લીન પુરુષો પ્રત્યે સેવા, ઉપકાર, દાન વગેરેથી હીન પુણ્યની પ્રાપ્તિ થાય છે.

આમ અવિપરીત કારણથી અવિપરીત ફળની ઉત્પત્તિ થાય છે. જેમનાં પાપ વિરામ પામ્યાં છે, જે સર્વ ધાર્મિકો પ્રત્યે સમભાવવાન છે અને ગુણ - સમુદાયનું સેવન કરવાવાળાં અશુભપયોગ રહિત, શુદ્ધોપયોગ અથવા શુદ્ધોપયોગથી યુક્ત શ્રમણ પ્રત્યે ભક્તિવાન જીવ પ્રશસ્ત પુણ્યને પ્રાપ્ત કરે છે. આવા ગુણોમાં અધિક શ્રમણો પ્રત્યે, અન્ય શ્રમણોને અભ્યુત્થાન (માનાર્થે ઊભા થવું), ગ્રહણ (આદરથી સ્વીકાર), ઉપાસન, પોષણ, સત્કાર, વિનય વગેરે ક્રિયાઓ અવશ્ય કરવી જોઈએ. જે શ્રમણ ગુણોમાં અધિક શ્રમણની યુક્તક્રિયાઓનું સન્માન નથી કરતાં, તેમને દેખીને દ્વેષ કરે છે, તેમનો અપવાદ કરે છે, તેમનું ચારિત્ર નષ્ટ થાય છે. સ્વયં ગુણોમાં હીન છે અને ગુણાધિક શ્રમણ પાસે પોતાનો વિનય કરાવવા ઇચ્છે છે તથા સ્વયં ગુણોમાં અધિક છે, પરંતુ હીન ગુણવાળાઓ પ્રત્યે વંદનીય ક્રિયા કરે છે - તે બંને ચારિત્રથી ભ્રષ્ટ છે તેમજ અનંત સંસારમાં ભ્રમણ કરે છે. જે શાસનસ્થ શ્રમણોને દેખીને દ્વેષથી તેમનો અપવાદ કરે છે અને સત્કારાદિ ક્રિયાઓ નથી કરતાં, તેમનું પણ ચારિત્ર નષ્ટ થાય છે.

જે જીવ સૂત્ર - અર્થ – પદોના જ્ઞાતા હોવા છતાં પણ લૌકિકજનોનો સાથ નથી છોડતાં, તેઓ સંયત નથી, કારણ કે લૌકિકજનોનાં સંપર્કથી સંયત પણ અસંયત થઈ જાય છે.

નિર્ગ્રંથરૂપથી દીક્ષિત હોય, સંયમ-તપથી યુક્ત હોય, તે પણ જો ઐહિક (લૌકિક) કાર્યોને કરતો હોય તો તેને 'લૌકિક' કહેવાય છે.

પ્રેરણા આપતાં આચાર્ય કહે છે કે જો શ્રમણ દુ:ખોથી મુક્ત થવા ઇચ્છતો હોય તો તેણે સમાન ગુણવાળા અથવા અધિક ગુણવાળા શ્રમણોની સાથે નિત્ય રહેવું જોઈએ, કારણ કે તેનાથી સદાય ગુણોમાં વૃદ્ધિ થાય છે.

આમ આપણે જોયું કે શુભોપયોગી શ્રમણોનો અન્ય શ્રમણો, શ્રાવકો અને લૌકિકજનો સાથે કેવો વ્યવહાર હોય છે અથવા હોવો જોઈએ - આ વાતને અહીં વ્યાવહારિકરૂપથી અત્યંત સ્પષ્ટ કરી છે.

⊙ પંચરત્ન - પ્રજ્ઞાપન અધિકાર :-

પાંચ ગાથાઓવાળાં આ અધિકારમાં ભ્રષ્ટ શ્રમણોનું સંસાર તત્વ અને વીતરાગી સંતોનું મોક્ષ અથવા મોક્ષનું સાધનતત્વ કહેવામાં આવ્યું છે અને અંતે શુદ્ધોપયોગરૂપ ચારિત્ર ધારણ કરવાની પ્રેરણા આપી છે. વસ્તુસ્વરૂપનું અયથાર્થ ગ્રહણ કરવાવાળાં શ્રમણાભાસી અનંતકાળ સુધી સંસારમાં રહેવાવાળાં હોવાથી સંસારતત્વ છે અને વસ્તુસ્વરૂપના સમ્યક્ જ્ઞાતા આત્માનુભવી પ્રશાંત શુદ્ધોપયોગી શ્રમણ જ સાક્ષાત્ મોક્ષતત્વ છે. મોક્ષના માર્ગમાં વિચરણ કરવાવાળાં હોવાથી તેઓ જ મોક્ષમાર્ગરૂપ મોક્ષતત્વના સાધનતત્વ છે.

અંતે તે શુદ્ધોપયોગી સંતોને નમસ્કાર કરતાં, આ ગ્રંથના અધ્યયનનું ફળ બતાવતાં આચાર્ય કહે છે કે આને જાણવાવાળાં અલ્પકાળમાં જ શુદ્ધાત્માની પ્રાપ્તિ કરે છે, કારણ કે આમાં જિનેન્દ્ર ભગવાનનાં પ્રવચનનો સાર સંગ્રહિત છે.

આમ આ મૂળ ગ્રંથ સમાપ્ત થાય છે.

આના અંતમાં પરિશિષ્ટનાં રૂપમાં અમૃતચંદ્ર આચાર્યે ૪૭ નયોની ચર્ચા કરી છે, તેની ચર્ચા યથાસ્થાન કરવામાં આવશે.

::::::::::::: સમાપ્ત : ::::::::::

3જું પ્રૂફ પ્રવચનસાર બૂક ભાગ-૨ : જિનલબેન : તા. ૧૮-૪-૨૦૨૧

# નિયમસાર

કુંદકુંદ આચાર્યે 'નિયમસાર' નામના ગ્રંથની રચના પોતાની ભાવનાનાં નિમિત્તે કરી હતી, જેમાં તેઓ સ્વયં કહે છે :-

"णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं णच्चा जिणोवदेसं पुव्वावरदोषणिम्मुक्कं ।।१८७।।

પૂર્વાપર દોષ રહિત જિનોપદેશને જાણીને મેં નિજ ભાવના નિમિત્તે આ 'નિયમસાર' નામના શાસ્ત્રની રચના કરી છે."

આ સંદર્ભે 'નિયમસાર'ની પ્રસ્તાવનાનું નીચે આપેલ કથન દ્રષ્ટવ્ય છે :-

"આ 'નિયમસાર' નામનું પરમાગમ ન તો વ્યક્તિ વિશેષને સંબોધીને લખવામાં આવ્યું છે અને ન તો સામાન્ય રૂપે આત્માર્થી જનોના હિત માટે તેની રચના થઈ છે, ભક્તિ પણ આનો હેતુ નથી. આ ગ્રંથાધિરાજની રચના કુંદકુંદ આચાર્યે પોતાના નિત્ય પાઠ માટે કરી હતી.

આમાં એક બાજુ પરમ વીતરાગી સંતોની અંતરોન્મુખી પવિત્ર ભાવનાનો વહેતો પ્રવાહ છે તો બીજી બાજુ અંતરોન્મુખી પુરુષાર્થનો તીવ્ર વેગ પણ છે. આ કૃતિ સ્વયં અનુપમ બેજોડ કૃતિ છે.

------------------------------------------------------------

૧. નિયમસાર, પ્રસ્તાવના - ડો. હુકમચંદ ભારિલ્લ, પેજ. ૨૩.

આ ગ્રંથાધિરાજ તત્વોપદેશક તેમજ પ્રશાસક પદ્માચાર્યની કૃતિ નથી; આ તો બધાંથી સંપૂર્ણપણે વિરક્ત, પરમપારિણામિક ભાવમાં જ પૂર્ણરૂપે લીન, વીતરાગી સંત, અંતરોન્મુખી  કુંદકુંદ આચાર્યની કૃતિ છે, આમાં કુંદકુંદનું અંતરંગ વ્યક્ત થયું છે. ઉપદેશ, આદેશ, અનુશાસન - પ્રશાસન કુંદકુંદની મજબૂરી હતી, જીવન નહીં, તેનું હાર્દ 'નિયમસાર' છે."

જોકે 'નિયમસાર'નું પ્રતિપાદ્ય સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ નિયમ જ છે, તથા તેમાં તત્સબંધિત બીજાં પણ ઘણાં વિષયો આવી ગયાં છે, જેનો ઉલ્લેખ પદ્મપ્રભમલધારીદેવે ૧૮૭ ગાથાની તાત્પર્યવૃત્તિ ટીકામાં કર્યો છે.

આ 'નિયમસાર' નામનું શાસ્ત્ર સર્વ આગમનાં અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે, તેમાં 'નિયમ' શબ્દ વિશુદ્ધ મોક્ષમાર્ગનું પ્રતિપાદન સૂચવે છે. તે પંચાસ્તિકાયનાં નિરુપણથી શોભિત છે, આમાં દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર - આ પાંચ આચારોનું વિસ્તારથી વિવેચન છે, તેમાં છ દ્રવ્યોનું વિવિધ વિવેચન તથા સાત તત્વ અને નવ પદાર્થનો પણ સમાવેશ થયો છે તથા એમાં પાંચ ભાવોનું પ્રતિપાદન પણ ખૂબ જ પ્રવીણતાપૂર્વક કર્યું છે. નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય પ્રાયશ્ચિત, પરમ આલોચના, નિયમ, વ્યુત્સર્ગ, વગેરે સંપૂર્ણ પરમાર્થ ક્રિયાકાંડના આડંબરથી આ 'નિયમસાર' નામનું પારમેશ્વરી શાસ્ત્ર સમૃદ્ધ છે તથા ત્રણ ઉપયોગોથી સુસંપન્ન છે."

૧૮૭ ગાથાઓમાં પ્રતિપાદિત ઉક્ત સમસ્ત વિષય - વસ્તુને પદ્મપ્રભમલધારીદેવે ૧૨ અધિકારોમાં વિભક્ત કરી છે.

(૧) જીવાધિકાર :-

આ અધિકારમાં ૧૯ ગાથાઓ છે, જેમાં મંગલાચરણ અને ગ્રંથ - પ્રતિજ્ઞા કર્યા બાદ મોક્ષ અને મોક્ષમાર્ગની ચર્ચા કરવામાં આવી છે. તે પ્રતિપાદ્ય વિષયોનાં આધારે 'નિયમસાર' નામની સાર્થકતા બતાવતાં કહે છે કે નિયમથી કરવા યોગ્ય જે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ કાર્ય છે, તે જ નિયમ છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રરૂપ વિપરીત ભાવોના પરિહાર માટે 'નિયમ'ની સાથે 'સાર' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ત્યારબાદ રત્નત્રયરૂપ નિયમનું નિરૂપણ છે.

સર્વપ્રથમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવતાં આચાર્ય કહે છે કે આપ્ત, આગમ અને તત્વોની શ્રદ્ધા જ સમ્યગ્દર્શન છે. જે અઢાર દોષોથી રહિત, જ્ઞાનાદિ અનંત ગુણોથી યુક્ત, તેમજ કેવળજ્ઞાનાદિ પરમવૈભવથી સંયુક્ત હોય છે, તે આપ્ત છે. આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી અને પૂર્વાપર દોષરહિત શુદ્ધ વાણીને આગમ કહેવામાં આવે છે, 'વિવિધ ગુણ-પર્યાયોથી સંયુક્ત' જીવ, પુદગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તત્વાર્થ છે. અહીં 'વિવિધ ગુણ – પર્યાયોથી સંયુક્ત' વિશેષણથી એ વાત સ્પષ્ટ થાય છે કે જીવ અને અજીવ (પુદગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ) અને તેમની પર્યાયો જ તત્વાર્થ છે.

આમ આઠ ગાથાઓ તો આરંભિક ભૂમિકાની છે. નવમી ગાથામાં છ દ્રવ્યોનાં નામ બતાવીને દશમી ગાથાથી જીવ દ્રવ્યની ચર્ચાનો આરંભ થાય છે, જે દશ ગાથાઓમાં સમાપ્ત થઈ જાય છે.

જીવ ઉપયોગમય છે, ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે :- સ્વભાવ જ્ઞાનોપયોગ અને વિભાવ જ્ઞાનોપયોગ, જે જ્ઞાન

ઇંદ્રિયાદિક બાહ્ય પદાર્થોની સહાયતા વગર પોતાને જ જાણવામાં સમર્થ છે, તે શુદ્ધજ્ઞાનસ્વભાવ જ્ઞાનોપયોગ છે.

વિભાવ જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે :-

સમ્યક્ વિભાવ- જ્ઞાનોપયોગ અને મિથ્યાવિભાવજ્ઞાનોપયોગ.

સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગનાં ચાર ભેદ છે :-

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યયજ્ઞાન.

મિથ્યાવિભાવજ્ઞાનોપયોગનાં ત્રણ ભેદ છે :-

કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને કુઅવધિજ્ઞાન.

દર્શનોપયોગ પણ બે પ્રકારનો છે :-

સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. જે શુદ્ધ છે અને ઇન્દ્રિયની સહાયતા વગર થાય છે, તે સ્વભાવ દર્શનોપયોગ છે.

વિભાવદર્શનોપયોગ ત્રણ પ્રકારનાં છે :-

ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન.

ત્યારબાદ જીવની પર્યાયોનું વર્ણન છે.

નિરપેક્ષ (સ્વભાવપર્યાય) અને સ્વપરાપેક્ષ (વિભાવપર્યાય)ના ભેદથી પર્યાયો પણ બે પ્રકારની છે. મોક્ષ કર્મોપાધિરહિત નિરપેક્ષ (સ્વભાવ) પર્યાય છે. નર, નારક, તિર્યંચ, દેવરૂપ કર્મોપાધિસહિત પર્યાયો સ્વપરાપેક્ષ (વિભાવ) પર્યાયો છે.

કર્મભૂમિ અને ભોગભૂમિમાં જન્મ લેવાની અપેક્ષાથી મનુષ્યનાં કર્મભૂમિજ અને ભોગભૂમિજ – એવાં બે ભેદ છે. પૃથ્વીનાં ભેદથી નરક


સાત પ્રકારનાં છે. તિર્યંચ ચૌદ પ્રકારનાં અને દેવ ચાર પ્રકારનાં છે.

વ્યવહારનયથી આત્મા પુદગલ કર્મનો કર્તા-ભોક્તા છે અને નિશ્ચયનયથી કર્મજનિત ભાવનો કર્તા -ભોક્તા છે. દ્રવ્યાર્થિકનયથી જીવ પૂર્વકથિત પર્યાયથી ભિન્ન છે અને પર્યાયાર્થિકનયથી તે પર્યાયથી સંયુક્ત છે.


આમ આપણે જોયું કે આચાર્યદેવે જીવ તત્વાર્થ અંતર્ગત જીવનાં સ્વભાવગુણ, વિભાવગુણ અને સ્વભાવપર્યાયો, વિભાવપર્યાયોનું વર્ણન કર્યું છે.

પ્રથમ ૧૯ ગાથાઓની વિષયવસ્તુને નીચે આપેલાં ચાર્ટ દ્વારા સારી રીતે સમજાવવામાં આવી છે :-

**ચાર્ટ નં. ૧**



## ચાર્ટ નં. ૨




### (૨) અજીવ અધિકાર :-

આ અધિકાર 20મી ગાથાથી ૩૭મી ગાથા સુધી છે; જેમાં પુદગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - આ પાંચ અચેતન દ્રવ્યોનું સામાન્ય વર્ણન છે. પ્રારંભની ૧૦ ગાથાઓમાં પુદગલનું ભેદ-પ્રભેદ સહિત કથન છે.

પુદગલદ્રવ્ય બે પ્રકારનાં છે : સ્કંધ અને પરમાણુ, સ્કંધ ઇન્દ્રિયોથી ગ્રાહ્ય હોય છે અને તે છ પ્રકારનાં છે : અતિસ્થૂળ, સ્થૂળ, સ્થૂળસૂક્ષ્મ, સૂક્ષ્મસ્થૂળ, સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ.

ભૂમિ, પર્વતાદિ અતિસ્થૂલ સ્કંધ છે. ઘી, તેલ, જળાદિ સ્થૂળ સ્કંધ છે. છાયા, તડકો, આતપ વગેરે સ્થૂળસૂક્ષ્મ સ્કંધ છે, ચાર ઇન્દ્રિયોનાં વિષયભૂત સ્કંધ સૂક્ષ્મસ્થૂળ સ્કંધ છે, કર્મવર્ગણાને યોગ્ય સ્કંધ સૂક્ષ્મ છે અને કર્મવર્ગણાને અયોગ્ય સ્કંધ અતિસૂક્ષ્મ છે.

કારણપરમાણુ અને કાર્યપરમાણુના ભેદથી પરમાણુ પણ બે પ્રકારનાં હોય છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ - આ ચાર ધાતુઓનાં હેતુ કારણ પરમાણુ છે. સ્કંધોના અવસાન (અંતિમ વિભાગ અંશ) કાર્ય પરમાણુ છે. પોતે જ આદિ, પોતે જ મધ્ય, અને પોતે જ અંત – સહિત, ઇન્દ્રિયોથી અગ્રાહ્ય તથા અવિભાગી પુદગલદ્રવ્ય જ પરમાણુ છે.

અન્યની અપેક્ષા વગરનાં પરિણામ સ્વભાવપર્યાય છે. પરમાણુ પુદગલની શુદ્ધ પર્યાય છે, કારણ કે તે અન્યની અપેક્ષા વગર પરિણામ છે. સ્કંધરૂપ પરિણામ વિભાવપર્યાય છે, કારણ કે તે અન્ય પરમાણુઓથી સાપેક્ષ હોય છે. નિશ્ચયથી પરમાણુને અને વ્યવહારથી સ્કંધને પુદગલદ્રવ્ય કહે છે.

આમ સ્વભાવપુદગલ, વિભાવપુદગલ અને સ્વભાવપર્યાય, વિભાવપર્યાયનું કથન કર્યાં બાદ આચાર્યે એક ગાથામાં ધર્મ, અધર્મ અને આકાશનું તેમજ બે ગાથાઓમાં કાળનું વર્ણન કર્યું છે.

જે જીવ અને પુદગલોને ગમન કરવામાં નિમિત્ત થાય તે ધર્મદ્રવ્ય, જે આ બંનેને ગમનપૂર્વક સ્થિતિમાં નિમિત્ત થાય તે અધર્મદ્રવ્ય તથા જે

બધાં દ્રવ્યોને અવગાહનમાં નિમિત્ત થાય તે આકાશદ્રવ્ય છે.

વ્યવહાર કાળ બે પ્રકારનાં છે :- સમય અને આવલિ. અથવા તે ત્રણ પ્રકારનાં છે :- ભૂત, વર્તમાન અને ભવિષ્ય.

ત્યારબાદ ૩૪ થી ૩૭મી ગાથા સુધી ચાર ગાથાઓ ચૂલિકારૂપે છે, જેમાં સર્વ દ્રવ્યો સંબંધી વિશેષ જાણકારી આપવામાં આવી છે, જે આ પ્રમાણે છે :-

કાળ સિવાય બાકીનાં પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. બહુપ્રદેશીપણું જ કાયત્વ છે. કાળ બહુપ્રદેશી નથી. મૂર્ત દ્રવ્યનાં સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશ હોય છે. ધર્મ, અધર્મ અને જીવનાં અસંખ્યાત પ્રદેશ છે. લોકાકાશનાં પણ અસંખ્યાત પ્રદેશ છે અને અલોકાકાશનાં અનંત પ્રદેશ છે, કાળ એકપ્રદેશી છે. પુદગલદ્રવ્ય મૂર્ત છે, શેષ દ્રવ્ય અમૂર્ત છે. જીવ ચૈતન્યમય છે, બાકીનાં દ્રવ્ય અચેતન છે.

આમ, છએ દ્રવ્યોનું સામાન્યરૂપે સંક્ષેપમાં કથન કરવામાં આવ્યું છે, સંક્ષેપમાં કથનનો હેતુ સ્પષ્ટ કરતાં ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે વિસ્તારથી જાણવાવાળાં ઇચ્છુક જણ લોકવિભાગથી આને જાણે, કારણ કે તે અધ્યાત્મ ગ્રંથમાં વિઘ્નરૂપ હોવાથી વિસ્તૃત કથન કરવું યોગ્ય નથી.

(3) શુદ્ધભાવાધિકાર :-

'નિયમસાર'નું હાર્દ આ અધિકારથી પ્રારંભ થાય છે. તેની પ્રારંભિક ગાથામાં જ જીવાદિ બાહ્ય તત્વોને હેય બતાવવામાં આવ્યાં છે, તથા કર્મોપાધિજનિત ગુણ - પર્યાયોથી ભિન્ન આત્માને ઉપાદેય કહેવામાં આવ્યો છે.

આચાર્યદેવ પોતે લખે છે :- 'જીવમાં સ્વભાવસ્થાન, માન-અપમાનનાં સ્થાન, હર્ષભાવનાં સ્થાન, અહર્ષસ્થાન, બંધસ્થાન[૧], ઉદયસ્થાન, ક્ષાયિકભાવનાં સ્થાન, ક્ષયોપશમભાવનાં સ્થાન, ઔદયિકભાવનાં સ્થાન, ઉપશમભાવનાં સ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન, ચાર ગતિનાં ભાવોમાં પરિભ્રમણ, જન્મ, જરા, મરણ, શોક, રોગ, કુળ, યોનિ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, સંસ્થાન અને સંહનન નિશ્ચયનયથી નથી, પરંતુ વ્યવહારનયથી છે.[૨]

આમ સ્પષ્ટ થાય છે કે શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધજીવને સર્વ વિભાવસ્વભાવોનો,[૩] સાંસારિક વિકારોનો,[૪] અને પૌદગલિક વિકાર સમૂહોનો[૫] અભાવ હોય છે. પરંતુ પૂર્વોક્ત સર્વ ભાવ પરસ્વભાવ છે, પરદ્રવ્ય છે; તેથી હેય છે. (ગાથા ૫૦)

---------------------------------------------------------------------

૧. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, પ્રદેશબંધ.

૨. ગાથા ૩૯ થી ૪૬ સુધી.

૩. ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને ઔપશમિક ભાવ વિભાવસ્વભાવ છે.

૪. જીવસ્થાન, માર્ગણાસ્થાન, ચાર ગતિમાં ભ્રમણ, જન્મ, જરા, મરણ, રોગ, શોક, કુળ, યોનિ - સંસારવિકાર છે.

૫. વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, સ્ત્રી - પુરુષ - નપુંસક આદિ પર્યાયો, સંસ્થાન અને સંહનન પૌદગલિક વિકાર-સમૂહ છે.

નિશ્ચયનયથી તો આત્મા નિર્દંડ, નિર્દ્વન્દ્વ, નિર્મમ, નિ:રાગ, નિ:શરીર, નિરાલંબ, નિર્દોષ, નિર્મૂઢ, નિર્ભય, નિર્ગ્રંથ, નિ:શલ્ય, નિષ્કામ, નિ:ક્રોધ, નિર્માન, નિર્મદ, અરસ, અગંધ, અવ્યક્ત, અશબ્દ, અલિંગગ્રહણ, અનિર્દિષ્ટસંસ્થાન, સર્વદોષવિમુક્ત, અને ચેતના ગુણવાળો છે. આમ આત્મા સ્વદ્રવ્ય હોવાથી ઉપાદેય છે.

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સિદ્ધ અને સંસારી જીવોમાં ફરક નથી. જેવાં સિદ્ધ આત્મા છે, એવાં જ સંસારી જીવ પણ છે, જેમ લોકાગ્રમાં સ્થિત સિદ્ધ ભગવાન અશરીરી, અવિનાશી, અતીન્દ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા છે; તેવી જ રીતે બધાં સંસારી જીવ પણ છે.

ત્યારબાદ ૫૧ થી ૫૫મી ગાથા સુધી સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનને સમજાવતાં આચાર્યદેવ કહે છે કે ચલતા, મલિનતા, અગાઢતા અને વિપરીત અભિનિવેશથી રહિત શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે. સંશય, વિભ્રમ, વિમોહથી રહિત, હેયોપાદેય તત્વોનો જાણવારૂપ ભાવ સમ્યગ્જ્ઞાન છે.

આમ પહેલાનાં ત્રણ અધ્યાયોમાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને તેનાં વિષયભૂત જીવાદિ તત્વાર્થોનું વર્ણન કર્યા બાદ ચારિત્રનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે, જેમાં સર્વપ્રથમ વ્યવહારચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૪) વ્યવહારચારિત્રાધિકાર :-

આ અધિકારમાં સર્વપ્રથમ હિંસા, જૂઠું, ચોરી, કુશીલ અને પરિગ્રહની નિવૃત્તિરૂપ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - આ પાંચ વ્રતોનું વર્ણન છે. ત્યારબાદ પાંચ સમિતિઓ – ઇર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપનનું નિરૂપણ છે.

ત્યારબાદ ગુપ્તિનું સ્વરૂપ બતાવતાં આચાર્ય કહે છે કે વ્યવહારનયથી કલુષતા, મોહ, સંજ્ઞા, રાગ, દ્વેષાદિ અશુભ ભાવોનો પરિહાર વ્યવહાર મનોગુપ્તિ છે. નિશ્ચયનયથી રાગાદિની નિવૃત્તિ મનોગુપ્તિ છે. વ્યવહારનયથી પાપનાં હેતુભૂત સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા, ભક્તકથા આદિ વચનોનો ત્યાગ વચનગુપ્તિ છે. નિશ્ચયનયથી અસત્યાદિની નિવૃત્તિવાળાં વચન અથવા મૌન વચનગુપ્તિ છે. વ્યવહારનયથી બંધન, છેદન, મારણ, આકુંચન (સંકોચન) અને પ્રસારણ (વિસ્તારવું) વગેરે કાયાની ક્રિયાઓની નિવૃત્તિરૂપ કાયગુપ્તિ છે. નિશ્ચયનયથી કાયક્રિયાઓની નિવૃત્તિરૂપ કાયોત્સર્ગ જ કાયગુપ્તિ છે અથવા હિંસાદિની નિવૃત્તિ કાયગુપ્તિ છે.

ત્યારબાદ પાંચ પરમેષ્ઠીનું સ્વરૂપ બતાવતાં આચાર્ય કહે છે કે ઘાતિકર્મથી રહિત કેવળજ્ઞાનાદિ ગુણોથી સહિત, ચોંત્રીસ અતિશયથી સંયુક્ત અરહંત હોય છે. આઠ કર્મોથી રહિત, આઠ ગુણોથી અલંકૃત, લોકાગ્રમાં સ્થિત, પરમનિત્ય સિદ્ધ હોય છે. ઇન્દ્રિયોને વશમાં કરવાવાળાં, પંચાચારોથી પરિપૂર્ણ ધીર-ગુણ ગંભીર આચાર્ય હોય છે. નિ:કાંક્ષિતભાવ-સહિત, રત્નત્રયથી સહિત જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક ઉપાધ્યાય હોય છે, સર્વ વ્યાપાર - રહિત, નિર્મોહ, નિર્ગ્રંથ, અને ચતુર્વિધ આરાધનામાં રત સાધુ હોય છે.

આમ આપણે જોયું કે આચાર્યને વ્રત અને ગુપ્તિથી તો નકારાત્મક (negative) રૂપે વર્ણવ્યાં છે અને પાંચ પરમેષ્ઠીનાં સ્વરૂપને નકારાત્મક અને સકારાત્મક (positive) એમ બંને પ્રકારથી બતાવ્યાં છે. પાંચ પરમેષ્ઠીનાં ગુણોમાં અંતરંગ અને બહિરંગ એમ બંનેનું વર્ણન છે.

આમ સ્પષ્ટ થાય છે કે વ્યવહાર ચારિત્રનાં અંતર્ગત આચાર્યનાં પાંચ

વ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને પાંચ પરમેષ્ઠીની ભક્તિને લેવામાં આવી છે.

(૫) પરમાર્થ - પ્રતિક્રમણ અધિકાર :-

વ્યવહાર ચારિત્રનું વર્ણન કર્યા બાદ આચાર્યદેવ નિશ્ચય ચારિત્રનું વર્ણન કરે છે, જેમાં સર્વપ્રથમ પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર છે, જે નિશ્ચયચારિત્રમાં જ અંતર્ગત છે અને ત્યારબાદ જેટલાં અધિકાર છે, તે બધા નિશ્ચયચારિત્ર મહાધિકારમાં જ અંતર્ગત છે, અર્થાત્ તે બધામાં વિભિન્ન પ્રકારથી નિશ્ચયચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ અધિકારની પ્રારંભની પાંચ ગાથાઓને ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ પંચરત્ન કહે છે. આમાં નરકાદિ, ગુણસ્થાનાદિ, બાળકાદિ, રાગાદિ અને ક્રોધાદિ ભાવોનો નિશ્ચયથી આત્મા કર્તા, કારયિતા, અનુમંતા અને કારણ નથી - તે બતાવવામાં આવ્યું છે. ત્યારબાદ સ્પષ્ટ કર્યું છે કે આ ઉક્ત ભાવનાથી જે માધ્યસ્થભાવની ઉત્પત્તિ થાય છે, તેને નિશ્ચયચારિત્ર કહેવાય છે.

ચારિત્રને દ્રઢ કરવા માટે પ્રતિક્રમણાદિ હોય છે, તેથી આચાર્યદેવ તેનું વર્ણન કરે છે.

अतीतदोष परिहार्थं यत्प्रायश्चित्तं क्रियते तत्प्रतिक्रमणम् –

ભૂતકાળમાં થયેલાં દોષોનાં પરિહાર અર્થે જે પ્રાયશ્ચિત કરવામાં આવે છે, તે પ્રતિક્રમણ છે.

નિશ્ચયથી તો ધ્યાન જ પ્રતિક્રમણ છે. વ્યવહારથી પ્રતિક્રમણ – શાસ્ત્રમાં કહ્યાં અનુસાર આચરણ કરવું પણ પ્રતિક્રમણ છે. 'પ્રતિક્રમણ

કોને હોય છે' - એ બતાવતાં આચાર્ય કહે છે કે જે વચનઉચ્ચારણને છોડીને રાગાદિભાવોનું નિવારણ કરીને આત્માને ધ્યાવે છે, વિરાધનાને છોડીને આરાધનામાં વર્તે છે, અનાચારને છોડીને આચારમાં પ્રવૃતિ કરે છે, ઉન્માર્ગને ત્યાગીને જિનમાર્ગમાં પ્રવૃતિ કરે છે, શલ્યભાવ[૧]ને છોડીને નિ:શલ્યભાવે પરિણમે છે. અગુપ્તિભાવ છોડીને ત્રિગુપ્તિભાવ રહે છે, આર્ત અને રૌદ્રધ્યાનને છોડીને ધર્મ અને શુક્લધ્યાનને ધ્યાવે છે, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રને છોડીને સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રને ભાવે છે, તેને જ પ્રતિક્રમણ હોય છે. જ્ઞાન, ચારિત્રને છોડીને આચાર્ય તો ત્યાં સુધી કહે છે કે તે જીવ જ પ્રતિક્રમણ કહેવાય છે, કારણ કે ઉક્ત બધાં ભાવ પ્રતિક્રમણમય છે.[૨]

અંતે આચાર્ય ધ્યાનને ઉત્તમાર્થનું પ્રતિક્રમણ અને અતિચારનું પ્રતિક્રમણ સિદ્ધ કરતાં કહે છે કે ઉત્તમાર્થમાં સ્થિત મુનિ કર્મોનો ઘાત કરે છે. તેથી ધ્યાન જ ઉત્તમાર્થનું પ્રતિક્રમણ છે અને ધ્યાનમાં લીન મુનિ સર્વ દોષોનો પરિત્યાગ કરે છે, તેથી ધ્યાન જ સર્વ અતિચારનું પ્રતિક્રમણ છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે આત્મ-આરાધના જ વસ્તુત: પરમાર્થ પ્રતિક્રમણ છે - તે આ અધિકારનું મૂળ પ્રતિપાદ્ય છે.

---

૧. નિદાન, માયા અને મિથ્યાત્વ - એ ત્રણ શલ્ય હોય છે.

૨. "सो पडिकमणं उच्चई पडिकमणमओ हवे जम्हा" અર્થાત્ તે પ્રતિક્રમણ કહેવાય છે, કારણ કે તે પ્રતિક્રમણમય છે. - આચાર્ય કુંદકુંદ : નિયમસાર, ગાથા ૮૪ થી ૮૮નો ઉત્તરાર્ધ.

(૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર :-

૧૨ ગાથાઓમાં લખાયેલાં આ અધિકારમાં આચાર્યદેવ કહે છે કે જે સમસ્ત જલ્પને છોડીને અનાગત (ભવિષ્ય) શુભાશુભનું નિવારણ કરી આત્માને ધ્યાવે છે, જે નિ:કષાય, દાન્ત (ઇંદ્રિયોનું દમન કરવું), શૂરવીર, વ્યવસાયી, સંસારથી ભયભીત છે તેમજ જીવ અને કર્મનાં ભેદનો અભ્યાસ કરે છે, તેને પ્રત્યાખ્યાન હોય છે.

આમ જીવ અને કર્મનાં ભેદ અભ્યાસપૂર્વક ધ્યાન અને સન્યાસની વિધિ બતાવતાં આચાર્ય કહે છે કે જ્ઞાની ચિંતવન કરે છે કે હું પ્રકૃતિ - સ્થિતિ - પ્રદેશ - અનુભાગ બંધથી રહિત કેવલજ્ઞાન - દર્શન - ભક્તિ - સુખ સ્વરૂપ છું, હું મમત્વને છોડીને નિર્મમત્વમાં સ્થિર રહું છું, હું ન તો ક્યારેય પરભાવને ગ્રહણ કરું છું, ન તો ક્યારેય સ્વભાવને છોડું છું, હું તો માત્ર જ્ઞાતા - દ્રષ્ટા છું, આત્મા જ મારું અવલંબન છે, તેથી, હું તેમાં જ સ્થિર રહું છું, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સંવર, યોગ, પ્રત્યાખ્યાનમાં સર્વત્ર એક આત્મા જ ઉપાદેય છે, બાકી બધાં સંયોગીભાવ મારાથી બાહ્ય છે, તેથી હેય છે.

આમ નિર્વિકલ્પ ધ્યાન તરફ આગળ વધતાં જ્ઞાની આત્મગત દોષોને સ્વીકારી તેને મન - વચન - કાયાથી છોડીને અંતરંગ ભાવશુદ્ધિ હેતુ વિચાર કરે છે કે મને કોઈ સાથે વેર નથી, સર્વ જીવો પ્રત્યે મને સમતા છે. તેથી હવે હું આશાને છોડી સમાધિ પ્રાપ્ત કરું છું.

આમ જે ભેદવિજ્ઞાનપૂર્વક સમાધિને પ્રાપ્ત કરે છે, તે સંયત નિયમથી પ્રત્યાખ્યાન ધારણ કરવા માટે સમર્થ છે.

(૭) પરમ આલોચના અધિકાર :-

આ અધિકારમાં આલોચનાનાં ભેદો અને તેનાં સ્વરૂપનું કથન છે. નોકર્મ અને કર્મથી રહિત તથા વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત (રહિત) આત્માને જે ધ્યાવે છે, તે શ્રમણને જ આલોચના હોય છે.

આલોચન, આલુંછન, અવિકૃતિકરણ, અને ભાવશુદ્ધિનાં ભેદથી આલોચના ચાર પ્રકારની હોય છે.

પરિણામને સમભાવમાં સ્થાપી આત્માને દેખવું (જોવું) આલોચન છે. કર્મરૂપી વૃક્ષનાં મૂળ છેદવામાં સમર્થ સમભાવરૂપ સ્વાધીન નિજ પરિણામ આલુંછન છે. કર્મથી ભિન્ન વિમલગુણયુક્ત આત્માને માધ્યસ્થ ભાવનાથી ભાવવું જ અવિકૃતિકરણ છે અને મદ, માન, માયા, લોભ રહિત ભાવ જ ભાવશુદ્ધિ છે. પરમાર્થ પ્રત્યાખ્યાન અને પરમ આલોચના પરમાર્થપ્રતિક્રમણનાં સમાન ધ્યાનરૂપ જ છે. પ્રતિક્રમણમાં ધ્યાન દ્વારા ભૂતકાળનાં દોષોનું નિરાકરણ થાય છે, તો આલોચના અને પ્રત્યાખ્યાનમાં વર્તમાન અને ભવિષ્યનું - માત્ર આટલું જ અંતર છે.

(8) શુદ્ધનિશ્ચય - પ્રાયશ્ચિત અધિકાર :-

આ અધિકારમાં ઘણાં બધાં પ્રકારથી પ્રાયશ્ચિતની વ્યાખ્યાઓ આપવામાં આવી છે, પરંતુ અંતમાં તો તપને જ પ્રાયશ્ચિત કહેવામાં આવ્યું છે.

પ્રાયશ્ચિતનો વ્યુત્પત્તિલભ્ય અર્થ છે :-

प्राय: प्राचुर्येण निर्विकारं चित्तं प्रायश्चित्तम् – [१]

---------------------------------------------------

૧. આચાર્ય કુંદકુંદ : નિયમસાર, ગાથા ૧૧૩ની ટીકા.

- પ્રકૃષ્ટરૂપથી નિર્વિકાર ચિત્તને પ્રાયશ્ચિત કહે છે.

બોધ, જ્ઞાન, ચિત્ત - એ ત્રણેય પદ એકાર્થવાચી છે.[૧]

તેથી, આચાર્ય કહે છે કે પ્રાય: ચિત્ત: અર્થાત્ પ્રકૃષ્ટરૂપથી ચિત્તને જે મુનિ નિત્ય ધારણ કરે છે, તેને પ્રાયશ્ચિત કહે છે.

ક્રોધાદિ સ્વકીય ભાવોનાં ક્ષયાદિકની ભાવનામાં રહેવું અને નિજગુણોનું ચિંતન કરવું જ નિશ્ચયથી પ્રાયશ્ચિત છે. વ્રત, સમિતિ, શીલ, સંયમરૂપ પરિણામ અને ઇન્દ્રિય-નિગ્રહરૂપ ભાવ પ્રાયશ્ચિત છે. આત્માનાં શુદ્ધ જ્ઞાનનો સ્વીકાર જ પ્રાયશ્ચિત છે.

ઉક્ત પ્રાયશ્ચિતની પ્રથમ વ્યાખ્યામાં કથિત ક્રોધાદિક ભાવોમાંથી મુનિ ક્રોધને ક્ષમાથી, માનને માર્દવથી, માયાને આર્જવથી અને લોભને સંતોષથી જીતે છે.

અનંતાનંત ભાવો દ્વારા ઉપાર્જિત સમસ્ત શુભાશુભ કર્મસમૂહ તપશ્ચરણથી નાશ પામે છે; તેથી કર્મોના ક્ષય હેતુ તપ પ્રાયશ્ચિત છે. આમ આત્મસ્વરૂપનાં અવલંબનપૂર્વક હોવાથી અને સર્વ ભાવોનો પરિહાર કરવાના કારણે ધ્યાન પણ પ્રાયશ્ચિત છે.

આના સંદર્ભમાં શુદ્ધનિશ્ચયનિયમ અને નિશ્ચયકાયોત્સર્ગનું વર્ણન કરતાં આચાર્ય કહે છે કે જે કાયાદિ પરભાવમાં પ્રવૃતિ છોડી આત્માને નિર્વિકલ્પરૂપે ધ્યાવે છે, તેને કાયોત્સર્ગ હોય છે અને જે શુભાશુભ સ્વનાં

----------------------------------------------------------------------

૧. 'बोधो ज्ञानं चित्तमित्यनर्थान्तरम्' –

- આચાર્ય કુંદકુંદ : નિયમસાર, ગાથા ૧૧૬ની ટીકા.

અને રાગાદિભાવોનું નિવારણ કરીને આત્માને ધ્યાવે છે, તેને નિશ્ચિતરૂપથી નિયમ હોય છે.

(૯) પરમ સમાધિ અધિકાર :-

૧૨ ગાથાઓમાં આ અધિકારમાં આચાર્ય કહે છે કે વચન ઉચ્ચારણની ક્રિયા છોડીને વીતરાગભાવથી આત્માનું ધ્યાન જ પરમ સમાધિ છે. આ સમાધિ ધ્યાન, સંયમ[૧], નિયમ[૨], તપપૂર્વક[૩] હોય છે.

સમાધિમાં રાગ-દ્વેષરહિત સામ્યભાવ ઉત્પન્ન થાય છે. જો સમાધિયુક્ત મુનિમાં સામ્યભાવ ઉત્પન્ન ન થાય તો પછી તેમનાં દ્વારા કરેલાં કાયકલેશરૂપ વિવિધ ઉપવાસ, અધ્યયન, મૌન વગેરે બધી ક્રિયાઓ નિરર્થક જ છે.

સામાયિક વ્રત કયા મુનિને સ્થાયી હોય છે - તેનું નકારાત્મક અને સકારાત્મક રૂપે વર્ણન કરતાં આચાર્ય કહે છે કે જે સમસ્ત સાવદ્ય (પાપ સહિત) કર્મોથી વિરત છે, રાગ-દ્વેષ વિકાર જેમાં ઉત્પન્ન નથી થતાં, પાપ-

પુણ્યનાં ત્યાગી છે, આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી રહિત છે, હાસ્ય – રતિ -

---------------------------------------------------------------------

૧. સમસ્ત ઇન્દ્રિયોનાં વ્યાપારનો ત્યાગ સંયમ છે. - નિયમસાર ગાથા ૧૨૩ની ટીકા.

૨. નિજ આત્માની આરાધનામાં તત્પરતા નિયમ છે. - નિયમસાર ગાથા ૧૨૩ની ટીકા.

૩. જે આત્માને આત્મામાં ધારણ કરી રાખે છે, ટકાવી રાખે છે, સાથે રાખે છે, તે અધ્યાત્મ છે; અધ્યાત્મ જ તપ છે.

અરતિ - જુગુપ્સા - ભય અને ત્રણ વેદનો જેમણે ત્યાગ કર્યો છે, જે ઇંદ્રિયજિત છે, ત્રણ ગુપ્તિઓનાં ધારક છે, સર્વ જીવોમાં સામ્યભાવ રાખે છે, નિરંતર ધર્મ અને શુક્લધ્યાન ધારણ કરે છે તથા જેમનો આત્મા સંયમ, નિયમ અને તપમાં સન્નિહિત (લીન) છે; તેમને સામાયિક સ્થાયી છે - એવું કેવળીનાં શાસનમાં કહેવામાં આવ્યું છે.

(૧૦) પરમ ભક્તિ અધિકાર :-

૧૩૪મી ગાથાથી ૧૪૦મી ગાથા સુધી પરમભક્તિ અધિકાર છે. આમાં ભક્તિનું સ્વરૂપ બતાવતાં આચાર્ય કહે છે કે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની ભક્તિ નિશ્ચય નિવૃત્તિભક્તિ છે. મોક્ષગત પુરુષોનાં ગુણભેદ જાણીને પરમભક્તિ કરવી વ્યવહાર નિવૃત્તિભક્તિ છે.

જે રાગાદિનાં ત્યાગ અને વિકલ્પોનાં અભાવપૂર્વક ઉપયોગને આત્મામાં લગાવે છે, તે યોગભક્તિવાળાં છે. જિનવર કથિત ભક્તિમાં જોડાયેલાં વિપરિત અભિનિવેશ રહિત નિજભાવ જ યોગ છે. આ યોગ મુક્તિનું સાક્ષાત્ કારણ છે.

(૧૧) નિશ્ચય પરમાવશ્યક અધિકાર :-

આ અધિકારમાં સર્વપ્રથમ આવશ્યકની નિરુક્તિ બતાવતાં કહે છે કે જે અન્યને વશ નથી, તે અવશ છે અને અવશનું કર્મ આવશ્યક છે. આ આવશ્યક કર્મ, કર્મનો વિનાશ કરવાવાળો છે અને નિરવયવ (અશરીર) નિર્વાણનું કારણ છે.

જે જીવ અશુભભાવ સહિત છે અથવા સંયત રહેતો થકો શુભભાવોમાં પ્રવૃત્ત હોય છે અને દ્રવ્ય – ગુણ – પર્યાયોનાં વિકલ્પોમાં મન જોડે છે, તે 'અન્યવશ' છે, તેથી તેને આવશ્યક કર્મ નથી; પરંતુ જે પરભવને

ત્યાગીને નિર્મળ સ્વભાવવાળા આત્માને ધ્યાવે છે, તે 'આત્મવશ' છે, તેને જ આવશ્યક કર્મ હોય છે.

આવશ્યકસહિત શ્રમણ અંતરાત્મા છે અને આવશ્યકરહિત શ્રમણ બહિરાત્મા. જે અંતર્બાહ્ય જલ્પમાં નથી વર્તતાં, તે અંતરાત્મા છે અને જે અંતર્બાહ્ય જલ્પમાં વર્તે છે, તે બહિરાત્મા છે, જે ધર્મધ્યાન, શુક્લધ્યાન પરિણત છે, તે અંતરાત્મા છે અને જે ધ્યાનવિહીન છે તે બહિરાત્મા છે.

આમ અંતરાત્મા - બહિરાત્માના ભેદ બતાવ્યા બાદ આવશ્યકની મહિમા બતાવતાં આચાર્ય કહે છે કે આવશ્યકરહિત જીવ ન કેવળ દર્શનથી જ ભ્રષ્ટ થાય છે, પરંતુ ચારિત્રથી પણ ભ્રષ્ટ છે.

તેથી મુક્તિનાં ઇચ્છુકોએ આત્મસ્વભાવમાં સ્થિરતારૂપ આવશ્યક કરવું જોઈએ. તેનાથી સામાયિકગુણ પણ પૂર્ણ થાય છે, જે સાધુ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનાદિ ષટ્ આવશ્યકરૂપ નિશ્ચય ચારિત્રની ક્રિયાને કરે છે, તે વીતરાગ ચારિત્રમાં સ્થિત છે. તેથી યોગીએ જિનકથિત પરમસૂત્ર વડે પ્રતિક્રમણાદિની સ્પષ્ટ પરીક્ષા કરીને મૌનવ્રતસહિત ધ્યાનમય પ્રતિક્રમણાદિરૂપ નિજકાર્ય નિત્ય કરવું જોઈએ. જો શક્તિવિહીન હોય તો શ્રદ્ધાન તો કરવું જ જોઈએ.

કુંદકુંદ આચાર્યની એ વિશેષતા છે કે તેમણે નિશ્ચયપરક વ્યાખ્યાઓ આપી છે, અર્થાત્ તેમણે માત્ર બાહ્ય ક્રિયાઓ પર જોર ન આપીને આંતરિક પ્રક્રિયા તરફ વિશેષરૂપે ધ્યાન આકર્ષિત કર્યું છે તેમજ આંતરિક પ્રક્રિયાનાં સહયોગીરૂપે અને દ્રઢતાના અભ્યાસરૂપે બાહ્ય ક્રિયાઓને દર્શાવી છે. તેથી બાહ્યક્રિયાની સાધ્યભૂત અંતરંગ ક્રિયાને ઉપાદેય કહેવામાં આવી છે. બાહ્ય ક્રિયા તો પ્રયોજન પૂરતી જ ગ્રહણ કરવાં યોગ્ય

છે. આત્મામાં લીન થયા બાદ, આત્મામાં સમાઈ ગયાં બાદ તે હેય છે, ત્યાજ્ય (ત્યાગવા યોગ્ય) છે. આત્મલીનતાની સ્થિતિમાં સર્વ ભેદોનો અભાવ થઈ જાય છે, આ કારણથી જ પૂર્વવર્ણિત પ્રતિક્રમણાદિ ષટ્ આવશ્યકમાં આચાર્યે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના અને પ્રાયશ્ચિત - બધાંને ધ્યાન જ કહ્યાં છે અને તે ધ્યાનમય પ્રતિક્રમણાદિને કરવાનો ઉપદેશ આપ્યો છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું છે કે જો ધ્યાનમય પ્રતિક્રમણાદિ કરવાનું સામર્થ્ય ન હોય તો તેનું શ્રદ્ધાન તો કરવું જ જોઈએ. વચનમય પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, નિયમ અને આલોચનાને પણ કરવાં જોઈએ, કારણ કે તે સર્વ પ્રશસ્ત સ્વાધ્યાય છે. વચનસંબંધી વ્યર્થ વ્યાપાર (વાદ – વિવાદાદિ) તો સાધર્મી અથવા વિધર્મી કોઇની સાથે પણ ન કરવો જોઈએ. આ વ્યર્થ વિવાદોથી બચવા માટે જ્ઞાનીજન જનસમૂહને છોડીને એકાંતમાં રહે છે અને જ્ઞાનનિધિને ભોગવે છે.

ભૂતકાળમાં આ પ્રકારનાં સર્વ આવશ્યક કર્મ કરીને ગુણસ્થાનોની શ્રેણીને પાર કરીને કેવળી થયાં છે. આમ પૂર્વ પુરૂષોનાં ઉદાહરણ આપી આચાર્ય આપણને પણ આવશ્યક કર્મ કરવાની પ્રેરણા આપે છે.

(૧૧) શુદ્ધોપયોગ અધિકાર :-

આ અધિકારમાં આચાર્યદેવે નિયમનાં ફળને બતાવ્યું છે. તેઓ કેવલીના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે નિશ્ચયનયથી કેવળી આત્માને દેખે - જાણે છે અને વ્યવહારનયથી સર્વને દેખે - જાણે છે અર્થાત્ નિશ્ચયનયથી તેઓ આત્મજ્ઞ છે અને વ્યવહારનયથી સર્વજ્ઞ.

જેમ સૂર્યમાં પ્રકાશ અને તાપ એક સાથે હોય છે, તેમ કેવળજ્ઞાનીનાં જ્ઞાન અને દર્શન યુગપદ (એક સાથે) હોય છે.

ઘણાં લોકોનો મત છે કે જ્ઞાન પરપ્રકાશક છે, દર્શન સ્વપ્રકાશક છે અને આત્મા સ્વપરપ્રકાશક છે. આચાર્યદેવ કહે છે કે આ માન્યતા યોગ્ય નથી.

વ્યવહારનયથી જ્ઞાન પરપ્રકાશક છે માટે દર્શન પણ પરપ્રકાશક છે.[૧] નિશ્ચયનયથી જ્ઞાન સ્વપ્રકાશક છે, માટે દર્શન પણ સ્વપ્રકાશક છે.[૨] આના પરથી સ્પષ્ટ થાય છે કે આત્મા સ્વપરપ્રકાશક છે, તેથી જ્ઞાન અને દર્શન પણ સ્વપરપ્રકાશક છે.

તેથી, એમ પણ કહી શકાય કે નિશ્ચયનયથી કેવળી આત્મજ્ઞ છે, સર્વજ્ઞ નહીં.[3] વ્યવહારનયથી કેવળી સર્વજ્ઞ છે, આત્મજ્ઞ નથી.[૪]

ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોય છે - એ યુક્તિ દ્વારા જ્ઞાન અને દર્શનને સ્વપરપ્રકાશક સિદ્ધ કરતાં આચાર્યદેવ કહે છે કે જ્ઞાન જીવનું સ્વરૂપ છે, માટે આત્મા આત્માને જાણે છે, જો જ્ઞાન આત્માને ન જાણે તો તે આત્માથી જ ભિન્ન સિદ્ધ થાય. તેથી જ્ઞાન આત્મા છે, આત્મા જ્ઞાન છે, જો કે આત્મા સ્વપરપ્રકાશક છે, માટે જ્ઞાન-દર્શન પણ સ્વપરપ્રકાશક છે. કેવળ જ્ઞાનીનું જ્ઞાન અતીન્દ્રિય અને પ્રત્યક્ષ છે, બાકી બધું પરોક્ષ.

---------------------------------------------------------------------------

૧. નિયમસાર, ગાથા ૧૬૪ ૨. નિયમસાર, ગાથા ૧૬૫

૩. નિયમસાર, ગાથા ૧૬૬

૪. નિયમસાર, ગાથા ૧૬૯

આ અધિકારના અંતે સિદ્ધદશાનું વર્ણન કર્યા બાદ આચાર્યદેવ પ્રતિજ્ઞાવાક્યને દોહરાવતાં ઉપસંહારમાં માર્ગ અને માર્ગફળની ચર્ચા કરે

છે તથા ભવ્ય જીવોને સાવધાન કરતાં કહે છે કે જો કોઈ ઈર્ષ્યાભાવથી જિનમાર્ગની નિંદા કરે તો તેનાં વચન સાંભળી જિનમાર્ગમાં અભક્તિ કરવી નહીં.

આમ, આપણે જોયું કે 'નિયમસાર' મુખ્યપણે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. સંપૂર્ણ 'નિયમસાર'માં એક જ ધ્વનિ છે કે પરમ પારિણામિકભાવરૂપ નિજ શુદ્ધાત્માની આરાધનામાં જ સમસ્ત ધર્મનો સમાવેશ થઈ જાય છે. એના સિવાય જે પણ શુભાશુભ વિકલ્પ અને શુભાશુભ ક્રિયાઓ છે, તેને માત્ર ઉપચારથી ધર્મ કહેવાય છે. માટે પ્રત્યેક આત્માર્થીનું એકમાત્ર કર્તવ્ય તે ઉપચરિત ધર્મોથી વિરત થઈ, એક માત્ર નિજશુદ્ધાત્મતત્વની આરાધનામાં જ નિરત (લીન) થવું જોઈએ.

::::::::::::: સમાપ્ત : ::::::::::

નિયમસાર બૂક : તા. 27-05-2021

# અષ્ટપાહુડ

'અષ્ટપાહુડ'માં આચાર્ય કુંદકુંદના આચાર્યત્વ અર્થાત્ પ્રશાસક (વ્યવસ્થાપક) રૂપનાં દર્શન થાય છે. આ ગ્રંથ ન તો 'પ્રવચનસાર' અને 'પંચાસ્તિકાય સંગ્રહ' સમાન વસ્તુસ્વરૂપનાં પ્રતિપાદકનો ગ્રંથ છે તથા ન તો 'સમયસાર' અને 'નિયમસાર'ની જેમ આધ્યાત્મિકતાથી ઓતપ્રોત. તેમણે પોતાનાં શિષ્યોનાં આચરણને આમાં અનુશાસિત કર્યા છે. આમાં શિથિલાચાર વિરુદ્ધ સશક્ત આદેશ છે, પ્રેરક ઉપદેશ છે તથા મૃદુ સંબોધન પણ છે અને ચતુર્વિધ સંઘના આચરણમાં સમાયેલી શિથિલતાને દૂર કરવાનાં પાવન ઉદ્દેશથી આની રચના થઈ છે, તથા સાધુવર્ગને શિથિલાચારથી બચાવવા વિશેષ રૂપે સાવધાન કર્યા છે.

આ ગ્રંથ પર કોઈ સમર્થ આચાર્યે ટીકા લખી નથી, કારણ કે સરળ, સુબોધ માર્ગદર્શન હોવાનાં કારણે ટીકાની આવશ્યકતા જ ન રહી. ન તો આમાં દાર્શનિક સમસ્યાઓ છે અને ન આધ્યાત્મિક ગહનતા, તેથી આનાં અધ્યયનમાં ટીકાકારોની અપેક્ષા રાખતું નથી.

આમાં આચાર્ય કુંદકુંદના આઠ પાહુડોનો સંગ્રહ છે, આ કારણે આનું નામ અષ્ટપાહુડ રાખવામાં આવ્યું છે. આ આઠ પાહુડ નીચે પ્રમાણે છે :-

(૧) દંસણ પાહુડ (૨) સૂત્ર પાહુડ (૩) ચારિત્ર પાહુડ

(૪) બોધ પાહુડ (૫) ભાવ પાહુડ (૬) મોક્ષ પાહુડ

(૭) લિંગ પાહુડ (૮) શીલ પાહુડ

પ્રત્યેક પાહુડમાં વિષયનું વિવેચન નામ અનુસાર જ છે. યથાસ્થાન સંબંધિત અન્ય વિષય પણ આવ્યાં છે, પણ મુખ્યતા પોતાનાં વિષયની જ છે. વસ્તુત: પ્રત્યેક પાહુડ સ્વતંત્ર ગ્રંથ છે, આ કારણે જ પ્રત્યેકનો આરંભ મંગલાચરણથી થાય છે, પ્રત્યેકના આરંભમાં પ્રતિજ્ઞાવાક્ય અને અંતે ઉપસંહાર વાક્ય પ્રાપ્ત થાય છે. એક - બે પાહુડ અપવાદરૂપે છે. પરંતુ એવું લાગે છે કે તેની અંતિમ ગાથાઓ ક્યાંક વિલુપ્ત થઈ ગઈ છે. જે પણ હોય, ઉપલબ્ધ 'અષ્ટપાહુડ'ની વિષયવસ્તુ સંક્ષેપમાં આ પ્રમાણે છે :-

(૧) દંસણ પાહુડ :-

છત્રીસ ગાથાઓનાં આ પાહુડમાં પ્રતિજ્ઞાવાક્ય અને મંગલાચરણ ઉપરાંત આચાર્યદેવ તત્કાળ આદેશ આપે છે કે ધર્મનું મૂળ દર્શન (સમ્યગ્દર્શન) છે, માટે સમ્યગ્દર્શનથી હીન વ્યક્તિની વંદના કરવી ન જોઈએ. સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ વ્યક્તિ જ વાસ્તવિક ભ્રષ્ટ છે, દર્શનથી ભ્રષ્ટ વ્યક્તિને ક્યારેય નિર્વાણની પ્રાપ્તિ નહીં થાય. સમ્યગ્દર્શનથી રહિત વ્યક્તિ ભલે અનેક પ્રકારનાં શાસ્ત્રોનો જ્ઞાતા હોય, અરબો વર્ષો સુધી ઉગ્ર તપસ્યામાં તપ્યાં હોય, પણ તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહીં થાય, તે સંસારમાં ભટકતો જ રહેશે, સમ્યગ્દ્રષ્ટિ જ કર્મોનો નાશ કરે છે.

જે વ્યક્તિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર ત્રણેયથી ભ્રષ્ટ છે; તેઓ મહાભ્રષ્ટ છે. તેવા લોકો પોતાની સાથે પરનું પણ અહિત કરે છે. આવા ભ્રષ્ટ લોકો ધર્માત્માઓને ભ્રષ્ટ બતાવીને તેમની નિંદા કરતાં હોય છે.

જે પ્રકારે મૂળ (જડ)નો નાશ થવાથી વૃક્ષની વૃદ્ધિ સંભવ નથી, તે પ્રકારે સમ્યગ્દર્શનરૂપી મૂળનાં અભાવમાં ધર્મરૂપી વૃક્ષની વૃદ્ધિ - સમૃદ્ધિ સંભવ નથી.

જે સ્વયં સમ્યગ્દર્શનથી રહિત હોવા છતાં પણ સમ્યગ્દ્રષ્ટિઓ વડે પોતાને પૂજાવા ઇચ્છે છે, તેઓ લૂલા અને મૂંગા થાય છે; તેમને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ જ સમજવી જોઈએ. જે વ્યક્તિ લજ્જા, ભય અને ગારવના કારણે તે મિથ્યાદ્રષ્ટિઓનાં પગે પડે છે, તેમને પણ બોધિની પ્રાપ્તિ થતી નથી.

અંતર્બાહ્ય પરિગ્રહથી રહિત કરપાત્ર દિગંબર મુનિરાજ જ દર્શન છે. જૈનદર્શનમાં ત્રણ વેશ જ માન્ય છે, એક તો જિનેન્દ્ર ભગવાનની સમાન નગ્ન દિગંબર સાધુનો વેષ, બીજો ઉત્કૃષ્ટ શ્રાવક (એલક - ક્ષુલ્લક)નો વેષ અને ત્રીજો આર્યિકાનો વેષ. ચોથો કોઈ વેષ જૈનદર્શનમાં નથી.

જિનેન્દ્ર કથિત છ દ્રવ્ય, નવ પદાર્થ, પાંચ અસ્તિકાય અને સાત તત્વોનું શ્રદ્ધાન વ્યવહારસમ્યગ્દર્શન છે. નિશ્ચયસમ્યગ્દર્શન તો આત્મરૂપ જ છે અર્થાત્ આત્માનુભૂતિરૂપ જ છે. આ સમ્યગ્દર્શન મોક્ષમહેલનું પ્રથમ પગથિયું છે.

કેવળી કથિત ધર્મનું જેટલું આચરણ કરી શકીએ, તેટલું અવશ્ય કરવું, પણ જો ન કરી શકીએ તો તેનું શ્રદ્ધાન તો અવશ્ય જ કરવું કારણકે કેવળી ભગવાને શ્રદ્ધાનને જ સમ્યકત્વ કહ્યું છે.

સમ્યગ્દર્શન – જ્ઞાન અને ચારિત્રવંત તપોનિધિ મુનિરાજ જ વંદન કરવા યોગ્ય છે. જે સહજ ઉત્પન્ન યથાજાતરૂપ જોઈને પણ વંદન કરતાં નથી, મત્સરભાવ (ઈર્ષ્યા) રાખે છે, તેઓ સંયમી હોય તો પણ મિથ્યાદ્રષ્ટિ જ છે. નગ્ન દિગંબર પણ કેમ ન હોય, પરંતુ અસંયમી હોય તો વંદન ન કરવાં જોઈએ. દેહ, કુળ અને જાતિને વંદન થતાં નથી, વંદન તો ગુણોને જ થાય છે; માટે ગુણહીનને કોણ વંદન કરશે?

સમ્યગ્દર્શનથી જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ થાય છે, તેથી દર્શન જ સાર છે અને દર્શન - જ્ઞાન સહિત ચારિત્રથી મોક્ષ થાય છે. કલ્યાણની પરંપરા હોવાને કારણે સમ્યગ્દર્શન સર્વલોકમાં પૂજ્ય છે.

અંતે આચાર્યદેવ કહે છે કે દર્શન - જ્ઞાન - ચારિત્રથી અરહંત દશાને પ્રાપ્ત ભગવાન જ્યાં સુધી ચોત્રીસ અતિશયો સહિત સમવશરણમાં બિરાજે છે, ત્યાં સુધી તેમને સ્થાવર પ્રતિમા કહેવામાં આવે છે. અંતે તેઓ આઠ કર્મોનો નાશ કરી સિદ્ધ દશાને પ્રાપ્ત કરી લે છે.

(૨) સૂત્ર પાહુડ :-

સત્યાવીશ ગાથાઓમાં નિબદ્ધ આ પાહુડમાં સર્વપ્રથમ સૂત્રના સ્વરૂપને સ્પષ્ટ કરતાં કહેવામાં આવ્યું છે કે અરિહંતદેવ દ્વારા કહેલાં તેમજ ગણધર દ્વારા ગૂંથેલાં, આચાર્ય પરંપરાથી પ્રાપ્ત શબ્દ અને અર્થમય સૂત્રોનાં માધ્યમથી શ્રમણ પરમાર્થને સમજે છે. જે પ્રકારે સૂત્ર (દોરો) સહિત સોય ખોવાતી નથી, તે પ્રકારે સૂત્રોનાં જાણકાર શ્રમણ ભ્રમિત થતાં નથી.

જિનેન્દ્ર ભગવાન દ્વારા કથિત સૂત્રોમાં પ્રતિપાદિત જીવાદિ પદાર્થો તેમજ તેમનાં હેય - ઉપાદેય સ્વરૂપને જાણવાવાળાં જીવ સમ્યગ્દ્રષ્ટિ હોય છે. જે યોગી જિનભાષિત સૂત્રોમાં પ્રતિપાદિત પારમાર્થિક અને વ્યવહારિક સત્યને જાણે છે, તેઓ કર્મમળનો નાશ કરે છે અને સાચાં સુખને પ્રાપ્ત કરે છે. જેઓ આ સૂત્રોનાં અર્થથી અપરિચિત છે, તેઓ પ્રગટ મિથ્યાદ્રષ્ટિ છે. સૂત્રથી ભ્રષ્ટ વ્યક્તિ હરિહરતુલ્ય (હરિ-નારાયણ, હર-રુદ્ર) પણ હોય, તો પણ તેમને મુક્તિની પ્રાપ્તિ થતી નથી. ભલે ને તેઓ સંઘપતિ હોય, સિંહવૃત્તિ હોય, ગમે તેટલાં મોટાં કેમ ન હોય; પરંતુ સૂત્રથી ભ્રષ્ટ મિથ્યાદ્રષ્ટિ જ છે.

જિનસૂત્રોમાં જે ત્રણ લિંગોની ચર્ચા કરવામાં આવી છે, તેમાં સર્વશ્રેષ્ઠ લિંગ નગ્ન દિગંબર મુનિઓનું છે, બીજું ઉત્કૃષ્ટ શ્રાવકોનું છે અને ત્રીજું આર્યિકાઓનું છે.

આચાર્યદેવ અત્યંત સ્પષ્ટરૂપે કહે છે કે સાધુનું રૂપ જેવું બાળક જન્મે છે, તેવું જ નગ્ન હોય છે. જો તેઓ તલતુષમાત્રનો પણ પરિગ્રહ રાખે તો નિગોદને જ પાત્ર છે. વસ્ત્ર ધારણ કર્યાં પછી તો તીર્થંકર પણ મુક્તિ પ્રાપ્ત કરી શકતાં નથી, અન્યની તો વાત જ ક્યાં કરવી? એક નગ્નતા જ માર્ગ છે, બાકી સર્વ ઉન્માર્ગ છે. સ્ત્રીઓને નગ્નતા ન હોવાનાં કારણે તેઓ મુક્તિ પ્રાપ્ત કરવામાં અસમર્થ છે. તેમની યોનિ, સ્તન, નાભિ અને બગલમાં સૂક્ષ્મ ત્રસ જીવોની ઉત્પત્તિ નિરંતર થતી હોય છે, માસિકધર્મની શંકાથી નિત્ય ઘેરાયેલી હોય છે તેમજ સ્વભાવથી શિથિલભાવવાળી હોય છે; તેથી તેમને ઉત્કૃષ્ટ સાધુતા નથી; તથા તેઓ પાપયુક્ત પણ નથી; કારણ કે તેમને પણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને એકદેશ ચારિત્ર તો થઈ જ શકે છે.

આ પ્રકારે આ 'સૂત્રપાહુડ'માં જિનસૂત્રોનાં સ્વરૂપની સાથે તેમાં પ્રતિપાદિત જૈનસાધુતાનાં સ્વરૂપ પર પ્રકાશ નાંખવામાં આવ્યો છે.

(૩) ચારિત્ર પાહુડ :-

મંગલાચરણ અને ગ્રંથપ્રતિજ્ઞા કર્યાં બાદ આચાર્યદેવ એક ગાથામાં જ્ઞાન-દર્શન-ચારિત્રનું સ્વરૂપ બતાવીને ચારિત્રનાં ભેદોનું વર્ણન કરે છે.

જે જાણે છે, તે જ્ઞાન છે; જે દેખે છે, તે દર્શન છે. જ્ઞાન અને દર્શનનાં સમાયોગથી ચારિત્ર હોય છે. અક્ષય, અનંત જ્ઞાનાદિક ભાવ જીવનાં છે. આ જ્ઞાનાદિક ભાવોની શુદ્ધિ માટે ચારિત્રના બે પ્રકાર કહ્યાં છે :- સમ્યકત્વાચરણ ચારિત્ર અને સંયમાચરણ ચારિત્ર.

જિનોપદિષ્ટ જ્ઞાન-દર્શન શુદ્ધ સમ્યકત્વાચરણ ચારિત્ર છે અને શુદ્ધ આચરણરૂપ ચારિત્ર સંયમાચરણ ચારિત્ર છે.

મિથ્યાત્વ કર્મના ઉદયથી શંકાદિ દોષ સમ્યગ્દર્શનને અશુદ્ધ કરવાવાળા છે, તેથી તેમને મન – વચન - કાયાથી છોડવા જોઈએ. શંકાદિ દોષ દૂર થવાથી સમ્યક્દર્શનનાં આઠ અંગ પ્રગટ થાય છે. નિ:શંકિત, નિ:કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય, અને પ્રભાવના - એ સમ્યગ્દર્શનનાં આઠ અંગ છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે શંકાદિ દોષોથી રહિત, નિ:શંકિત આદિ ગુણોથી યુક્ત, તત્વાર્થના યથાર્થ સ્વરૂપને જાણીને તેનું શ્રદ્ધાન તેમજ આચરણ કરવું જ સમ્યકત્વાચરણ ચારિત્ર છે.

જે જ્ઞાની અમૂઢદ્રષ્ટિ થયો થકો સમ્યકત્વાચરણ ચારિત્રથી શુદ્ધ હોય અને સંયમાચરણ ચારિત્રથી પણ શુદ્ધ હોય તો તે શીઘ્ર જ મુક્તિ પ્રાપ્ત કરે છે અને જે અજ્ઞાનથી મૂઢદ્રષ્ટિ થયો થકો સમ્યકત્વાચરણ ચારિત્રથી ભ્રષ્ટ છે અને સંયમનું આચરણ કરે છે, તેને મુક્તિ સંભવ નથી.

વાત્સલ્ય, વિનય, અનુકંપા, દાન, માર્ગાનુશંસા (માર્ગ ગુણ સ્તવના), ઉપગૂહન, રક્ષણ - આ સમ્યક્ત્વનાં ચિન્હ્ છે, જેનાથી સમ્યગ્દ્રષ્ટિને જાણી શકાય છે.

જે પુરુષ કુદર્શનમાં ઉત્સાહ, ભાવના, પ્રશંસા, શ્રદ્ધા અને ઉપાસના કરે છે, તે સમ્યકત્વથી ચ્યુત (વિમુખ) થાય છે તથા જે સુદર્શનમાં ઉત્સાહ, ભાવના, પ્રશંસા, શ્રદ્ધા અને ઉપાસના કરે છે, તે સમ્યક્ત્વથી ચ્યુત (વિમુખ) થતાં નથી.

આચાર્યદેવ ઉપદેશ આપતાં કહે છે કે હે ભવ્ય! તું અજ્ઞાનને જ્ઞાનથી અને મિથ્યાત્વને વિશુદ્ધ સમ્યકત્વથી દૂર કર તથા અહિંસારૂપ ધર્મ દ્વારા આરંભસહિત મોહને છોડ. પરિગ્રહનો ત્યાગ કરીને દીક્ષા ધારણ કર. સંયમભાવપૂર્વક તપ કર. આવું કરવાથી તને મોહરહિત વીતરાગરૂપ નિર્મળ શુક્લધ્યાન થશે.

અજ્ઞાની જીવ મિથ્યાત્વ અને અબુદ્ધિના ઉદયથી મિથ્યામાર્ગ (કુદર્શન)માં પ્રવૃત્તિ કરે છે. જ્યારે જીવ મોહરહિત થઈ સમ્યગ્દર્શન - જ્ઞાનથી દ્રવ્ય – પર્યાયસ્વરૂપ સત્તામયી વસ્તુનું યથાર્થ શ્રદ્ધાન કરે છે, ત્યારે તે ચારિત્રનાં દોષોને છોડે છે તેમજ નિજગુણોની આરાધના કરતો થકો શીઘ્ર જ કર્મોનો નાશ કરે છે.

સંયમાચરણ ચારિત્ર બે પ્રકારનાં છે :- સાગાર અને અનાગાર (નિરાગાર). સાગાર સંયમાચરણ પરિગ્રહ સહિત (ગ્રંથ સહિત) શ્રાવકને હોય છે. અનાગાર (નિરાગાર) સંયમાચરણ પરિગ્રહરહિત નિર્ગ્રંથ મુનિને હોય છે.

સાગાર સંયમાચરણના ધારી શ્રાવકોને અગિયાર દેશવ્રત (પ્રતિમા) અને બાર વ્રત હોય છે. દર્શન, વ્રત, સામાયિક, પ્રોષધોપવાસ, સચિત્તત્યાગ, રાત્રિભુક્તિત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિત્યાગ, ઉદ્દિષ્ટત્યાગ - આ અગિયાર દેશવ્રત છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત - આ બાર વ્રત છે. સ્થૂળ ત્રસકાયના ઘાતનો ત્યાગ, સ્થૂળ અસત્યનો ત્યાગ, ન આપેલાં પારકાં ધનનાં ગ્રહણનો ત્યાગ, પરસ્ત્રીત્યાગ, અને પરિગ્રહપરિમાણ - આ પાંચ અણુવ્રત છે. દિશા-વિદિશામાં ગમનનું પરિમાણ, અનર્થદંડવ્રત અને ભોગોપભોગ પરિમાણ -

આ ત્રણ ગુણવ્રત છે.[૧] સામાયિક, પ્રોષધ, અતિથિ-પૂજા અને સંલેખના - આ ચાર શિક્ષાવ્રત છે.[૨]

ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે - 'ચારિત્રપાહુડ'માં પ્રતિપાદિત ઉપર્યુકત બાર વ્રતોમાં અને 'તત્વાર્થસૂત્રમાં' પ્રતિપાદિત બાર વ્રતોમાં કિંચિત્ (થોડો) ફરક છે; પરંતુ આ માત્ર કથન કરવાની પદ્ધતિ (રીત)નું જ અંતર છે, મૂળ વિરોધ બિલકુલ નથી. ભાષાવચનિકાકાર પંડિત જયચંદજી છાબડા આનું સમાધાન આ પ્રમાણે કરે છે :-

"અહીં પ્રશ્ન :- 'તત્વાર્થસૂત્ર'માં ત્રણ ગુણવ્રતોમાં દેશવ્રત કહ્યું અને ભોગોપભોગ પરિણામને શિક્ષાવ્રતોમાં કહ્યું તથા સંલેખનાને ભિન્ન કહ્યું, તે કઈ રીતે?

તેનું સમાધાન :- આ વિવક્ષાનો ભેદ છે. અહીં દેશવ્રત, દિગ્વ્રતમાં ગર્ભિત છે. અને સંલેખનાને શિક્ષાવ્રતોમાં કહી છે, તેમાં કાંઇપણ વિરોધ નથી.[3]

અનાગાર સંયમાચરણ મુનિઓને હોય છે. પાંચ ઇન્દ્રિયોનો સંવર, પાંચ વ્રત, પાંચ વ્રતોની પચ્ચીસ ક્રિયા, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ અનાગાર (નિરાગાર) સંયમાચરણમાં હોય છે. આનું વર્ણન ૨૯ થી ૩૭ સુધીની ૯ ગાથાઓમાં કરવામાં આવ્યું છે, જે મૂળમાં પઠન કરવા યોગ્ય છે.

------------------------------------------------------------

૧. 'ગુણ' શબ્દ ઉપકારનો વાચક છે, તે અણુવ્રતોનો ઉપકાર કરે છે.


૨. શિક્ષાવ્રતોમાં આગામી મુનિવ્રતની શિક્ષા આપવામાં આવી છે.

3. ચારિત્રપાહુડ, ગાથા ૨૬ની ભાષાવચનિકા.

આ ઉપરાંત પાંચ ગાથાઓમાં જ્ઞાનનાં સ્વરૂપ અને મહિમા બતાવતાં આચાર્ય કહે છે કે જ્ઞાનથી હીન પુરુષ ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરતાં નથી, કારણ કે જ્ઞાન વગર ગુણ - દોષોની જાણકારી હોતી નથી, જીવ - અજીવનું ભેદજ્ઞાન હોતું નથી. ગુણ - દોષોને જાણવા માટે સમ્યગ્જ્ઞાનને જાણવું જોઈએ. સમ્યગ્જ્ઞાનપૂર્વક ચારિત્ર અંગીકાર કરવાથી જ અનુપમ સુખની પ્રાપ્તિ થાય છે.

જે ઉક્ત સમ્યકત્વાચરણપૂર્વક સંયમાચરણ ચારિત્ર અંગીકાર કરે છે, તે અલ્પકાળમાં જ મુક્તિ પ્રાપ્ત કરે છે.

ઉક્ત ચારિત્રનાં ભેદોને નીચે આપેલાં ચાર્ટ દ્વારા સારી રીતે સમજી શકાશે :-


ચારિત્ર
સમ્યક્ત્વાચરણ ચારિત્ર
સંયમાચરણ ચારિત્ર
નિઃશંકિત
નિર્વિચિકિત્સા
ઉપગૂહન
વાત્સલ્ય
નિઃકાંક્ષિત
અમૂઢદ્રષ્ટિ
સ્થિતિકરણ
પ્રભાવના
સાગાર સંયમાચરણ ચારિત્ર
(અગિયાર પ્રતિમા)
અનાગાર સંયમાચરણ ચારિત્ર
દર્શન
વ્રત
સામાયિક
સચિત્ત-ત્યાગ
બ્રહ્મચર્ય
પરિગ્રહ ત્યાગ
ઉદ્દિષ્ટ ત્યાગ
પ્રોષધો પવાસ
રાત્રિભુક્તિ ત્યાગ
આરંભ ત્યાગ
અનુમતિ ત્યાગ
પાંચ અણુવ્રત
ત્રણ અણુવ્રત
ચાર શિક્ષાવ્રત
પાંચ ઈન્દ્રિય વિજય
પાંચ મહાવ્રત
પચ્ચીસ ક્રિયા (પાંચ મહાવ્રતની પાંચ-પાંચ ભાવનાઓ હોય છે, તેને જ પચ્ચીસ ક્રિયા કહે છે.)
પાંચ સમિતિ
ત્રણ ગુપ્તિ
સામાયિક
પ્રોષધ
અતિથિપૂજા
સંલ્લેખના
સ્પર્શેન્દ્રિય વિજય
રસનેન્દ્રિય વિજય
ઘ્રાણેન્દ્રિય વિજય
ચક્ષુઈન્દ્રિય વિજય
કર્ણેન્દ્રિય વિજય
દિગ્વ્રત
અનર્થદંડ ત્યાગવ્રત
ભોગપભોગ પરિણામવ્રત
અહિંસા
સત્ય
અચૌર્ય
બ્રહ્મચર્ય
અપરિગ્રહ
અહિંસા
સત્ય
અચૌર્ય
બ્રહ્મચર્ય
અપરિગ્રહ
ઈર્યા સમિતિ
ભાષા સમિતિ
એષણા સમિતિ
પ્રતિષ્ઠાપના સમિતિ
આદાન-નિક્ષેપણ વિજય
મનો ગુપ્તિ
વચન ગુપ્તિ
મનો ગુપ્તિ

અંતે આચાર્ય કહે છે કે આ ચારિત્રપાહુડને તમે શુદ્ધભાવથી ભાવો, જેનાથી તમે ચાર ગતિઓમાં ભ્રમણ નહીં કરો અને તમને અપુનર્ભવની પ્રાપ્તિ થશે.

(૪) બોધ પાહુડ :-

બાસઠ ગાથાઓમાં નિબદ્ધ આ પાહુડમાં પ્રતિપાદિત વિષયવસ્તુને આચાર્યદેવે અગિયાર સ્થાનોમાં વિભાજિત કરી છે, જે ક્રમથી આ પ્રમાણે છે[૧]

| | | |
|---|---|---|
| (૧) આયતન, | (૨) ચૈત્યગૃહ, | (૩) જિન પ્રતિમા, |
| (૪) દર્શન, | (૫) જિનબિંબ, | (૬) જિનમુદ્રા, |
| (૭) જ્ઞાન, | (૮) દેવ, | (૯) તીર્થ, |
| (૧૦) અરહંત, | (૧૧) પ્રવ્રજ્યા. | |

આ અધિકારમાં ઉક્ત અગિયાર સ્થાનોનાં માધ્યમથી એક પ્રકારથી નિર્ગ્રંથ સાધુઓના સ્વરૂપને જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે, એમ કહેવામાં આવ્યું છે કે નિશ્ચયથી નિંદોષ - નિર્ગ્રંથ સાધુ જ આયતન છે, ચૈત્યગૃહ છે, જિનપ્રતિમા છે, દર્શન છે, જિનબિંબ છે, જિનમુદ્રા છે, જ્ઞાન છે, દેવ છે, તીર્થ છે, અરહંત છે અને પ્રવ્રજ્યા છે. વ્યવહારથી ધાતુ - પાષાણમય તેમની આકૃતિ જ વંદ્ય છે. ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે, સાધુઓમાં અરહંતનો પણ સમાવેશ થાય છે.

------------------------------------------------------------

૧. બોધપાહુડ ગાથા ૩ અને ૪.

આ ગ્રંથની વચનિકા લખવાવાળા પંડિત જયચંદજી છાબડા આ પાહુડની વચનિકાનાં અંતે લખે છે કે :-

પ્રથમ આયતન દુતિય ચૈત્યગૃહ તીજી પ્રતિમા,
દર્શન અર જિનબિંબ છઠો જિનમુદ્રા યતિમા,
જ્ઞાન સાતમૂં દેવ આઠમૂં નવમૂં તીરથ,
દસમૂં હૈ અરહંત ગ્યારમૂં દીક્ષા શ્રીપથ.
ઈમ પરમારથ મુનિરૂપ સતિ અન્ય ભેષ સબ નિંદ્ય હૈ;
વ્યવહાર ધાતુ-પાષાણમય આકૃતિ ઇનકી વંદ્ય હૈ.

(૧) આયતન[૧] :-

આયતન એટલે ધર્મનાં સ્થાન, જિનમાર્ગમાં બાહ્યાભ્યંતર સંયમનાં ધણી મુનિરાજ જ આયતન છે. તેમાં જે શ્રેષ્ઠ છે, કેવળજ્ઞાનાદિ સહિત છે, તે સિદ્ધાયતન છે. વાસ્તવિક ધર્માયતન તો ધર્મનાં ધણી મુનિરાજ જ છે, વ્યવહારથી તેમના આવાસને પણ ધર્માયતન કહેવામાં આવે છે.

(૨) ચૈત્યગૃહ[૨] :-

જેમાં સુખ-દુ:ખ, બંધ-મોક્ષની ચેતના જોવા મળે, તે આત્મા જ ચૈત્ય છે. ષટ્કાયનાં જીવોની રક્ષા કરવાવાળાં સંયમી, આત્મજ્ઞાની મુનિરાજ જ ચૈત્યગૃહ છે. વ્યવહારથી જિનાલયને પણ ચૈત્યગૃહ અથવા ચૈત્યાલય કહેવામાં આવે છે.

---

૧. બોધપાહુડ ગાથા ૫ થી ૭.

૨. બોધપાહુડ ગાથા ૮ અને ૯.

(૩) જિનપ્રતિમા[૧] :-

સમ્યગ્દર્શન - જ્ઞાન – ચારિત્રથી યુક્ત નિર્ગ્રંથ વીતરાગી મુનિઓનો ચાલતો - ફરતો જંગમ દેહ જ જંગમ પ્રતિમા છે, અને અષ્ટકર્મ રહિત, અનંત ચતુષ્ટય સહિત, દેહરહિત અચલ સિદ્ધ ભગવાન જ સ્થાવર (સ્થિર) પ્રતિમા છે. નિશ્ચયથી આ જ વંદન કરવા યોગ્ય છે. તેમની યથાનુરૂપ ધાતુપાષાણની પ્રતિમા વ્યવહારથી વંદન કરવા યોગ્ય છે.

(૪) દર્શન[૨] :-

સમ્યગ્દર્શન - જ્ઞાનમય સંયમરૂપ સુધર્મ જ નિર્ગ્રંથ મોક્ષમાર્ગ છે, તેને જે બતાવે, તે જ દર્શન છે. જેમ ફૂલ સુગંધમય છે, દૂધ, ઘીમય (ઘૃતમય) છે, તેમજ જૈનદર્શન સમ્યકત્વમય – સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રમય છે, મુનિરાજનું સ્વરૂપ પણ અંતર્બાહ્યથી સમ્યગ્દર્શન - જ્ઞાન – ચારિત્રમય છે, તેથી નિર્ગ્રંથ મુનિરાજ જ સાક્ષાત્ દર્શન (જૈનદર્શન) છે.

(૫) જિનબિંબ[3] :-

કર્મક્ષયનું કારણ શુદ્ધ શિક્ષા અને દીક્ષા દેવાવાળાં, આત્મજ્ઞાની, વીતરાગી, સંયમી આચાર્યદેવ જ વસ્તુત: જિનદેવનાં પ્રતિબિંબ છે; તેઓ જ વંદનીય - પૂજનીય છે.

---

૧. બોધપાહુડ ગાથા ૧૦ થી ૧૩.

૨. બોધપાહુડ ગાથા ૧૪ થી ૧૫.

૩. બોધપાહુડ ગાથા ૧૬ અને ૧૮.

(૬) જિનમુદ્રા[૧] :-

જેઓ શુદ્ધાત્માના અનુભવી, વ્રત-તપથી સમૃદ્ધ હોય, જિનશિક્ષા - દીક્ષા દેવાવાળાં હોય, જેમની મુદ્રા ઇન્દ્રિયવિષયો અને કષાયભાવોનું મર્દન (નાશ) કરવાવાળી હોય, સંયમમાં દ્રઢ હોય - એવા આચાર્યદેવ જ વાસ્તવમાં જિનમુદ્રા છે.

(૭) જ્ઞાન[૨] :-

મોક્ષમાર્ગના હેતુભૂત શુદ્ધાત્માની પ્રાપ્તિ જ્ઞાન દ્વારા થાય છે; તેથી મોક્ષમાર્ગરૂપ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે જ્ઞાનને જાણવું જોઈએ. જે પ્રકારે ધનુષના અભ્યાસ રહિત તેમજ બાણથી રહિત ધનુષધારી લક્ષ્ય (નિશાન)ને પ્રાપ્ત નથી કરતાં, તે પ્રકારે શુદ્ધાત્માનુભવરૂપી ધનુષના અભ્યાસ રહિત તેમજ જ્ઞાનરૂપી બાણથી રહિત વ્યક્તિ મોક્ષમાર્ગરૂપ લક્ષ્યને પ્રાપ્ત નથી કરતાં તથા જે પ્રકારે ધનુષની બાણાદિ સમસ્ત સામગ્રી ઉપલબ્ધ હોય તો નિશાન ચૂકતા નથી, લક્ષ્યની પ્રાપ્તિ થાય જ છે; તે પ્રકારે મોક્ષમાર્ગની યથાવત્ જ્ઞાનાદિ સામગ્રી ઉપલબ્ધ હોય તો મુનિ મોક્ષરૂપ લક્ષ્ય ચૂકતા નથી, તેને અવશ્ય પ્રાપ્ત કરે છે; માટે જિનાગમ અનુસાર જ્ઞાનીઓનો વિનય કરીને જ્ઞાનને પ્રાપ્ત કરવું જોઈએ.

(૮) દેવ[3] :-

જેનો મોહ નષ્ટ થઈ ગયો છે, તે દેવ છે, દયાથી વિશુદ્ધ હોય તે ધર્મ છે અને સર્વ પરિગ્રહથી રહિત હોય તે પ્રવ્રજ્યા છે.

---------------------------------------------------------------------

૧. બોધપાહુડ ગાથા ૧૯

૨. બોધપાહુડ ગાથા ૨૦ થી ૨૩.

૩. બોધપાહુડ ગાથા ૨૪ થી ૨૫.

(૯) તીર્થ[૧] :-

જેનાથી તરાય, તે તીર્થ છે. સમ્યકત્વ અને મહાવ્રતોથી શુદ્ધ, પંચેન્દ્રિયોથી વિરક્ત, આલોક-પરલોકના ભોગોની ઇચ્છાથી રહિત નિર્મળ આત્મા જ તીર્થ છે.

(૧૦) અરહંત[૨] :-

સામાન્ય અપેક્ષાએ બધા કેવળજ્ઞાની અરહંત હોય છે, પરંતુ અહીં તીર્થંકર પદની પ્રધાનતાથી કથન કરવામાં આવ્યું છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ - આ ચાર નિક્ષેપો દ્વારા અરહંતનું વર્ણન કરતાં આચાર્ય કહે છે કે જે ઘાતિકર્મ અને અઘાતિકર્મનાં ઉદયથી થવાવાળાં દોષોથી રહિત અને અનંત દર્શન, અનંત જ્ઞાનાદિ અનુપમ ગુણોથી યુક્ત છે, તેઓ નામથી અરહંત કહેવાય છે.

નિશ્ચયનયથી ગુણસ્થાન, માર્ગણાસ્થાન, પર્યાપ્તિ, પ્રાણ અને જીવસ્થાન - આ પાંચ પ્રકારોથી અરહંતની સ્થાપના જ સ્થાપના અરહંત કહેવાય છે. તે ઉપરાંત ૩૨ થી ૩૬ સુધીની ગાથાઓમાં ગુણસ્થાનાદિ પ્રત્યેકમાં પૃથક્ - પૃથક્ સ્થાપનાથી અરહંતને બતાવવામાં આવ્યાં છે.

દ્રવ્ય અરહંતના સ્વરૂપનું વર્ણન કરતાં આચાર્ય કહે છે કે જરા, વ્યાધિ, સંબંધી દુ:ખોથી રહિત, આહાર – નિહાર, મળ-મૂત્ર, શ્લેષ્મ (કફ), થૂંક, પરસેવો, દુર્ગંધ, જુગુપ્સા, અને ગ્લાનિથી રહિત, એક હજાર આઠ લક્ષણોથી સહિત, સંપૂર્ણ અતિશયયુક્ત સુગંધિત ઔદારિક દેહ અરહંતને હોય છે.

---

૧. બોધપાહુડ ગાથા ૨૬ અને ૨૭.

૨. બોધપાહુડ ગાથા ૨૮ થી ૪૧.

ભાવ અરહંત તો મદ, રાગ-દ્વેષ, કષાયાદિ મનનાં વિકલ્પથી રહિત અત્યંત વિશુદ્ધ કેવળજ્ઞાનરૂપ હોય છે.

(૧૧) પ્રવ્રજ્યા[૧] :-

પ્રવ્રજ્યા દીક્ષાને કહેવાય છે. પ્રવ્રજ્યામાં અંતરંગ - બાહ્ય પરિગ્રહ, કષાય, રાગ - દ્વેષ - મોહ અને પાપારંભનો અભાવ હોય છે; શત્રુ - મિત્ર, નિંદા - પ્રશંસા, લાભ – અલાભ, તૃણ - કંચનમાં સમભાવ હોય છે.

પ્રવ્રજ્યાધારી મુનિ શરીર – સંસ્કારરહિત અને મદ - રાગ - દ્વેષથી પણ રહિત હોય છે તથા તેઓ ઉપશમ - ક્ષમ - દમ - યુક્ત હોય છે. તેમને મિથ્યાત્વાદિ ભાવ નષ્ટ થઈને સમ્યકત્વ ગુણ પ્રગટ થઇ જાય છે.

પ્રવ્રજ્યા છ સંહનનવાળાં જીવોને હોય છે. તે સર્વ પરિગ્રહ રહિત અને નિર્ગ્રંથસ્વરૂપે હોય છે. તેમાં લેશમાત્ર પણ પરિગ્રહ સંગ્રહ હોતો નથી.

બાહ્ય દીક્ષાનું સ્વરૂપ બતાવતાં આચાર્ય કહે છે કે પ્રવ્રજ્યાધારી ઉપસર્ગ અને પરિષહને સહન કરતાં થકા નિત્ય નિર્જન પ્રદેશ, શિલા પાસે, કાષ્ઠ અથવા ભૂમિતળમાં રહેતાં હોય છે અથવા સૂનાં ઘર, વૃક્ષના મૂળમાં, ઝાડની બખોલ, ઉદ્યાન. વન, સ્મશાનભૂમિ, પર્વતની ગુફા, પર્વતનાં શિખરે, ભયાનક વન અને વસતિકામાં રહેતા હોય છે.[૨] તેઓ પશુ, મહિલા, નપુંસક અને વ્યભિચારી પુરુષનો સાથ નથી કરતાં; પણ સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્ત હોય છે. તે પ્રવ્રજ્યાધારી મુનિ નિર્ગ્રંથ, નિ:સંગ, નિર્માન, અરાગ, નિર્દ્વેષ, નિર્મમ, નિરહંકાર, નિર્ભય અને નિરાશ ભાવવાળા હોય છે.

---------------------------------------------------------------

૧. બોધપાહુડ ગાથા ૪૫ થી ૫૬.

૨. બોધપાહુડ ગાથા ૪૨.

આ પ્રકારે જિનમાર્ગમાં કથિત સમ્યકત્વથી શુદ્ધ નિર્ગ્રંથ રૂપનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યા બાદ આચાર્યદેવ કહે છે કે બાર અંગ અને ચૌદ પૂર્વનાં જ્ઞાતા ગમકગુરુ ભદ્રબાહુની પરંપરાથી જિનદેવ કથિત મુક્તિમાર્ગને જાણીને અમે તે ષટ્કાયના જીવોના હિત માટે ઉપદેશ કર્યો છે.

(૫) ભાવ પાહુડ :-

એકસો પાંસઠ ગાથાઓમાં નિબદ્ધ આ પાહુડમાં ભાવશુદ્ધિ પર જ વિશેષ બળ આપવામાં આવ્યું છે, કારણ કે ગુણ-દોષોનો મૂળપ્રાણ ભાવ જ છે. બાહ્ય પરિગ્રહનો ત્યાગ ભાવોની શુદ્ધિ માટે જ કરવામાં આવે છે, પરંતુ રાગાદિરૂપ અભ્યંતર પરિગ્રહના ત્યાગ વગર બાહ્ય ત્યાગ નિષ્ફળ જ છે; કારણ કે અંતરંગ ભાવશુદ્ધિ વગર કરોડો વર્ષો સુધી પણ બાહ્ય તપ કરે, તો પણ સિદ્ધિ થતી નથી. તેથી મુક્તિમાર્ગના પથિકોએ સર્વપ્રથમ ભાવને જ જાણવો જોઈએ.[૧]

હે આત્મન્! તેં ભાવરહિત નિર્ગ્રંથરૂપ તો ઘણી વખત ગ્રહણ કર્યાં, પરંતુ ભાવલિંગ વગર – શુદ્ધાત્મતત્વની ભાવના વગર ચતુર્ગતિમાં ભ્રમણ કરતાં અનંત દુ:ખ વેઠયાં છે. નરકગતિમાં ઠંડી, ગરમી, આવાસાદિનાં, તિર્યંચગતિમાં ખનન (ખોદવું), જ્વલન, વેદના, ઉચ્છેદન (છેદન – ભેદન), નિરોધન (રોકવું) વગેરે; મનુષ્યગતિમાં આગંતુક (અકસ્માત વજ્રપાતાદિ), માનસિક, શારીરિક વગેરે તેમજ દેવગતિમાં વિયોગ, હીનભાવના વગેરે દુ:ખો ભોગવ્યાં છે.[૨]

-------------------------------------------------------------

૧. ભાવપાહુડ, ગાથા ૨ થી ૬

૨. ભાવપાહુડ, ગાથા ૭ થી ૧૬

હે જીવ ! વધારે શું કહીએ, આત્મભાવના વગર તું માતાનાં ગર્ભમાં, મહા અપવિત્ર સ્થાનમાં સંકોચાઈને રહ્યો. આજ સુધી તેં એટલી માતાઓનું દૂધ પીધું છે કે જો તેને ભેગું કરીએ તો સાગર પણ ભરાઈ જાય. તારાં જન્મ-મરણનાં દુ:ખથી માતાઓનાં આંસુઓથી જ સાગર ભરાઈ જાય. આ પ્રકારે તેં આ અનંત સંસાર સાગરમાં એટલાં જન્મ કર્યાં છે કે તેનાં વાળ, નખ, નાળ અને અસ્થિને જો કોઈ ભેગાં કરે તો સુમેરુ પર્વતથી પણ મોટો ઢગલો થઈ જાય.[૧]

હે આત્મન્! તેં આત્મભાવરહિત થઈને ત્રણ લોકમાં જળ, સ્થળ, અગ્નિ, પવન, પર્વત, નદી, વૃક્ષ, વન વગેરે સ્થાનોમાં સર્વદુ:ખોસહિત સર્વત્ર નિવાસ કર્યો. સર્વ પુદ્દગલોનું વારંવાર ભક્ષણ કર્યું, છતાં પણ તૃપ્તિ ન થઈ. આમ તૃષ્ણાથી પીડિત થઈને ત્રણલોકનું સમસ્ત જળ પીધું, છતાં તૃષ્ણા શાંત ન થઈ તેથી, હવે સમસ્ત વાતોનો વિચાર કરી, ભાવને સમાપ્ત કરવાવાળાં રત્નત્રયનું ચિંતન કર.[૨]

હે ધીર! તેં અનંત ભવસાગરમાં અનેકવાર ઉત્પન્ન થઈને અપરિમિત શરીર ધારણ કર્યાં અને છોડયાં છે, જેમાં મનુષ્યગતિમાં વિષભક્ષણાદિ અને તિર્યંચગતિમાં હિમપાતાદિ દ્વારા કુમરણને પ્રાપ્ત થઈ મહાદુ:ખ ભોગવ્યાં છે. નિગોદમાં તો એક અંતર્મુહૂર્તમાં છાસઠ હજાર ત્રણસો છત્રીસ વાર જન્મ - મરણ કર્યાં છે.[3]

---------------------------------------------------------------

૧. ભાવપાહુડ, ગાથા ૧૭ થી ૨૦

૨. ભાવપાહુડ, ગાથા ૨૧ થી ૨૩

3. ભાવપાહુડ, ગાથા ૨૪ થી ૨૯

હે જીવ! તેં રત્નત્રયનાં અભાવમાં, દુ:ખમય સંસારમાં અનાદિકાળથી ભ્રમણ કર્યું છે; તેથી હવે તું આત્માના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ રત્નત્રયની પ્રાપ્તિ કર, જેથી તારું મરણ, કુમરણ ન બનીને સુમરણ બની જાય. અને તને શીઘ્ર શાશ્વત સુખની પ્રાપ્તિ થાય.[૧]

હવે આચાર્ય ભાવરહિત માત્ર દ્રવ્યલિંગ ધારણ કર્યાં બાદ થયેલાં દુ:ખોનું વર્ણન કરે છે.

હે મુનિવર! ત્રણ લોકમાં કોઈ સ્થળ એવું બાકી નથી કે, જ્યાં તે દ્રવ્યલિંગ ધારણ કરી જન્મ - મરણ ધારણ ન કર્યાં હોય. ન તો કોઈ એવું પુદ્ગલ બચ્યું છે, જેને તેં ગ્રહણ કરીને છોડ્યાં ન હોય; તો પણ તારી મુક્તિ થઈ નથી, પરંતુ ભાવલિંગ ન હોવાથી અનંતકાલ સુધી જન્મ - જરા આદિથી પીડિત હોવાના કારણે દુ:ખોને જ ભોગવ્યાં છે.[૨]

હે મહાયશ! વધારે શું કહીએ, આ મનુષ્યનાં શરીરમાં એક - એક અંગુલમાં ૯૬ - ૯૬ રોગ હોય છે, તો સંપૂર્ણ શરીરનાં રોગોનું તો શું કહેવું? પૂર્વભવમાં આ સમસ્ત રોગોથી પરાધીન થઈને તેં સહન કર્યું છે અને આગળ પણ સહન કરીશ.[3]

હે મુનિ! તેં માતાના મહા અપવિત્ર ગર્ભમાં રહી, ત્યાં માતાના ઉચ્છિષ્ટ (એઠાં) ભોજનથી બનેલાં રસરૂપી આહારને ગ્રહણ કર્યાં છે. ત્યાર

---

૧. ભાવપાહુડ, ગાથા ૩૦ થી ૩૨

૨. ભાવપાહુડ, ગાથા ૩૩ થી ૩૬

3. ભાવપાહુડ, ગાથા ૩૭ થી ૩૮

બાદ બાળ અવસ્થામાં અજ્ઞાનવશ અપવિત્ર સ્થાનમાં રહી, અપવિત્ર વસ્તુમાં રહીને અપવિત્ર વસ્તુઓને જ ખાધી છે.[૧]

હે મુનિ! આ દેહરૂપ ઘટમાં માંસ, હાડકાં, શુક્ર (વીર્ય), રુધિર (લોહી), પિત્ત (ઉષ્ણ વિકાર), આંતરડાં, ખસીર (રુધિરથી મળેલું અપક્વ મળ) વસા (મેદ) અને પૂય (ખરાબ લોહી) - આ સર્વે મલિન વસ્તુઓથી પૂરો ભરેલો છે, જેમાં તું આસક્ત થઈને અનંતકાળ સુધી દુ:ખ ભોગવી રહ્યો છે.[૨]

આચાર્યદેવ આગળ સમજાવતાં કહે છે કે હે ધીર! જે કુટુંબાદિથી મુક્ત થયેલો છે તે મુક્ત નથી. પણ જે અભ્યંતરની વાસના છોડીને ભાવોથી મુક્ત થાય છે, તેને મુક્ત કહે છે; તેથી એવું જાણીને અભ્યંતરની વાસનાને છોડ.[3]

ભૂતકાળમાં એવાં ઘણાં મુનિ થયા કે જેમણે દેહાદિ પરિગ્રહ છોડીને નિર્ગ્રંથ રૂપ ધારણ તો કર્યું, પણ માનાદિકને છોડ્યાં નહીં; તેથી તેમને સિદ્ધિની પ્રાપ્તિ ન થઈ. જ્યારે નિર્માન થયાં, ત્યારે મુક્તિની પ્રાપ્તિ થઈ.

જેમકે બાહુબલી,[૪] મધુપિંગલ,[૫] વસિષ્ઠ[૬] આદિ નિદાનવશ ભાવશ્રમણતાને પ્રાપ્ત ન થયાં, તપ કર્યું તેમ છતાં મુક્તિ ના મળી.

---------------------------------------------------------------

(૧) ભાવપાહુડ, ગાથા ૩૯ થી ૪૧

(૨) ભાવપાહુડ, ગાથા ૪૨

(3) ભાવપાહુડ, ગાથા ૪3

---------------------------------------------------------------

(૪) બાહુબલી :- બાહુબલીએ મોટાભાઇ ભરતની આધીનતાને સ્વીકારી નહીં. ફળસ્વરૂપે બંનેમાં યુદ્ધ થયું. જળયુદ્ધ, મલ્લયુદ્ધ, દ્રષ્ટિયુદ્ધ – ત્રણેય યુદ્ધોમાં બાહુબલીનો વિજય થયો; પરંતુ આ ભાઈ-ભાઈના યુદ્ધથી વિરક્ત થઈ બાહુબલીએ નિર્ગ્રંથ દીક્ષા લીધી અને કાયોત્સર્ગ યોગથી એક વર્ષ સુધી ઊભા રહીને તપસ્યા કરી, તો પણ મુક્તિની પ્રાપ્તિ ન થઈ. કહેવાય છે કે તેમના મનમાં માયા કષાયની કલુષતા વિદ્યમાન હતી. જ્યારે આ કલુષતા દૂર થઈ, ત્યારે તેમને કેવળજ્ઞાન થયું.

(૫) મધુપિંગલ :- રાજા મધુપિંગલ અને રાજા સગર બંને રાજકુમારી સુલસાના સ્વયંવરમાં ગયા હતા. ત્યાં રાજા સગરના મંત્રીએ કપટથી નવું સામુદ્રિક શાસ્ત્ર બનાવીને કહ્યું કે પિંગળ નેત્રવાળાં (ભૂરી આંખ) વરને કન્યા વરશે તો તે મરણને પ્રાપ્ત થશે. એવું જાણીને રાજા મધુપિંગલના નેત્રોનો પિંગળ વર્ણ જાણીને રાજકુમારીએ સગર રાજાને વરમાળા પહેરાવી. આ ઘટનાથી વિરક્ત થઈને મધુપિંગલ નિર્ગ્રંથ દીક્ષા ધારણ કરી કઠોર તપ કરવાં લાગ્યાં, ત્યારબાદ સગરના મંત્રીનું કપટ જાણી લીધાં બાદ નિદાન કર્યું કે મારાં તપનું ફળ એ મળે કે હું આગલા જન્મમાં સગરના કુળને નિર્મૂળ કરું, તેથી તે મરીને મહાકાલાસુર નામનાં દેવ થયાં. આમ સ્પષ્ટ છે કે મધુપિંગલ મુનિના નિદાન માત્રથી ભાવ બગડી જવાનાં કારણે મુક્તિને પ્રાપ્ત ન કરી શક્યાં.

---------------------------------------------------------------

(૬) વસિષ્ઠ :- એક સમયે વસિષ્ઠ નામનાં તપસ્વી પંચાગ્નિ તપ કરી રહ્યાં હતાં, તે સમયે ગુણભદ્ર અને વીરભદ્ર નામનાં બે ચારણ ઋદ્ધિધારી મુનિઓએ તેમને સંબોધ્યાં કે તમે જે તપ કરો છો, તેમાં હિંસા છે. ત્યારે તે

પ્રગટ હિંસા દેખી તેને ત્યાગીને તે મુનિઓ પાસે નિર્ગ્રંથ દીક્ષા લીધી અને ઉગ્ર તપ કર્યું. ત્યારબાદ મથુરામાં આવીને માસોપવાસ કર્યાં. ત્યાંના રાજા ઉગ્રસેનને ભક્તિવશ વિચાર આવ્યો કે હું એમને પારણું કરાવીશ, તેથી નગરમાં ઘોષણા કરાવી કે આ મુનિને કોઈ આહાર ન આપે, જ્યારે મુનિ પારણાના દિવસે નગરમાં આવ્યાં તો અગ્નિનો ઉપદ્રવ દેખી અંતરાય જાણી પાછાં ચાલ્યાં ગયાં. અને ફરીથી માસોપવાસ કર્યાં. ફરીથી જ્યારે પારણાના દિવસે નગરમાં આવ્યાં ત્યારે હાથીનો ક્ષોભ દેખી અંતરાય જાણી પાછાં ચાલ્યાં ગયા. ફરીથી માસોપવાસ કરીને પારણાના દિવસે નગરમાં આવ્યાં ત્યારે રાજા જરાસંઘનો પત્ર આવવાથી રાજા ઉગ્રસેનનું ચિત્ત વ્યગ્ર હતું, તેથી મુનિને પડગાહન કર્યું નહીં, ત્યારે અંતરાય જાણી વનમાં પાછા જતાં લોકોનાં વચન સાંભળ્યાં કે રાજા પોતે આપતાં નથી અને અન્ય આપનારને મના કરે છે. આ સાંભળી વસિષ્ઠ મુનિએ રાજા પર ક્રોધ કરી નિદાન કર્યું કે હું આ રાજાનો પુત્ર થઈ રાજાનો નિગ્રહ કરી રાજ કરું - એવું મારા તપનું ફળ મળે, તેથી ક્રોધવશ નિદાનસ્વરૂપ તપ વ્યર્થ ગયું, અને મુક્તિની પ્રાપ્તિ ન થઈ.

દ્રવ્યલિંગી ઉગ્ર તપ કરીને અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત તો કરી લે છે, પરંતુ ક્રોધાદિ ઉત્પન્ન થવાનાં કારણે તેમને તે ઋદ્ધિઓ સ્વ-પરનાં વિનાશનું કારણ જ થાય છે. જેમકે બાહુ[૧] અને દ્વીપાયન[૨] મુનિ.

---------------------------------------------------------------

(૧) બાહુ :- કુંભકારટક નગરમાં દંડક નામના રાજા હતા, તેમના મંત્રીનું નામ બાળક હતું. એક વાર ત્યાં અભિનંદન આદિ ૫૦૦ મુનિઓ આવ્યા, તેમાંથી ખંડક નામના મુનિએ બાલક મંત્રીને વાદમાં જીતી લીધા, ત્યારે મંત્રીએ ક્રોધી થઈને એક બહુરૂપીયાને મુનિનો વેષ ધારણ

કરાવી દંડક રાજાની રાણી સુવ્રતાની સાથે ક્રીડા કરતાં રાજાને દેખાડયાં અને કહ્યું કે રાજાને એટલી ભક્તિ છે કે, પોતાની સ્ત્રી પણ દિગંબર મુનિને ક્રીડા કરવા માટે આપી છે, ત્યારે રાજા ક્રોધિત થઈને બધાં મુનીઓને ઘાણીમાં પીલાવ્યાં. તે સર્વ મુનિ ઉપસર્ગ સહીને પરમસમાધિને ધારણ કરી સિદ્ધપદને પ્રાપ્ત થયાં.

કાળાંતરે ત્યાં બાહુ નામના મુનિ આવ્યાં, ત્યારે નગરવાસીઓએ સઘળો વૃત્તાંત જણાવતાં મુનિને ત્યાં જવાની મનાઈ કરી. લોકોનાં આ વચનોથી મુનિને ક્રોધ ઉત્પન્ન થયો તથા અશુભ તેજસ સમુદ્દઘાતથી રાજા, મંત્રી, સંપૂર્ણ નગર તેમજ પોતે પણ તેમાં ભસ્મ થઈ ગયા. રાજા, મંત્રી અને બાહુ મુનિ બધાં સાતમી નરકે ગયાં.

આ પ્રમાણે દ્રવ્યલિંગમાં ભાવના દોષથી ઉપદ્રવ થાય છે તેથી ભાવલિંગનો જ મુખ્યપણે ઉપદેશ છે.

(૨) દ્વીપાયન :- 'દ્વીપાયન મુનિ દ્વારા ૧૨ વર્ષ પછી દ્વારિકા ભસ્મ થશે, તેમાં દારૂ નિમિત્ત થશે.' - એવું જાણીને રાજાએ આખા નગરમાં મદ્યનિષેધની ઘોષણા કરાવી અને દ્વીપાયન મુનિ પણ મુનિદીક્ષા ધારણ કરી દેશાંતર (ગમન) કરી ગયા. ૧૨ વર્ષ બાદ દ્વારિકાની બહાર દ્વીપાયન મુનિ તપ કરવા લાગ્યાં. ત્યાં થોડાં છોકરાઓ ક્રીડાં કરતાં કરતાં કુડમાંનાં દારૂને જળ સમજી મદ્યપાન કરી ગયાં અને ઉન્મત્ત થઈ દ્વીપાયન મુનિ પર પથ્થરોથી પ્રહાર કરવાં લાગ્યાં, અને કહ્યું કે આ દ્વીપાયન મુનિ છે, જે આપણી દ્વારિકા ભસ્મ કરશે. તેમનાં પ્રહારોથી દ્વીપાયન મુનિ જમીન પર પડી ગયાં અને તેમને ક્રોધ ઉત્પન્ન થયો, અને તેમનાં નિમિત્તે દ્વારિકા બળીને ભસ્મ થઈ ગઈ. દ્વીપાયન મુનિ ભાવશુદ્ધિ વગર સિદ્ધિની પ્રાપ્તિ ન કરી શક્યાં.

------------------------------------------------------------

(૧) શિવભૂતિ :-

શિવભૂતિ નામનાં મુનિએ ગુરુ સમક્ષ સમસ્ત શાસ્ત્ર ભણ્યાં, પરંતુ કશું સમજાયું નહોતું. ત્યારે ગુરુએ તેને અલ્પબુદ્ધિ જાણીને ભણાવ્યું કે "મા રુષ મા તુષ" અર્થાત્ રાગ-દ્વેષ ન કરવાથી જ સર્વસિદ્ધિ થાય છે. તેથી શિવભૂતિ મુનિ તેનું રટણ કરવાં લાગ્યાં; પરંતુ આ વાક્ય પણ તેમને શુદ્ધ રીતે યાદ ન રહ્યું અને તેઓ "તુષમાષ" રટતાં રટતાં વિહાર કરવા લાગ્યાં. રસ્તામાં અડદની દાળ ધોઈ રહેલી એક સ્ત્રીને કોઈ વ્યક્તિએ પૂછ્યું :- "તમે શું કરો છો?" તેણે કહ્યું :- "તુષ - માષ જુદા જુદા કરી રહી છું." - આ સાંભળી મુનિને ભેદવિજ્ઞાન થઈ ગયું. તેમણે વિચાર્યું કે આ શરીર તુષ છે અને આત્મા માષ છે, તે બંને ભિન્ન - ભિન્ન છે. આવું ભેદજ્ઞાન થતાં જ તેઓ આત્માના અનુભવમાં લીન થઈ ગયા અને કર્મોનો નાશ કરી મુક્તિની પ્રાપ્તિ કરી.

-------------------------------------------------------------------

૧. ભાવપાહુડ, ગાથા ૫૪ થી ૫૫.

૨. ભાવપાહુડ, ગાથા ૫૬ થી ૬૧.

આ પ્રકારે ભાવશુદ્ધિ વગર અગિયાર અંગનું જ્ઞાન પણ વ્યર્થ છે; પરંતુ જો શાસ્ત્રોનું જ્ઞાન ન હોય અને ભાવોની વિશુદ્ધતા હોય તો આત્માનુભવ હોવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. જેમકે - શિવભૂતિ[૧] મુનિ.

ઉપર્યુક્ત ઉદાહરણોથી સ્પષ્ટ છે કે ભાવરહિત નગ્નત્વ અકાર્યકારી છે. ભાવસહિત દ્રવ્યલિંગમાં જ કર્મપ્રકૃતિનાં સમૂહનો નાશ થાય છે. હે ધીર મુનિ ! આમ જાણીને તારે આત્માની જ ભાવના કરવી જોઈએ.[૨]

જે મુનિ દેહાદિક પરિગ્રહ અને માનકષાયથી રહિત થઈ આત્મામાં લીન થાય છે, તે ભાવલિંગી છે, ભાવલિંગી મુનિ વિચારે છે કે હું પરદ્રવ્ય અને પરભાવોથી મમત્વને છોડું છું. મારો સ્વભાવ મમત્વરહિત છે. તેથી હું અન્ય બધાં અવલંબનોને છોડીને આત્માનું જ અવલંબન ગ્રહું છું. જ્ઞાન, દર્શન, ચારિત્ર, પ્રત્યાખ્યાન, સંવર, યોગ - આ બધાં ભાવ અનેક હોવા છતાં એક આત્મામાં જ છે. સંજ્ઞા, સંખ્યાદિનાં ભેદથી જ તેમને ભિન્ન - ભિન્ન કહેવામાં આવે છે. હું તો જ્ઞાન - દર્શન સ્વરૂપ શાશ્વત આત્મા જ છું. બાકી બધાં સંયોગીભાવ પરદ્રવ્ય છે, મારાંથી ભિન્ન છે. માટે હે આત્મન્ ! તું જો ચાર ગતિથી છૂટીને શાશ્વત સુખને ઇચ્છતો હોય તો ભાવોથી શુદ્ધ થઈ અતિ નિર્મળ આત્માનું ચિંતન કર. જે જીવ એવું કરે છે, તેને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.[૧]

જીવ અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, અશબ્દ, અલિંગગ્રહણ, અનિર્દિષ્ટ - સંસ્થાન અને ચેતના ગુણવાળો છે.[૨] ચૈતન્યમયી જ્ઞાનસ્વભાવી જીવની ભાવના કર્મક્ષયનું કારણ થાય છે.[3]

ભાવની મહિમા બતાવતાં આચાર્ય કહે છે કે શ્રાવકત્વ અને મુનિત્વના કારણભૂત ભાવ જ છે. ભાવસહિત દ્રવ્યલિંગથી જ કર્મોનો નાશ થાય છે, ભાવ રહિત પઠન – પાઠન, અધ્યયન – મનનથી કંઇ પણ સિદ્ધિ થતી નથી; કારણ કે જો નગ્નત્વથી કાર્યસિદ્ધિ હોત તો નારકી, પશુ વગેરે

---

૧. ભાવપાહુડ, ગાથા ૬૪.

૨. ભાવપાહુડ, ગાથા ૬૨.

૩. ભાવપાહુડ, ગાથા ૬૯ થી ૭૦

બધાં જીવસમૂહને નગ્નત્વનાં કારણે મુક્તિ પ્રાપ્ત થવી જોઈએ; પરંતુ એમ થતું નથી, ઉલટું તેઓ મહાદુ:ખી જોવા મળે છે. તેથી સ્પષ્ટ છે કે ભાવરહિત નગ્નત્વથી દુ:ખોની જ પ્રાપ્તિ થાય છે, સંસારમાં જ ભ્રમણ થાય છે.

બાહ્યમાં નગ્ન મુનિ પૈશૂન્ય (બીજાનાં દોષ કહેવાનો સ્વભાવ), હાસ્ય, માયા વગેરે કાર્યોથી મલિન થતો થકો સ્વયં અપયશને પ્રાપ્ત થાય છે તેમ જ વ્યવહાર ધર્મની પણ હાંસી-મજાક કરે છે; માટે અભ્યંતર ભાવદોષોથી અત્યંત શુદ્ધ થઈને જ નિર્ગ્રંથ બાહ્યલિંગ ધારણ કરવું જોઈએ.[૧]

ભાવરહિત દ્રવ્યલિંગીની નિરર્થકતા બતાવતાં આચાર્ય કહે છે કે જે મુનિમાં ધર્મનો વાસ નથી, પરંતુ દોષોનો આવાસ છે, તેઓ તો ઇક્ષુફળ (શેરડી) સમાન છે, જેમાં ન તો મુક્તિરૂપી ફળ પ્રગટે છે, ન તો રત્નત્રયરૂપ ગંધાદિક ગુણ જોવા મળે છે, વધારે શું કહીએ, તેઓ તો નગ્ન થઈને પણ નાચવાવાળા બહુરૂપીયા સમાન જ છે.[૨]

તેથી હે આત્મન્ ! પહેલાં મિથ્યાત્વાદિ અભ્યંતર દોષોને છોડી, ભાવદોષોથી અત્યંત શુદ્ધ થઈ, બાહ્ય નિર્ગ્રંથ લિંગ ધારણ કરવું જોઈએ.[3]

ભાવ જ સ્વર્ગ-મોક્ષનું કારણ છે. વિદ્યાધર, દેવ અને મનુષ્ય દ્વારા સંસ્તુત (સ્તુતિમય) સુભાવોથી જ ચક્રવર્તી વગેરેની વિપુલ લક્ષ્મી પ્રાપ્ત કરે છે તેમ જ રત્નત્રયાત્મક મુક્તિમાર્ગને પણ પામે છે.

---

૧. ભાવપાહુડ, ગાથા ૭૧      ૨. ભાવપાહુડ, ગાથા ૭3

3. ભાવપાહુડ, ગાથા ૭૮ અને ૭૯.

ભાવ ત્રણ પ્રકારનાં છે - શુભ, અશુભ અને શુદ્ધ. ધર્મધ્યાન શુભ છે, આર્ત અને રૌદ્રધ્યાન અશુભ છે અને શુદ્ધભાવ તો આત્માનું સ્વરૂપ જ છે, માટે તેને જ ગ્રહણ કરવો જોઈએ.

જેમનું મિથ્યાત્વ નષ્ટ થઈ ગયું છે, માનાદિ કષાયો પણ મુખ્યરૂપે સમાપ્ત થઈ ગઈ છે - એવા ઇંદ્રિયોથી વિરક્ત, સમચિત્ત (સામ્ય) શ્રમણ સોલહકારણ ભાવના ભાવીને અલ્પ સમયમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ કરીને નિર્વાણને પ્રાપ્ત થાય છે.[૧]

ઉપદેશ આપતાં આચાર્ય કહે છે કે હે મુનિપ્રવર ! તું મન - વચન - કાયાથી બાર પ્રકારનાં તપ અને તેર પ્રકારની ક્રિયાઓ કર તથા જ્ઞાનરૂપી અંકુશથી મનરૂપી મતવાલા હાથીને વશમાં કર.

શુદ્ધ જિનલિંગનું સ્વરૂપ બતાવતાં આચાર્ય કહે છે કે શુદ્ધાત્માનુભવપૂર્વક ધારણ કરેલાં બાહ્ય વસ્ત્રાદિત્યાગ, ભૂમિશયન વગેરે વેષ જ જિનલિંગ છે, આ જ મોક્ષનું કારણ છે.[૨]

પૂજાદિ તેમજ વ્રત સહિત પરિણામ પુણ્ય છે અને મોહથી રહિત આત્માના પરિણામ ધર્મ છે. અજ્ઞાનીઓનું પુણ્ય ભોગનું નિમિત્ત છે, કર્મક્ષયનું નહીં. કર્મક્ષયનો હેતુ ધર્મ છે, ધર્મસ્વરૂપ આત્માનું જ શ્રદ્ધાન, જ્ઞાન અને ધ્યાન કરવું જોઈએ.[3]

શુદ્ધાત્માની ભાવનાથી રહિત મુનિઓ દ્વારા કરેલાં બાહ્ય પરિગ્રહનો ત્યાગ, ગિરિ (પર્વત) – કંદરાદિમાં આવાસ, જ્ઞાન, અધ્યયન વગેરે

---

૧. ભાવપાહુડ, ગાથા ૮૧

૨. ભાવપાહુડ, ગાથા ૮૩ થી ૮૫.

૩. ભાવપાહુડ, ગાથા ૮૯ થી ૯૩.

બધી ક્રિયાઓ નિરર્થક છે. માટે હે મુનિ! લોકનું મનોરંજન કરવાવાળા માત્ર બાહ્ય વેષને જ ધારણ ન કર, ઇંદ્રિયોની સેનાનું ભંજન કર, વિષયોમાં ન રમ, મનરૂપી વાંદરાને વશમાં કર, મિથ્યાત્વ અને નોકષાયોને ભાવશૂદ્ધિપૂર્વક છોડ, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કર, જિનશાસ્ત્રોને સારી રીતે સમજી શુદ્ધભાવની ભાવના કર, જેનાથી તને ક્ષુધા - તૃષાદિક વેદનાથી રહિત ત્રિભુવન - ચૂડામણિ સિદ્ધત્વની પ્રાપ્તિ થશે.[૧]

હે મુનિ! તું બાવીસ પરિષહોને સહન કર, બાર ભાવનાઓ ભાવ, ભાવશુદ્ધિ માટે નવપદાર્થ, સાત તત્વ, ચૌદ જીવ સમાસ, ચૌદ ગુણસ્થાન વગેરેનાં નામ – લક્ષણાદિપૂર્વક ભાવના કર; દશ પ્રકારનાં અબ્રહ્મચર્યને છોડીને નવ પ્રકારનાં બ્રહ્મચર્યને પ્રગટ કર. આ પ્રકારે ભાવપૂર્વક દ્રવ્યલિંગી મુનિ જ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપને પ્રાપ્ત કરે છે, ભાવરહિત દ્રવ્યલિંગી તો ચારે ગતિઓમાં અનંત દુ:ખોને ભોગવે છે.[૨]

હે મુનિ! તેં અનાદિકાળથી અશુદ્ધ ભાવોપૂર્વક અતિચાર સહિત કંદમૂળાદિ સચિત્ત ભોજન, સચિત્ત પાણી વગેરેનું સેવન કર્યું, જેનાથી તેં અનંત સંસારમાં ભ્રમણ કરતાં અસંખ્ય દુ:ખોને ભોગવ્યાં.[3]

હે મહાયશ ! ઉક્ત બધાં દુ:ખોનો વિચાર કરી તું હવે ગુરૂજનો પ્રત્યે પાંચ પ્રકારનાં વિનય અને દશ પ્રકારની વૈયાવૃત્ય કર, પોતાનાં દોષોને છૂપાવ્યા વગર ગુરુ સમક્ષ પ્રગટ કર, બીજાનાં કડવાં વચનોને સહન કર;

---

૧. ભાવપાહુડ, ગાથા ૯૪ થી ૧૦૦.

૨. ભાવપાહુડ, ગાથા ૧૦૧ થી ૧૦૩.

3. ભાવપાહુડ, ગાથા ૧૦૪ થી ૧૦૯.

કારણ કે ક્ષમાધારી મુનિ જ સમસ્ત પાપોનો ક્ષય કરે છે.

હે ક્ષમાધારી મુનિ! આ પ્રકારે જાણીને મન-વચન-કાયાથી સમસ્ત જીવો પ્રત્યે સંચિત ક્રોધાગ્નિને ક્ષમારૂપી જળ વડે શાંત કરો.[૧]

હે મુનિ! તું સંસારને અસાર જાણીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે નિર્મળ સમ્યગ્દર્શન સહિત દીક્ષા લેવાની ભાવના કર, ભાવોથી શુદ્ધ થઈ બાહ્ય લિંગ ધારણ કર, ઉત્તમ ગુણોનું પાલન કર. જીવ, અજીવ, આસ્રવ, બંધ, અને સંવર તત્વનું ચિંતન કર, મન-વચન–કાયાથી શુદ્ધ થઈ આત્માનું ચિંતન કર કારણ કે જ્યાંસુધી વિચારણીય જીવાદિ તત્વોનો વિચાર નહીં કરે, ત્યાં સુધી અવિનાશી પદની પ્રાપ્તિ નહીં થાય.[૨]

હે મુનિવર! પાપ-પુણ્ય બંધાદિનું કારણ પરિણામ જ છે. મિથ્યાત્વ. કષાય. અસંયમ અને યોગરૂપ ભાવોથી પાપનો બંધ થાય છે. મિથ્યાત્વરહિત સમ્યગ્દ્રષ્ટિ જીવ પુણ્યને બાંધે છે; તેથી તમે એવી ભાવના કરો કે હું જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી આચ્છાદિત છું, હું તેને સમાપ્ત કરી નિજસ્વરૂપને પ્રગટાવીશ. વધારે શું કહેવું? તું પ્રતિદિન શીલ અને ઉત્તર ગુણોના ભેદ-પ્રભેદોનું ચિંતન કર.[3]

હે મુનિ! ધ્યાનથી મોક્ષ થાય છે, તેથી તમે આર્ત-રૌદ્ર ધ્યાનને છોડી ધર્મ અને શુક્લધ્યાનને ધારણ કરો. દ્રવ્યલિંગીને ધર્મ અને શુક્લધ્યાન

---

૧. ભાવપાહુડ, ગાથા ૧૧૦ થી ૧૧૫.

૨. ભાવપાહુડ, ગાથા ૧૧૬ થી ૧૨૦.

૩. ભાવપાહુડ, ગાથા ૧૨૧ થી ૧૨૩.

હોતાં નથી, તેથી તેઓ સંસારરૂપી વૃક્ષને કાપવાં માટે સમર્થ નથી. જે મુનિના મનમાં રાગરૂપ પવનથી રહિત ધર્મરૂપી દીપક પ્રગટે છે, તે જ આત્માને પ્રકાશિત કરે છે, તેઓ સંસારરૂપી વૃક્ષને ધ્યાનરૂપી કુહાડીથી કાપે છે.[૧]

જ્ઞાનનું એકાગ્ર થવું જ ધ્યાન છે. ધ્યાન દ્વારા કર્મરૂપી વૃક્ષ દગ્ધ (ભસ્મ) થઈ જાય છે, જેનાથી સંસારરૂપી અંકુર ઉત્પન્ન થતાં નથી; માટે ભાવશ્રમણ તો સુખોની પ્રાપ્તિ કરી તીર્થંકર અને ગણધર વગેરે પદને પ્રાપ્ત કરે છે, પરંતુ દ્રવ્યશ્રમણ દુ:ખોને જ ભોગવે છે; માટે ગુણ-દોષોને જાણી તમે ભાવસહિત સંયમી બનો.[૨]

સંતો પ્રત્યે આદર પ્રદર્શિત કરતાં આચાર્ય કહે છે કે હું મન-વચન-કાયાથી દર્શન-જ્ઞાન-ચારિત્રમય ભાવસહિત શ્રમણને નમસ્કાર કરું છું.[3]

ભાવશ્રમણ વિદ્યાધરાદિની ઋદ્ધિઓને ઇચ્છતાં નથી, ન તો તેઓ મનુષ્ય – દેવાદિનાં સુખોની વાંછા કરે છે. તેઓ ઇચ્છે છે કે હું શીઘ્રાતિશીઘ્ર આત્મહિત કરું.[૪]

ઉપદેશ આપતાં આચાર્ય કહે છે કે હે મુનીશ્વર! તમે છકાયના જીવોની દયા કરો, છ અનાયતનોને ત્રિયોગ વડે છોડો, પારિણામિક ભાવરૂપ મહાસત્વની ભાવના કરો.[૫]

---

૧. ભાવપાહુડ, ગાથા ૧૨૪ થી ૧૨૮.　　૨. ભાવપાહુડ, ગાથા ૧૨૯

3. ભાવપાહુડ, ગાથા ૧30 થી ૧3૨.

૪. ભાવપાહુડ, ગાથા ૧33 થી ૧3૪.　　૫. ભાવપાહુડ, ગાથા ૧3૬

હે મહાયશ! તેં પોતાનાં સુખ માટે અનંત જીવોની હિંસા કરી, જેનાથી તું ચોરાશી લાખ યોનિમાં રખડ્યો; માટે હવે ત્રિયોગપૂર્વક તેનાથી વિરત થઈ જીવોને અભયદાન આપો.[૧]

હે ધીર! જે પ્રકારે ગોળ મિશ્રિત દૂધ પીવા છતાં પણ સાપ વિષ રહિત નથી થતો, તે પ્રકારે અભવ્ય જીવ જિનધર્મ સાંભળીને પણ પોતાથી દુર્મતથી આચ્છાદિત બુદ્ધિને નથી છોડતો, તે મિથ્યાધર્મથી યુક્ત રહેતો થકો મિથ્યાધર્મનું પાલન કરે છે. અજ્ઞાન તપ કરે છે, જેના વડે દુર્ગતિને પ્રાપ્ત કરી સંસારમાં ભ્રમણ કરે છે; માટે તું ૩૬૩ પાખંડીઓનાં માર્ગને છોડીને જિનધર્મમાં મન લગાવ.[૨]

સમ્યગ્દર્શનની મહિમાનું વર્ણન કરતાં આચાર્ય કહે છે કે જે પ્રકારે લોકમાં જીવરહિત શરીરને 'શબ' (મડદું) કહેવાય છે, તેવી જ રીતે  સમ્યગ્દર્શન રહિત પુરુષ 'ચલશબ' (હાલતું-ચાલતું મડદું) છે. જેવી રીતે શબ લોકમાં અપૂજ્ય હોય છે તેવી રીતે સમ્યગ્દર્શનરહિત પુરુષ લોકોત્તર માર્ગમાં (સમ્યગ્દ્રષ્ટિઓમાં) અપૂજ્ય હોય છે. મુનિ અને શ્રાવકધર્મોમાં સમ્યકત્વની જ વિશેષતા છે. જેમ તારાઓનાં સમૂહમાં ચંદ્રમા સુશોભિત હોય છે; તેમ જિનભક્તિસહિત નિર્મળ સમ્યગ્દર્શનથી યુક્ત તપ-વ્રતાદિથી નિર્મળ જિનલિંગ સુશોભિત હોય છે.[૩]

આમ સમ્યકત્વના ગુણ અને મિથ્યાત્વના દોષોને જાણી ગુણરૂપી રત્નોનો સાર, મોક્ષમહેલનું પ્રથમ પગથિયું સમ્યગ્દર્શનને ભાવપૂર્વક ધારણ કરવું જોઈએ.

--------------------------------------------------------------

૧. ભાવપાહુડ, ગાથા ૧૩૭ થી ૧૪૨.

૨. ભાવપાહુડ, ગાથા ૧૪૩ થી ૧૪૬.

૩. ભાવપાહુડ, ગાથા ૧૪૮ થી ૧૫૨.

જે ભવ્ય જીવ જિનાજ્ઞા અનુસાર આચરણ કરે છે, તેમને ચાર ઘાતિકર્મોનો નાશ થઈ અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે, જેમને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે, તે કર્મરહિત જ્ઞાનીને શિવ, પરમેષ્ઠી, સર્વજ્ઞ, વિષ્ણુ, ચતુર્મુખ, બુદ્ધ, આત્મા, પરમાત્મા વગેરે કહેવાય છે. આચાર્ય ભાવના કરે છે કે આમ ચાર ઘાતિકર્મોથી મુક્ત, અઢાર દોષોથી રહિત, ત્રિભુવનને પ્રકાશિત કરવાવાળાં પ્રકૃષ્ટ દીપક સમાન દેવ મને ઉત્તમ બોધિ પ્રદાન કરો.[૧]

જે પ્રકારે કમળનું પત્ર પોતાનાં સ્વભાવથી જ જળથી લેપાતું નથી, તે પ્રકારે સમ્યગ્દ્રષ્ટિ જીવ પણ પોતાનાં સ્વભાવથી જ વિષય-કષાયોમાં લેપાતાં નથી, આચાર્યદેવ કહે છે કે જે ભાવસહિત સંપૂર્ણ શીલ, સંયમાદિ ગુણોથી યુક્ત છે, તેને જ અમે મુનિ કહીએ છીએ, મિથ્યાત્વથી મલિન ચિત્તવાળા, બહુ દોષોનાં ધારી મુનિવેશધારી જીવ તો શ્રાવક જેવા પણ નથી.[૨]

જે ઇન્દ્રિયોનાં દમન અને ક્ષમારૂપી તલવાર વડે કષાયરૂપી પ્રબળ શત્રુને જીતે છે, ચારિત્રરૂપી ખડગ વડે પાપરૂપી સ્તંભને કાપે છે, વિષયરૂપી વિષના ફળોથી યુક્ત મોહરૂપી વૃક્ષ ઉપર ચઢી માયારૂપી વેલડીને જ્ઞાનરૂપી શસ્ત્ર વડે સંપૂર્ણપણે કાપે છે, મોહ, મદ, ગારવથી રહિત અને કરુણાભાવથી સહિત છે, તે મુનિ જ વાસ્તવિક ધીર - વીર છે. તે મુનિ જ ચક્રવર્તી, નારાયણ, અર્ધચક્રી, દેવ, ગણધરાદિનાં સુખોને

---

૧. ભાવપાહુડ, ગાથા ૧૪૮ થી ૧૫૨.

૨. ભાવપાહુડ, ગાથા ૧૫૩ થી ૧૫૫.

અને ચારણ ઋદ્ધિઓને પ્રાપ્ત કરે છે તથા પૂર્ણ શુદ્ધતા થવાથી અજર, અમર, અનુપમ, ઉત્તમ, અતુલ, સિદ્ધસુખને પણ પ્રાપ્ત કરે છે.[૧]

આચાર્ય પ્રાર્થના કરે છે કે ઉક્ત ત્રિભુવન-પૂજ્ય, શુદ્ધ, નિરંજન, નિત્ય સિદ્ધ ભગવાન મને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઉત્કૃષ્ટ શુદ્ધતા પ્રદાન કરો. વધારે શું કહેવું? ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને અન્ય બધાં કાર્ય શુદ્ધભાવમાં સ્થિત થવાથી જ સિદ્ધ થાય છે; માટે ભાવોની શુદ્ધતા પર જ ધ્યાન આપવું જોઈએ.

ભાવપાહુડનો ઉપસંહાર કરતાં આચાર્યદેવ કહે છે કે સર્વજ્ઞદેવ કથિત આ ભાવપાહુડને જે ભવ્યજીવ સમ્યક્ પ્રકારે ભણે છે, સાંભળે છે, ચિંતન કહે છે; તે અવિનાશી સુખનાં સ્થાન એવા મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

(૬) મોક્ષપાહુડ :-

૧૦૬ ગાથાઓનાં આ પાહુડમાં મોક્ષ અને મોક્ષનાં કારણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આત્માની અનંતસુખરૂપ સર્વોત્કૃષ્ટ દશા જ મોક્ષ છે; તેથી એમાં બહિરાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા - આત્માના આ ત્રણ રૂપોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બહિરાત્માપણું હેય, અંતરાત્માપણું ઉપાદેય અને પરમાત્માપણું પરમ ઉપાદેય છે.

* બહિરાત્મા :

ઇન્દ્રિયો દ્વારા જેનું મન આત્મસ્વરૂપથી ચ્યુત થઈ બાહ્ય પદાર્થોમાં સ્ફુરાયમાન છે અને જે ઇન્દ્રિયો અને શરીરને આત્મા જાણે છે, તે બહિરાત્મા જે પ્રકારે પોતાનાં શરીરને પોતાનો આત્મા જાણે છે, તે પ્રકારે પરના શરીરને પરનો આત્મા જાણે છે - માને છે; આ કારણે દેહનાં નિમિત્તે

---

૧. ભાવપાહુડ, ગાથા ૧૫૬ થી ૧૬૨.

જેનાથી સંબંધ થયા છે, તે સ્ત્રી-પુત્રાદિમાં મોહ-મમતા કરે છે અને આગામી ભવોમાં શરીરાદિ અને સ્ત્રી-પુત્રાદિનો સંયોગ ઇચ્છે છે.

* અંતરાત્મા :-

જ્યારે તે શરીરાદિકથી ભિન્ન આત્માને જ્ઞાનાનંદ સ્વભાવી જાણે છે, માને છે અને અનુભવ કરે છે, ત્યારે તેને અંતરાત્મા કહેવાય છે.

* પરમાત્મા :-

જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપી કર્મકલંકથી રહિત, અશરીરી, અતીન્દ્રિય, અનિંદિત વિશુદ્ધાત્મા[૧] છે, પરમપદમાં સ્થિત છે, પરમજિન છે, જેણે બધાં કર્મોને જીતી લીધાં છે, જે કલ્યાણકારી અને અવિનાશી છે, સિદ્ધ છે, જેમણે પોતાનાં સ્વરૂપની સિદ્ધિ કરી નિર્વાણપદને પ્રાપ્ત કરી લીધું છે; તે પરમાત્મા છે.

ઉપર્યુક્ત ત્રણેયમાંથી બહિરાત્માપણું છોડી અંતરાત્મા બની પરમાત્માનું ધ્યાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પરમાત્માપદની પ્રાપ્તિ કેવી રીતે થાય છે - તેનું વિસ્તારથી વર્ણન કરતાં આરંભમાં મુનિધર્મ અને ત્યારબાદ શ્રાવક ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

જે વ્યક્તિ સચિત્ત, અચિત્ત, મિશ્ર - ત્રણે પ્રકારનાં પરદ્રવ્યમાં રત છે, તે મિથ્યાદ્રષ્ટિ છે અને આઠ કર્મોને બાંધે છે.

---

૧. જેમનો આત્મા વિશેષરૂપે શુદ્ધ છે, જેમનાં જ્ઞાનમાં જ્ઞેયોનો આકાર ઝલકે છે; તો પણ તેઓ તે રૂપ નથી થતાં અને ન તો તેનાથી રાગ-દ્વેષ કરે છે, તેઓ વિશુદ્ધાત્મા છે.

વિકારરહિત, આઠ કર્મોથી રહિત, અનુપમ, જ્ઞાનશરીરી, અવિનાશી, કેવળજ્ઞાનમય આત્મા જ સ્વદ્રવ્ય છે. જે વ્યક્તિ આ આત્મામાં લીન છે, તે પરદ્રવ્યથી પરાંગમુખ છે, તે કર્મોનો શીઘ્ર નાશ કરે છે; તેથી જેઓ મોક્ષને ઇચ્છે છે, તેમણે નિજદ્રવ્યનું ધ્યાન કરવું જોઈએ, કારણ કે મોક્ષ - પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય આ જ છે.

ઉપર્યુક્ત ઉપાયો કરવાથી જે શુભભાવ થાય છે, તેનાથી સ્વર્ગાદિકની પ્રાપ્તિ થાય છે, પરંતુ મુમુક્ષુ (મોક્ષના ઇચ્છુક) ને તેની ઈચ્છા હોતી નથી; કારણ કે સ્વર્ગાદિકની પ્રાપ્તિ તો કાયક્લેશાદિક તપથી પણ થઈ જાય છે. સ્વર્ગાદિકમાં સુખ નથી, પરતું ક્ષણિક સુખાભાસ હોય છે. શાશ્વત સુખ તો એકમાત્ર આત્માનાં ધ્યાનથી જ થાય છે.

મિથ્યાત્વ, અજ્ઞાન, પાપ-પુણ્ય, ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ-મોહને મન–વચન-કાયાથી છોડી, મૌનવ્રત ધારણ કરી સ્વ-પરનો વિચાર કરવાથી ધ્યાન થાય છે. ધ્યાનથી કર્મનો આસ્રવ રોકાય છે, આગામી બંધ થતાં નથી, પૂર્વકર્મોની નિર્જરા થાય છે; ત્યારે મુક્તિની પ્રાપ્તિ થાય છે.

આત્માનુભૂતિ સંપન્ન મુનિ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રથી યુક્ત હોય છે.

(૬) મોક્ષ પાહુડ :-

જે દેખે તે દર્શન છે અથવા તત્વરુચિ જ સમ્યગ્દર્શન છે.[૧] જે જાણે તે જ્ઞાન છે અથવા તત્વનું ગ્રહણ જ જ્ઞાન છે.[૨] પુણ્ય - પાપનો પરિહાર ચારિત્ર છે.[3]

---------------------------------------------------------------------

૧. મોક્ષપાહુડ, ગાથા ૩૭, ૩૮ ૨. મોક્ષપાહુડ, ગાથા ૫૦, ૩૮

૩. મોક્ષપાહુડ, ગાથા ૩૭, ૪૨, ૫૦, ૭૨

આ પ્રકારે જે મુનિ રત્નત્રય સંયુક્ત થતો થકો મન - વચન – કાયાથી ત્રણે કાળોમાં યોગ ધારણ કરતો થકો શલ્ય[૧] અને દોષોથી રહિત થતો થકો પોતાની શક્તિ અનુસાર તપ કરે છે, તે શુદ્ધાત્માનું ધ્યાન કરતાં પરમપદને પ્રાપ્ત કરે છે.

જે જીવ વિષય - કષાયોમાં રત છે, રૌદ્રપરિણામી છે, હિંસાદિક અને વિષય – કષાયોમાં સહજ પ્રવૃત્તિ કરે છે, મુનિમુદ્રા જેમને સ્વપ્નમાં પણ નથી રુચતી (ગમતી); તેઓ અજ્ઞાની છે, સંસારમાં જ ભટકે છે. પરદ્રવ્યમાં રાગ - દ્વેષ[૨] કરતા એવાં અજ્ઞાની તીવ્ર તપ દ્વારા અનેક ભવોમાં જેટલાં કર્મોનો નાશ કરે છે, એટલાં કર્મો તો જ્ઞાની અંતર્મુહૂર્તમાં તેનો ક્ષય કરે છે.

રાગ ગમે તેવો હોય, બંધનું જ કારણ છે; માટે ભગવાન પ્રત્યે કરેલો રાગ પણ બંધનું જ કારણ છે, મુક્તિનું નહીં. આત્મસ્વભાવથી વિપરિત હોવાનાં કારણે રાગ હેય જ છે, બંધનું જ કારણ છે.

કેવળ ક્રિયામાત્રથી અથવા કેવળ જ્ઞાનમાત્રથી અથવા કેવળ વેષમાત્રથી સિદ્ધિ થતી નથી; પરંતુ જ્યારે જ્ઞાન - ચારિત્રમય હોય, તપ – દર્શનમય હોય, ત્યારે સિદ્ધિ થાય છે.

આત્માને જાણવું, માનવું અને વિષયોથી વિરક્ત થવું ઉત્તરોત્તર દુર્લભ છે; તેથી સુઅવસર (સુયોગ) મળે ત્યારે આહાર, આસન, નિદ્રાને જીતી દર્શન – જ્ઞાનમયી આત્માનું ધ્યાન નિત્ય કરવું જોઈએ; કારણ કે જ્યાં સુધી પરદ્રવ્યમાં લેશમાત્ર પણ પ્રવૃત્તિ છે, મન ઇંદ્રિયોના વિષયોમાં પ્રવર્તે છે,

----------------------------------------------------------------------

૧. માયા, મિથ્યાત્વ, નિદાન - આ ત્રણ શલ્ય છે.

૨. રાગ અને દ્વેષ દોષ છે.

ત્યાં સુધી ચારે ગતિઓમાં ભ્રમણ થાય છે. આત્માનું ધ્યાન જ આનાથી મુક્તિનો એક માત્ર ઉપાય છે.

ઘણાં લોકો કહે છે કે પંચમકાળમાં ધ્યાન હોતું નથી એવું કહેવાવાળાં લોકો ઇન્દ્રિયસુખોમાં આસક્ત છે, સમ્યગ્જ્ઞાન રહિત છે, અજ્ઞાની છે; કારણ કે આ પંચમ કાળમાં પણ ધર્મધ્યાનને કહેવામાં આવ્યું છે. તેઓ તો મુનિનો વેષ ધારણ કરી પાપ કરે છે.[૧] મોક્ષમાર્ગને ત્યાગીને પાંચ પ્રકારનાં વસ્ત્રોમાં[૨] આસક્ત છે, પરિગ્રહધારી છે, યાચનાશીલ છે અને સદોષ વ્યવહાર કરે છે; તેથી સંસારમાં જ રહે છે. વાસ્તવિક મુનિ તો તે છે જે પરિગ્રહ, મોહ અને પાપારંભ રહિત છે, નિર્ગ્રંથ છે, બાવીસ પ્રકારનાં પરિષહોને સહન કરે છે. ક્રોધાદિ કષાયોને જીતે છે અને ગૃહસ્થને કરવા યોગ્ય આરંભાદિ કાર્યોમાં પ્રવર્તતા નથી, પરંતુ આત્મામાં આત્મા માટે જ પ્રવર્તન કરે છે.

આ પ્રકારે જે યોગી આત્માનું ધ્યાન કરે છે, તે શીઘ્ર જ પાપોનો નાશ કરી મુક્તિ પ્રાપ્ત કરે છે.

આ પ્રકારે મુનિધર્મનું વર્ણન કર્યા બાદ શ્રાવકધર્મનું વર્ણન કરતાં આચાર્ય કહે છે કે શ્રાવકોએ પહેલાં નિરતિચાર નિશ્ચળ સમ્યકત્વને ગ્રહણ કરી તેનું ધ્યાન કરવું જોઈએ; કારણ કે જે દર્શનથી શુદ્ધ છે, તે જ શુદ્ધ છે. અતીતમાં (ભૂતકાળ) જે સિદ્ધ થયા અને અનાગત (ભવિષ્ય) કાળમાં જે સિદ્ધ થશે, તે સમ્યકત્વનાં કારણે જ થયા છે અને થશે.

---

૧. મોક્ષપાહુડ, ગાથા ૭૮

૨. અંડજ, કર્પાસજ, વલ્કલ, ચર્મજ, રોમજ.

જે હિંસા રહિત ધર્મ, અઢાર દોષ રહિત દેવ, નિર્ગ્રંથ પ્રવચન અને ગુરુમાં શ્રદ્ધાન કરે છે, તેને સમ્યકત્વ થાય છે.[૧] જે કુત્સિત દેવ-ગુરુ-ધર્મને લજ્જા, ગારવ અથવા ભયથી પણ વંદન કરે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

સંક્ષેપમાં કહીએ તો જે સાચા દેવ દ્વારા કહેલાં ધર્મનું પાલન કરે છે, તે સમ્યગ્દ્રષ્ટિ છે અને જે સાચા ધર્મનું પાલન નથી કરતાં, તે મિથ્યાદ્રષ્ટિ છે.[૨] મિથ્યાદ્રષ્ટિ જીવ જન્મ - જરા - મરણથી યુક્ત દુ:ખમય સંસારમાં ભ્રમણ કરે છે; માટે મિથ્યાત્વને છોડી સમ્યકત્વને ગ્રહણ કરવું જોઈએ.

જીવ જ્યાં સુધી મિથ્યાત્વને નથી છોડતો, ત્યાં સુધી બાહ્યમાં નિર્ગ્રંથ પણ થઈ જાય, તપશ્ચરણ કરે, શાસ્ત્રોનું અધ્યયન કરે, તો પણ નિષ્ફળ જ છે, કારણ કે આત્મસ્વભાવથી વિપરીત છે.

જે સાધુ સંસાર, વિષય-ભોગ અને પરદ્રવ્યોથી પરાઙ્મુખ થઈ હેય-ઉપાદેય તત્વોનો નિશ્ચય કરી નિજાત્મસ્વભાવને ઉપાદેય માની, તેનું ધ્યાન કરે તો તે શીઘ્ર જ અતીન્દ્રિય, અવિનાશી સુખને પ્રાપ્ત કરે છે. પંચપરમેષ્ઠી પણ આત્મામાં જ રત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પણ આત્માની જ અવસ્થાઓ છે, માટે એક આત્મા જ શરણ છે, કારણ કે તેનાથી પરમપદની પ્રાપ્તિ થાય છે.

(૭) લિંગ પાહુડ :-

બાવીસ ગાથાઓમાં નિબદ્ધ આ પાહુડમાં શ્રમણચર્યામાં સમાગત વિકૃતિઓ પર પ્રકાશ નાંખવામાં આવ્યો છે, અને તેનાથી બચવાની પ્રેરણા આપવામાં આવી છે.

---

1. આ વ્યવહારનયની અપેક્ષા છે, નિશ્ચયનયની અપેક્ષાનું પહેલાં વર્ણન કરવામાં આવ્યું છે.

2. મોક્ષપાહુડ, ગાથા ૯૪

આચાર્યદેવ કહે છે કે ધર્માત્માને નગ્ન વેષ તો હોય છે; પરંતુ નગ્ન વેષ ધારણ કરી લેવા માત્રથી કોઈ ધર્માત્મા નથી બની જતાં ધર્મસહિત લિંગ ધારણ કરવાથી જ સિદ્ધિ થાય છે, માત્ર લિંગ ધારણ કરવાથી નહીં.

જે વ્યક્તિ મુનિવેષ તો ધારણ કરે છે, પરંતુ મોહવશ ગાય છે, વગાડે છે, નાચવામાં પ્રવૃત્ત થાય છે, ગર્વિત થાય છે, અબ્રહ્મનું સેવન કરે છે, પરિગ્રહ વધારે છે, વિવાહાદિ કાર્ય કરાવે છે, ઈર્ષ્યા કરે છે, આહારાદિ માટે દોડે છે, ભોજનમાં આસક્ત થાય છે, દાન લે છે, નિંદા કરે છે, ઇર્યાસમિતિપૂર્વક નથી ચાલતાં, સ્ત્રીઓમાં અનુરાગ કરે છે, તે સર્વ ભ્રષ્ટ છે. જે મુનિ વ્યભિચારી સ્ત્રીને ત્યાં ભોજન કરે છે, તેમની પ્રશંસા કરે છે, તે મુનિ તો શું, મનુષ્ય પણ નથી; પશુતુલ્ય છે. તે બધાં પોતાનાં ભવ બગાડવાવાળાં નરકાદિને પાત્ર છે.

આવાં વેષધારી મુનિ જો વધારે શાસ્ત્રોનાં જ્ઞાતા પણ હોય, સાચાં ભાવલિંગી મુનિઓ સાથે પણ રહે, તો પણ ભાવથી ભ્રષ્ટ જ છે; વાસ્તવિક મુનિ નથી. સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રથી ભ્રષ્ટ હોવાથી તેઓ મુક્તિને પાત્ર નથી.

આ વાતને જેઓ સારી રીતે સમજીને વાસ્તવિક ધર્મને સાધે છે, યત્નપૂર્વક ધારણ કરે છે, તેઓ ઉત્તમ સ્થાન (મુક્તિ)ને પ્રાપ્ત કરે છે.

(૮) શીલ પાહુડ :-

ચાલીસ ગાથાઓમાં નિબદ્ધ આ પાહુડમાં શીલની મહિમાનું વિશેષ વર્ણન છે.

શીલ સ્વભાવને કહેવાય છે. આત્માનો સ્વભાવ જ્ઞાનદર્શનમયી ચેતનાસ્વરૂપ છે. આ આત્મા અનાદિ કર્મના સંયોગ વડે વિભાવરૂપ પરિણમે

છે, મિથ્યાત્વ, રાગ, દ્વેષરૂપ પરિણામ કરે છે. આ પરિણમન કુશીલ[૧] છે. આનો અભાવ થવાથી સમ્યગ્દર્શનરૂપ ભાવથી જ્ઞાન પણ સમ્યક્ થાય છે અને પદ અનુસાર જેટલાં અંશમાં રાગ-દ્વેષ ઘટે છે, તેટલાં અંશમાં ચારિત્ર થાય છે. તે જ્ઞાન અને ચારિત્રનું સમ્યક્ પરિણમન જ સુશીલ છે.

જીવ જ્યાં સુધી વિષયોમાં પ્રવર્તે છે, ત્યાંસુધી જ્ઞાનસ્વભાવી આત્માને જાણતો નથી; માટે વિષયોનો ત્યાગ જ સુશીલ છે. જ્યારે જીવ જ્ઞાનસ્વભાવી આત્માને જાણીને વિષયોથી વિરક્ત થાય છે, ત્યારે કર્મોનો નાશ થાય છે, જ્ઞાનસ્વભાવી આત્માને ન જાણે, પણ વિષયોથી વિરક્ત હોય, તો પણ કર્મોનો નાશ નથી થતો, અથવા જ્ઞાનસ્વભાવી આત્માને જાણે અને વિષયોથી વિરક્ત ન હોય તો પણ કર્મોનો નાશ નથી થતો.

જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે, પરંતુ તે મિથ્યાત્વ અને વિષયો (અસંયમ)થી મલિન છે; માટે જ્ઞાનને જાણી, વિષયોથી વિરક્ત થઈ જ્ઞાનની ભાવના કરે, એકાગ્રતાથી ધ્યાન કરે તો કર્મોનો નાશ થાય છે અને અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરી મુક્ત થઈ શુદ્ધાત્મા થાય છે.

જે ઘણાં શાસ્ત્રોને જાણે છે પરંતુ કુમત અને કુશાસ્ત્રની પ્રશંસા કરે છે અને વિષયોમાં જ આસક્ત છે; તેઓ શીલ અને જ્ઞાનરહિત છે. જેઓ લોકની બધી સામગ્રીમાં ન્યૂન (ઓછું) છે; પરંતુ જેમનો સ્વભાવ ઉત્તમ છે અને જે વિષય - કષાયોમાં આસક્ત નથી; તેઓ શીલ ગુણથી મંડિત છે અને તેમનું જ જીવન સફળ છે.

---

૧. જ્ઞાનમાં શીલ ન આવે તો ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થાય છે, જ્ઞાનને ઇંદ્રિયનાં વિષયો નષ્ટ કરે છે, જ્ઞાન ને અજ્ઞાન કરે છે, ત્યારે તે કુશીલ નામ પામે છે.

જીવદયા, ઇંદ્રિયોનું દમન, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, સમ્યગ્દર્શન, જ્ઞાન, તપ – બધાં શીલનાં પરિવાર છે.[૧]

શીલ જ વિશુદ્ધ નિર્મળ તપ છે, શીલ જ દર્શનની શુદ્ધતા છે, શીલ જ જ્ઞાનની શુદ્ધતા છે, શીલ જ વિષયોનો શત્રુ છે અને શીલ જ મોક્ષની સીડી છે.

વિષયસેવનરૂપી વિષ સમસ્ત વિષોમાં તીવ્ર– સર્વાધિક હાનિકારક છે; કારણ કે વિષની વેદનાથી નષ્ટ જીવ તો એક જન્મમાં જ મરે છે, પરંતુ વિષયરૂપી વિષથી નષ્ટ જીવ વારંવાર સંસારરૂપી વનમાં ભ્રમણ કરે છે.

આ વિષયોને છોડવાથી કંઈ પણ નુકસાન નથી. જેમ ફોતરાંને ઉડાડવાથી (ઝાટકવાથી) મનુષ્યનું કોઈ દ્રવ્ય નાશ નથી પામતું, તેમજ તપસ્વી અને શીલવાન પુરુષો વિષયોને ફોતરાંની જેમ દૂર દે છે.

વિષયોમાં રંગરાગ કરી પોતે જ કર્મની ગાંઠ બાંધી છે, તેમને ઉત્તમ પુરુષ તપ - સંયમ – શીલ દ્વારા છેદે છે, ખોલે છે.

જેમ સમુદ્ર રત્નોથી ભરેલો છે તો પણ જળ સહિત શોભા પામે છે, તેવી જ રીતે આ આત્મા તપ, વિનય, શીલ, દાન વગેરે રત્નોથી શીલસહિત શોભા પામે છે.

આ પ્રકારે અનેક ગાથાઓમાં અનેક ઉદાહરણો આપતાં એ જ સિદ્ધ કર્યું છે કે શીલથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે અને કુશીલથી તીવ્ર દુ:ખોની પ્રાપ્તિ થાય છે. શીલથી તીવ્ર દુ:ખ પણ સમાપ્ત થઈ જાય છે અને સમય જતાં સુખની પ્રાપ્તિ થાય છે.

---------------------------------------------------------------------------

1. શીલપાહુડ, ગાથા 19

લોકમાં પણ શીલસહિત વ્યક્તિની પ્રશંસા થાય છે; તેથી શીલને જ અંગીકાર કરવું જોઈએ; કારણ કે શીલ વગર જ્ઞાન પણ અજ્ઞાન નામ પામે છે અને શીલ સહિત જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન નામ પામે છે, જેનાથી સંસારની નિવૃત્તિ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આમ આપણે જોયું કે જિન-અધ્યાત્મનાં પ્રતિષ્ઠાપક ગ્રંથાધિરાજ 'સમયસાર' આચાર્ય કુંદકુંદની સર્વશ્રેષ્ઠ રચના છે, જે વિગત બે હજાર વર્ષોથી જૈન સંતોનું માર્ગદર્શન કરતી આવી છે. એમાં શુદ્ધનયથી નવ તત્વાર્થોનું પ્રતિપાદન છે. એને આપણે જૈનદર્શનની 'ગીતા' કહી શકીએ છીએ.

'પ્રવચનસાર' કુંદકુંદની બીજી પ્રૌઢતમ રચના છે, જેમાં વસ્તુના મૂળસ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને જે દાર્શનિકોના અધ્યયનની મૂલવસ્તુ છે. એમ જૈનદર્શનમાં પ્રતિપાદિત વસ્તુસ્વરૂપનું સશક્ત પ્રતિપાદન છે.

'પંચાસ્તિકાયસંગ્રહ' આચાર્ય કુંદકુંદની સરળતમ કૃતિ છે, જે સાધારણ જનને જૈનતત્વજ્ઞાન કરાવવા માટે અત્યંત ઉપયોગી છે. એમાં સરળ, અને સુબોધ ભાષામાં ષટ્દ્રવ્ય, પંચાસ્તિકાય, નવપદાર્થો અને રત્નત્રયરૂપ મુક્તિમાર્ગનું પ્રતિપાદન છે.

'નિયમસાર' આચાર્ય કુંદકુંદની ભાવનાપ્રધાન રચના છે, તે તેમણે પોતાનાં પ્રતિદિનનાં સ્વાધ્યાય માટે - પાઠ માટે બનાવી હતી. આ પરમ અધ્યાત્મથી રસથી ભરેલી કૃતિ છે. આમાંની એક - એક ગાથા જગતના પ્રપંચોથી દૂર કરી આત્મહિત કરવાની પ્રેરણા આપે છે.

'અષ્ટપાહુડ' આચાર્ય કુંદકુંદની પ્રશાસનિક કૃતિ આચાર સંહિતા છે.

એમાં તેઓ શિથિલાચાર વિરુદ્ધ એકદમ કઠોર પ્રશાસકનાં રૂપમાં ઉપસ્થિત થયાં છે, આજે પણ જ્યારે સાધુઓમાં વ્યાપ્ત શિથિલાચારની આલોચના જ્યારે પણ થાય છે, ત્યારે આ ગ્રંથની ગાથાઓનું અવલંબન લેવામાં આવે છે.

આમ આચાર્ય કુંદકુંદની કૃતિઓમાં ઘણો બધો સમાવેશ થઈ ગયો છે. એમાં અધ્યાત્મ છે, દર્શન છે, સિદ્ધાંત છે, આચાર છે, વ્યવહાર છે, બધું જ છે.

:::::::::::: સમાપ્ત : :::::::::

અષ્ટપાહુડ બૂક : જિનલબેન : તા. 22-05-2021

6th પ્રૂફ કોંપલિત